Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401
વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ જાન્યુઆરી, ૨૦૨૫
Published on - 01 January, 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel

SAAR DEVELOPERS
Presents

VPL 3
VISHV UMIYA FOUNDATION PREMIER LEAGUE

YUVA SANGATHAN

VUF યુવા સંગઠન દ્વારા આયોજીત

## વિશ્વની સૌથી મોટી
## સોશિયલ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ



## ફાઈનલ મેચ દુબઈમાં

વિજેતા ટીમને
5 Lakh
ઈનામ

એક સાથે ૫ ઝોનમાં : અમદાવાદ | બરોડા | સુરત | રાજકોટ | હિંમતનગર

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 | hello@mayflowerhospital.com | +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

ઉમાસૃષ્ટિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ
આસ્થા, એકતા અને શક્તિનું ધામ એક વૈશ્વિક વિચારધારા

**જાન્યુઆરી ૦૧, ૨૦૨૫**
**વર્ષ :** ૦૩, **અંક : ૨૧**
**સળંગ અંક : ૩૨**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**January 01, 2025**
**Year :** 03, **Ank :** 21
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**





પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ — પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai — Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:**
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

**Editor Board :**
Dr. Harshad Patel
Dr. Ashok Patel
Dr. Utpal Patel
Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia
**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati
**ફોટોગ્રાફી :** સદ્‌વિદ્યા ટી.વી. ચેનલ
**Photography :** Sadvidhya TV Channel

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર
**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧
**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | ટેલિવિઝન દૂષણ અને ભૂષણ (તંત્રી લેખ) | પ્રો. ડો. જે. એમ. પનારા | ૦૫ |
| ૨. | સનાતની જાગૃતિની જ્યોતને પ્રજ્જવલિત કરનાર જ્યોતિર્ધરો | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | વિશ્વની સૌથી મોટી સોશિયલ ક્રિકેટ ટુર્નામેન્ટ VPL - 3 | ધવલ માકડીયા | ૦૮ |
| ૪. | દુઃખ માણવાની કળા | શ્રી ભાણદેવજી | ૧૦ |
| ૫. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્‌લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૧૨ |
| ૬. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૧૩ |
| ૭. | ધર્મ એટલે પ્રસન્નતાનો પારાવાર | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૧૪ |
| ૮. | દામ્પત્ય જીવનનું વૈદિક મેનેજમેન્ટ | પ્રા. ડો. હર્ષદેવ માધવ | ૧૬ |
| ૯. | ભગવદ્ ગીતાનો શાશ્વત ઉપદેશ | ડો. અમૃત કાંજિયા | ૧૭ |
| ૧૦. | બાળ કેળવણી | ગુલાબભાઈ જાની | ૧૯ |
| ૧૧. | આપણે અને આપણું બાળક | જયંતીલાલ વાછાણી | ૨૧ |
| ૧૨. | યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ | પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ | ૨૨ |
| ૧૩. | ભણતર ખરું, પણ કેવું ? | જિતેન્દ્રકુમાર બી. જોટાસણા | ૨૪ |
| ૧૪. | બાળકને આટલાં ઝેરથી બચાવવા આપણી ફરજ | નવીન વી. વાછાણી | ૨૬ |
| ૧૫. | સ્ત્રી નવી સંસ્કૃતિની જનમદાતા હશે | પ્રાગજીભાઈ પટેલ | ૨૭ |
| ૧૬. | દીકરી તો પારકી થાપણ કહેવાય | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૯ |
| ૧૭. | વ્યસન : વિનાશનો રાજમાર્ગ | અમૃતલાલ હિંગરાજીયા | ૩૧ |
| ૧૮. | તેજી મંદી જીવનમાં પણ હોય છે ! | પ્રફુલ્લ કાનાબાર | ૩૩ |
| ૧૯. | આજની ઘડી તે રળિયામણી | તુલસીભાઈ પટેલ | ૩૪ |
| ૨૦. | માનવ હોવું એટલે ? | નટવર આહલપરા | ૩૫ |
| ૨૧. | મહાદેવની વિશ્વ વિખ્યાત પ્રાચીન ગુફાઓની યાત્રા | પ્રા.ડો. યશવંત કે ગોસ્વામી | ૩૮ |
| ૨૨. | ભારત વર્ષ | સ્વામી વિવેકાનંદ | ૪૧ |
| ૨૩. | પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓની સમજ અને સારવાર | ડો. બોની શાહ | ૪૩ |
| ૨૪. | લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ.પટેલ-IAS Retd. | ૪૪ |
| ૨૫. | આવું થાય... કાચબાભાઈ | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૬ |
| ૨૬. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૭ |
| ૨૭. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૫૦ |


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

# તંત્રીલેખ



**પ્રો. ડો. જે. એમ. પનારા**




# ટેલિવિઝન દૂષણ અને ભૂષણ

વીસમી સદી અવનવી વૈજ્ઞાનિક શોધોની સદી બની રહી છે. આ સદીમાં થયેલી અનેક વૈજ્ઞાનિક શોધોને લીધે માનવ જીવનના તમામ ક્ષેત્રોમા ક્રાંતિકારી પરિવર્તન થયું છે. એને લીધે માનવીનું જીવન વધુ સુવિધાયુક્ત અને આનંદદાયક બન્યું છે. આપણ રોજિંદા જીવન સાથે વણાઈ ગયેલું ટેલિવિઝન એ વીસમી સદીની એક અદ્‌ભૂત ભેટ છે. આ શોધથી માનવ જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું છે. અમેરિકામાં ઈ.સ. ૧૯૨૬ માં બી. બાયર્ડે ટેલિવિઝનની શોધ કરી હતી. શરૂઆતમાં બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. શરૂ થયા પછી તેમાં અનેક પ્રકારના સુધારા - વધારા થતા આજે રંગીન ટી.વી. અસ્તિત્વમાં આવ્યા છે. સેટેલાઈટનાં કારણે વિશ્વના લગભગ તમામ દેશોમાં ટેલિવિઝનના કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બન્યું છે. આપણા દેશમાં ૧૯૮૪ થી ટીવીનો પ્રારંભ થયો હતો. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૯ ના રોજ ભારતમાં દૂરદર્શનની સ્થાપના થઈ હતી.

ટી.વી. મનોરંજનનું શ્રેષ્ઠ અને સસ્તુ સાધન સાબિત થયું છે. દેશ - વિદેશના તાજા સમાચાર અને લાઈવ મેચ આપણે ટી.વી. પર જોઈ શકીએ છીએ. સંગીત, નાટક, નૃત્ય, કવિતા, ફિલ્મો વગેરેનો આસ્વાદ માણી શકીએ છીએ. દુનિયામાં થતી અવનવી વૈજ્ઞાનિક શોધોથી માહિતગાર થઈ શકીએ છીએ. ટી.વી. પર અને સામાજિક અનેક ધાર્મિક શ્રેણીઓ બતાવવામાં આવે છે. 'મહાભારત', 'રામાયણ', 'સિંહાસન બત્રીસી', ' વિક્રમ વેતાળ', 'શ્રીકૃષ્ણ', 'જય હનુમાન', 'દેવોં કે દેવ મહાદેવ' જેવી અનેક શ્રેણીઓ સમાજ ઘડતરનું કામ પણ કરે છે.

ટી.વી. પર બતાવવામાં આવતાં ચલચિત્રો આપણે ઘરમાં બેઠાં - બેઠાં સહકુટુંબ જોઈએ છીએ તેથી સમય અને નાણાંનો બચાવ થાય છે. ક્રિકેટ, ફૂટબોલ કે હૉકી જેવી રમતો જોવા માટે હવે સ્ટેડિયમ સુધી જવાની જરૂર પડતી નથી. ટી.વી.ના યુવા પ્રતિભાશોધ કાર્યક્રમો દ્વારા યુવાનોને તેમનું વ્યક્તિત્વ ખીલવવાની તક મળે છે. ડિસ્કવરી જેવી ચેનલથી આપણને દુનિયાભરની વિશિષ્ટ માહિતી મળી રહે છે. ચિત્રહાર અને ચિત્રમાલા જેવી શ્રેણીઓથી આપણને ફિલ્મી સંગીત માણવા મળે છે. બાળકો માટેના પણ અનેક કાર્યક્રમો રજૂ થાય છે, તેથી બાળકોને જ્ઞાન અને ગમ્મત મળે છે. ટી.વી.માં આવતી વરસાદ, વાવાઝોડું, ભૂકંપ વગેરેની આગાહીથી આગમચેતીના પગલાં લઈ શકાય છે. આમ ટી.વી. મનોરંજન સાથે માહિતી અને જ્ઞાન આપતું તેમજ સમાજસેવા કરતું એક ઉત્તમ સાધન છે.

સ્માર્ટ ટી.વી. હવે તો આપણા મોબાઈલ સાથે કનેક્ટ થતાં આજે મનોરંજન માધ્યમના નવા દ્વારા ખૂલ્યા છે. આજે તો શિક્ષણમાં પણ દશ્ય-શ્રાવ્ય સાધનોનું ઘણું મહત્ત્વ જોવા મળે છે. બાળકોને ચિત્ર કે દશ્ય જોઈને ૯૦ ટકાથી વધુ યાદ રહી જતું હોય છે. આજે ટી.વી. ચેનલોનો પણ રાફડો ફાટ્યો છે. જનરલ નોલેજ અને બાળકોની કાર્ટૂન ચેનલો સારી આવે છે.

આ રીતે ટી.વી.ના અનેક ફાયદા હોવા છતાં તેના કેટલાંક ગેરલાભો પણ છે. ટી.વી.ની સીધી અસર બાળકોના અભ્યાસ પર થાય છે. કેટલાંક બાળકો ટી.વી.ના કાર્યક્રમો જોતાં - જોતાં પોતાનું લેશન કરે છે કે ભોજન લે છે, તેથી તેઓ અભ્યાસમાં એકાગ્ર થઈ શકતાં નથી. સતત ટી.વી. જોવાથી બાળકોની આંખો પણ નબળી થઈ જાય છે. લાંબો સમય ટી.વી. જોવાથી આંખોને શ્રમ પહોંચે છે અને હાનિ થાય છે. ટી.વી.ના પડદાથી આપણી આંખની વચ્ચે ચોક્કસ અંતર રાખવું જોઈએ. રંગીન ટી.વી.માંથી વધુ પ્રમાણમાં 'ક્ષ' કિરણો નીકળે છે, જે વધુ સમય નજીક બેસીને જોવાથી નુકસાન કરી શકે છે. ટી.વી. પર આવતાં હિંસક દશ્યો, જાહેરાતો, અંગ પ્રદર્શન કરતાં દશ્યોની યુવા અને બાળમાનસ પર વિપરીત અસર થાય છે. આથી જ ટી.વી.ને Idiot Box અને Time Waster પણ કહેવામાં આવે છે. ટી.વી. સામે વધુ સમય બેસવાથી આંખોની સમસ્યાઓ ઉપરાંત સ્થૂળતા અને પગ તથા પીઠના દુ:ખાવા પણ થાય છે. મિત્રો તથા પરિવાર સભ્યો સાથેનો સંવાદ ઘટાડે છે. વ્યક્તિના મોંઘા સમયની બરબાદી થાય છે. બાળક આખો દિવસ ટી.વી.માં રચ્યુ-પચ્યુ રહે તો અભ્યાસ પર માઠી અસર થાય છે.

ટી.વી. એક સારો સેવક પણ છે અને ખરાબ માલિક પણ છે. જો તેનો યોગ્ય અને પ્રમાણભાન સાથે ઉપયોગ કરીએ તો તે લાભકારી સાબિત થાય છે. તેમાં આવતી શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક સામગ્રી જોવામાં જો ધ્યાન આપીએ તો ટી.વી. આપણા માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. તેથી ટી.વી.નો સમતોલ અને સમજદારીપૂર્વક ઉપયોગ જરૂરી છે. ટી.વી.ના કેટલાક ગેરલાભો હોવા છતા આજે તે એક અનિવાર્ય સાધન બની ગયું છે. ટી.વી.નો સમજણપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તે ભૂષણ છે, પરંતુ તેનો વિવેક વગરનો ઉપયોગ દૂષણ પણ પુરવાર થઈ શકે છે.

**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રી

## પ્રમુખશ્રીની કલમે

# સનાતની જ્યોતને પ્રજ્જવલિત કરનાર જ્યોતિર્ધરોની ઝલક...



મિત્રો, નમસ્કાર !

સનાતન અનંત કાળથી છે અને અનંત સુધી રહેવાનો છે. જીવન જીવવાની પદ્ધતિ સનાતન ધર્મમાંથી આપણને શીખવા મળે છે. સનાતન ધર્મને જીવંત રાખવામાં ભારતના અનેક યોદ્ધાઓએ પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા છે. મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજીના પૂર્વજો તેમજ વંશજો, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, રાણી દુર્ગાવતી, અહલ્યાબાઈ હોલકર જેવી અનેક વીરાંગનાઓએ પોતાના પ્રાણની આહુતિ આપીને પણ સનાતન ધર્મને જીવંત રાખવામાં સફળ રહ્યાં છે. આ ઉપરાંત...

સનાતન વૈદિક ધર્મના પ્રચાર અને પ્રસાર માટે અનેક સંતો, મહાત્માઓએ પોતાના જીવન સમર્પિત કર્યા છે. વિવિધ માધ્યમો દ્વારા સનાતનનો પ્રચાર અને પ્રસાર કર્યો છે. આ તમામના જીવનકાર્ય વિશે લખીએ તો એક મહાગ્રંથ તૈયાર થાય, પરંતુ અહીં કેટલાંક નામો પર સંક્ષેપમાં દૃષ્ટિપાત કરીએ.

**પ્રાચીનકાળના જ્યોતિર્ધરો :**

મહર્ષિ વેદવ્યાસ : મહાભારત તથા અન્ય પુરાણોના સર્જક. આદિશંકરાચાર્ય : અદ્વૈત સિદ્ધાંતના પ્રચારક અને ભારતની સાંસ્કૃતિક એકતા માટે ચાર મઠના સ્થાપક. મહાપ્રભુ વલ્લભાચાર્યજી : પુષ્ટિમાર્ગના સ્થાપક, ધર્મના પ્રચાર-પ્રસાર માટે સમગ્ર દેશમાં પૈદલ પરિભ્રમણ કરી વૈષ્ણવ ભક્તિની જ્યોત જલાવી. રામાનુજાચાર્ય : વિષ્ણુ ભક્તિ અને વિશિષ્ટાદ્વૈત તત્ત્વના પ્રચારક.

**આધુનિક કાળના જ્યોતિર્ધરો :**

સ્વામી વિવેકાનંદ : રામકૃષ્ણ મિશનના સ્થાપક અને સનાતન ધર્મના વૈશ્વિક પ્રચારક. શિકાગો ખાતે વિશ્વધર્મ પરિષદમાં પ્રવચન આપી હિન્દુ ધર્મનો ધ્વજ લહેરાવ્યો. ભારતીય સંસ્કૃતિ અને સનાતનના મૂલ્યોને સમગ્ર વિશ્વમાં ઉજાગર કર્યા.

**વર્તમાન કાળના જ્યોતિર્ધરો :**

વર્તમાન સમયમાં સનાતન હિંદુ ધર્મના પ્રચાર - પ્રસાર માટે અનેક સંતો, કથાકારો અને તત્ત્વચિંતકો કાર્યરત છે. જેમાંથી કેટલાંક પ્રખ્યાત પ્રચારકોની સૂચિ નીચે પ્રમાણે છે :-

પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી (૧૯૨૦-૨૦૦૩) : દાદાના હુલામણા નામથી પ્રસિદ્ધ પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી પ્રખ્યાત ધાર્મિક, ચિંતક, વક્તા અને સ્વાધ્યાય પરિવારના સ્થાપક છે. તેમણે જીવનભર ભગવદ્ગીતા, ઉપનિષદો અને વેદોના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો અને લાખો સ્વાધ્યાયીઓને તૈયાર કર્યા.

સ્વામી અવધેશાનંદ ગિરિ : જુના પીઠાધીશ્વર અને પરમહંસ સ્વામી અવધેશાનંદ ગિરિ હિન્દુ ધર્મના પ્રખ્યાત પ્રચારક છે. તેમણે ધર્મ અને સંસ્કૃતિના પ્રચાર માટે અનેક પ્રવચનો અને કાર્યક્રમો યોજ્યા છે.

સ્વામી ચિન્મયાનંદ : ચિન્મય મિશનના સ્થાપક સ્વામી ચિન્મયાનંદે હિન્દુ ધર્મના તત્ત્વજ્ઞાન અને વેદાંતના પ્રચારમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે પ્રવચનો અને પોતાના પુસ્તકો દ્વારા ધર્મના મૂલ્યોનો પ્રચાર કર્યો છે.

સ્વામી મુક્તાનંદ : સિદ્ધયોગ પરંપરાના પ્રચારક સ્વામી મુક્તાનંદે આધ્યાત્મિકતા અને ધ્યાનના પ્રચારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે વિશ્વભરમાં હિંદુધર્મના સિદ્ધાંતોનું પ્રસાર કાર્ય કર્યું છે.

મહામંડલેશ્વર સ્વામી અવિચલાનંદ : તેઓ અધ્યાત્મ અને ધર્મમાં પ્રચારક છે.

રમેશભાઈ ઓઝા : જેમને પૂજ્ય ભાઈશ્રી તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિના મહાન પ્રચારક અને પ્રખ્યાત શ્રીમદ્ ભાગવત કથાકાર છે. શાસ્ત્રીય ગ્રંથો અને આધ્યાત્મિક જીવનના મર્મ જનમાનસ સુધી પહોંચાડવા માટે પ્રખ્યાત છે. તેઓ રામાયણ અને ભગવદ્ ગીતાના પણ ગહન અભ્યાસી છે. ભાગવતના સંદેશને આધુનિક જીવન સાથે જોડી શ્રોતાઓને પ્રેરિત કરે છે.

સાધ્વી ઋતંભરા દેવી : રામાયણ અને ભાગવતનાં પ્રસંગો દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન આપે છે. તેમના પ્રવચનોમાં ભક્તિ, સનાતન સંસ્કૃતિ અને રાષ્ટ્ર પ્રેમનો સંદેશ હોય છે. તેઓ મહિલા સશક્તિકરણ માટે પણ કાર્યરત છે.

આ ઉપરાંત પણ અન્ય ઘણા સંતો, મહંતો, શંકરાચાર્યો, ધર્મચિંતકો, સનાતન સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે યોગદાન આપી રહ્યાં છે તે તમામને આપણે વંદન સાથે તેમના શ્રીચરણોમાં આપણો પૂજ્યભાવ સમર્પિત કરીએ છીએ.

**વિશ્વ ઉમિયાધામ ખાતે પધારેલ સનાતન ધર્મના જ્યોતિર્ધરો :** આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના અભિયાન એ વિશ્વ ઉમિયાધામનો મૂળ મંત્ર છે. આજની યુવા પેઢીમાં આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતનાને જગાવવા તેમજ સંગઠિત સનાતન શક્તિના સ્વરૂપને ઉર્જામય બનાવવા માટે સનાતન ધર્મના જ્યોતિર્ધરાએ અવાર-નવાર સંસ્થામાં પધારી સમાજને મૂલ્યવાન સંદેશ આપ્યો છે. સંસ્થા સાથે જોડાય ચૂકેલ આ ધર્મ પ્રચારકો વિશે થોડું જાણીએ.

સદ્‌ગુરૂ જગ્ગી વાસુદેવ : તેઓ ઇશા ફાઉન્ડેશનના સ્થાપક, આધ્યાત્મિક વક્તા અને સ્વ-જાગૃતિના પ્રચારક છે. તેમણે હિન્દુ ધર્મના તત્વજ્ઞાનને આધુનિક સંદર્ભમાં સમજાવવા માટે દેશ-વિદેશમાં વિવિધ પ્રવચનો અને કાર્યક્રમો યોજ્યા છે.

શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ : તેઓ ભારતના જાણીતા વક્તા, લેખક અને રાષ્ટ્રીય મુદ્દાઓના વિશ્લેષક છે. તેમણે દેશભક્તિ, રાષ્ટ્રીય સુરક્ષા અને હિંદુ સંસ્કૃતિના પ્રચારમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેઓ રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરવા માટે સમગ્ર દેશમાં નિરંતર પરિભ્રમણ કરે છે. પ્રવચનોમાં તેઓ દેશ સામેના આંતરિક પડકારો અને દેશની સંસ્કૃતિ અંગે જાગૃતિ લાવે છે. રાષ્ટ્રીય મુદ્દાઓ પર તેઓ તીવ્ર અને સ્પષ્ટ અભિપ્રાય પ્રદાન કરે છે.

શ્રી અશ્વિની ઉપાધ્યાય : સનાતન ધર્મની જ્યોતને જીવંત રાખવા માટે કાયદાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને જે જે કાયદાઓ હાનિકારક છે તેવા કાયદાઓ તેમજ જે કાયદાઓ કોઈ ચોક્કસ ધર્મના લોકોની તરફેણ કરે છે તેવા કાયદાઓ પ્રત્યે લોકો જાગ્રત થાય તે માટેની સામાજિક ઝુંબેશ દ્વારા તેમજ કાયદાકીય લડત આપીને અદ્વિતીય કાર્ય કરી રહેલ છે.

શ્રી શ્રી રવિશંકર : તેઓ વિશ્વપ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરૂ અને આર્ટ ઓફ લીવીંગ ફાઉન્ડેશનના સ્થાપક છે. આ સંગઠન ૧૮૦ દેશોમાં કાર્યરત છે. તેઓ ભારતના સાંસ્કૃતિક મૂલ્યો-શાંતિ, સુખ અને આંતરિક સમતોલન માટે માર્ગદર્શન આપે છે. તેઓ આધ્યાત્મિકતા, યોગ, ધ્યાન અને માનવતાની સેવા કરી જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે છે.

સ્વામી રામદેવ : યોગ અને આયુર્વેદના પ્રચારક સ્વામી રામદેવે હિંદુ ધર્મના પ્રચારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે પતંજલિ યોગપીઠની સ્થાપના કરીને વિશ્વભરમાં યોગ અને આયુર્વેદના પ્રચારનું કાર્ય કર્યુ છે.

પ.પૂ. જગદગુરૂ શ્રી અવિચલ દેવાચાર્યજી : તેઓ સત્‌કૈવલ સંપ્રદાયના આચાર્ય અને અખિલ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. તેમણે આધ્યાત્મિકતા અને માનવતાની સેવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

પૂ. માધવપ્રિયદાસ સ્વામીજી : તેઓ સ્વામિનારાયણ ગુરૂકુળ (વડતાલ) ના પ્રતિષ્ઠિત સાધુ છે. મીતભાષી અને આધ્યાત્મના ગહન અભ્યાસુ એવા સ્વામી હરહંમેશ સનાતનના મૂલ્યોને ઉજાગર કરવામાં અગ્રેસર રહ્યાં છે.

પૂ. બ્રહ્મવિહારી સ્વામી તેમજ જ્ઞાનવત્સલ સ્વામી : તેઓ સ્વામીનારાયણ સંપ્રદાય (BAPS) ના પ્રતિષ્ઠિત સાધુ છે. તેમના પ્રવચનો પ્રેરણાદાયી હોય છે, જે આધ્યાત્મિકતા અને વ્યક્તિત્વ વિકાસ પર આધારિત છે. જીવનમાં સફળતાના મંત્રો સરળ શબ્દોમાં સમજાવી દુનિયાભરમાં પ્રવચનો આપે છે. હિંદુધર્મમાં મૂલ્યો અને સિદ્ધાંતો પર આધારિત તેમના પ્રવચનો વ્યક્તિને આધ્યાત્મિક અને સંસ્કારી બનાવવામાં મદદ કરે છે.

સાધ્વી શ્રી ગીતા દીદીજી : ગુજરાતના પ્રખ્યાત ધાર્મિક વક્તા અને કથાકાર છે. તેમણે શ્રીમદ્ ભાગવત, દેવી ભાગવત અને અન્ય ધાર્મિક ગ્રંથોની કથાઓ દ્વારા સનાતન ધર્મની જ્યોતને પ્રજ્જવલિત કરી છે. તેઓ નારી શક્તિ અને આધ્યાત્મિકતા પર ભાર મૂકે છે. તેમણે સામાજિક યોગદાન પણ ઘણું આપ્યું છે.

પૂ. રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજી : તેઓ પ્રસિદ્ધ રામાયણ અને ભાગવત કથાકાર છે. સનાતન ધર્મના મર્મને જીવંત રાખવા માટે કથાના માધ્યમથી નિરંતર કાર્યરત છે. નખશીખ પવિત્રતા અને ઉચ્ચ ધાર્મિક વિચારો ધરાવતા પૂ. શાસ્ત્રીજી અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવે છે. અને જગતજનની મા ઉમિયા પ્રત્યે અપાર આસ્થા ધરાવે છે.

શ્રી સુરેશ ચૌહાણજી : સનાતનના પ્રખર અને ચુસ્ત હિન્દુવાદી વ્યક્તિત્વની છાપ ધરાવતાં સુરેશજી ચૌહાણ નીડરતાપૂર્વક સનાતન ધર્મની રક્ષા માટે સુદર્શન ચેનલ ચલાવે છે. આ ચેનલના માધ્યમથી સનાતન અને રાષ્ટ્ર વિરોધી તત્ત્વોને ખુલ્લા પાડીને સમાજમાં જાગૃતિ લાવવાનું અભિયાન ચલાવી રહ્યા છે.

કાજલ હિન્દુસ્તાની : જેમનું મૂળ નામ કાજલ શિંગાળા છે. હિંદુત્વના પ્રખર ભાષણો માટે જાણીતા છે. તેમણે લવજેહાદ, ધર્માન્તરણ અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દાઓ પર મજબૂત અભિપ્રાયો આપ્યા છે. હિંદુ સમાજના હિતો માટે નિરંતર વક્તવ્યો આપે છે.

આ ઉપરાંત સમાજમાં અનેક સાધુ - સંતો - મહંતો - મહામંડલેશ્વરો - શંકારાચાર્યો - મઠાધિપતિઓ સનાતન ધર્મના રક્ષણ માટે જાગ્રત અને આક્રમક છે. તેઓ તેમની આગવી આધ્યાત્મિક તેજાબી વાણીથી દરેક સનાતનીઓના હૃદયમાં સનાતનને જીવંત રાખે છે તેવા તમામ આદરણીય ભારત રત્નોને આ ક્ષણે વંદન કરું છું અને તેમનામાંથી પ્રેરણા લઈને સનાતન ધર્મની રક્ષા માટે જાગ્રત થઈને સનાતનીઓની એકતા માટે સહયોગી બનવા નમ્ર અપીલ કરું છું.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

## કવર સ્ટોરી



**ધવલ માકડીયા**
સહસંપાદક - ઉમાસૃષ્ટિ એવમ્
ચેરમેનશ્રી મીડિયા કમિટી - વિશ્વ ઉમિયાધામ

# વિશ્વની સૌથી મોટી સોશિયલ ક્રિકેટ ટુર્નામેન્ટ - VPL 3

ઉમિયા માત કી જયનો જયઘોષ થયો ને વિશ્વ ઉમિયાધામની યુવા શક્તિએ ઈતિહાસ રચ્યો ! જગતજનની મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ મુકામે ૧૦૦ વીઘા જમીનમાં ૨ હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી વિશ્વની વિશ્વની "નવમી અજાયબી" સમા વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ હાલમાં ચાલુ છે. વિશ્વ ઉમિયાધામ મંદિર આસ્થાનું કેન્દ્ર તો છે પરંતુ તે સામાજિક તેમજ રાષ્ટ્ર ચેતનાનું કેન્દ્ર બને તેવી વિચારધારા સાથે મંદિર નિર્માણ ઉપરાંત શિક્ષણ, રોજગાર, આરોગ્ય, છાત્રાલય, સ્પોર્ટ્સ, કલ્ચરલ, ઉપરાંત બિઝનેસ ડેવલપમેન્ટ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ થકી સામાજિક સશક્તિકરણનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે, ત્યારે...

વિશ્વ ઉમિયાધામની યુવા શક્તિ અર્થાત્ યુવા સંગઠન દ્વારા ગુજરાતભરના યુવાનોને સંગઠીત કરી આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાનમાં જોડવાના ઉમદા હેતુસર નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ ઉમિયાધામ પ્રિમિયર લિગ (VPL-3) નો ૧૪ ડિસેમ્બર ૨૦૨૪ને શનિવારે સાંજે એકી સાથે ૫ શહેરમાં ભવ્ય શુભારંભ થયો છે. જેમાં લગભગ ૧૦ હજારથી વધારે લોકોએ પધાર્યા હતા. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના યુવા સંગઠન દ્વારા આયોજિત વિશ્વઉમિયાધામ પ્રિમિયર લિગ (VPL-3) એ ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામ્યું છે. વિશ્વની સૌથી મોટી સોશિયલ ક્રિકેટ ટુર્નામેન્ટ VPL -3 અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને હિંમતનગરમાં રમાઈ રહી છે. VPL અમદાવાદ ખાતેની ક્રિકેટ ટુર્નામેન્ટના શુભારંભમાં ગુજરાત સરકારના માનનીય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ એવમ્ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે રાજકોટ મુકામે વિશ્વ ઉમિયાધામના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર. પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યભરમાં વિશ્વઉમિયાધામ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉત્સાહભેર ૪૮૦૦ ખેલાડીઓ ભાગ લીધો. જેના ભાગ રૂપે ૩૨૦થી વધુ ક્રિકેટ ટીમ રમી રહી છે.

## યુવાનો VPL ના માધ્યમથી વૈશ્વિક સ્તરે પહોંચશે : શ્રી આર. પી. પટેલ



આ પ્રસંગે વાત કરતા વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર. પી. પટેલ જણાવે છે કે, VPL-3 નું આયોજન ગુજરાતના યુવાનોમાં નવી શક્તિ સંચારનું કાર્ય કરશે. ગામડા કે શહેરમાં રહેતા યુવાનોને વૈશ્વિક સ્તરે પહોંચવાનો મોકો મળશે. VPL-3 ની ફાઈનલ મેચ દુબઈના શારજહાંમાં રમાશે. જેના કારણે ગુજરાતના ગામડાના યુવાનને ઈન્ટરનેશનલ સ્તરે ક્રિકેટ રમવાનો આનંદ મળશે. આવનાર દિવસોમાં VPL માં રમનાર યુવાનો IPL-3 માં રમે તેવી ઈચ્છા વ્યક્ત કરું છું.



## ક્રિકેટના ઈતિહાસમાં એક સાથે ૩૨૦ ટીમનું રમવું એ વિશ્વ વિક્રમ : શ્રી જીતુભાઈ પટેલ

આ પ્રસંગે વાત કરતા વિશ્વ ઉમિયાધામના યુવા સંગઠનના પ્રમુખશ્રી જીતુભાઈ પટેલ જણાવે છે કે ભારતના ઈતિહાસમાં કોઈ સોશિયલ પ્લેટફોર્મ પર ક્રિકેટમાં એકી સાથે ૩૨૦ ટીમ રમવું એ વિશ્વ વિક્રમ છે. લગભગ ૪૮૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો છે. ક્રિકેટ યુવા શક્તિમાં નવી ઉર્જા પુરવાનું કામ કરશે અને તેના જ થકી યુવાનો સંગઠીત થશે જે સમાજ અને રાષ્ટ્ર માટે ઉપયોગી કાર્યો કરશે.





GOLDEN BOOK OF WORLD RECORDS

Certificate of Excellence

CRICKET TOURNAMENT MATCHES PLAYED IN MOST STADIUMS IN A DAY

The World Record "cricket tournament matches played in most stadiums in a day" has been attempted by **Vishv Umiya Foundation** from Ahmedabad, Gujarat, India.

On Dec 14, 2024; matches of tournament 'VPL-3' organized by *Yuva Sangathan* have been claimed to be played at record breaking number of locations across Gujarat.

*Provisional Certificate

Golden Book of World Records















## ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# દુઃખ માણવાની કળા

સમગ્ર સૃષ્ટિ પરબ્રહ્મ પરમાત્માનું મંગલમય વિધાન છે. પરમાત્મા કૃપાળુ છે - પરમ કૃપાળુ છે. મંગલમય પરમાત્માની આ મંગલમય સૃષ્ટિમાં બધું જ મંગલમય છે - પરમ મંગલમય છે. બધું જ ! હા ! બધું જ ! હા, અહીં, ત્યાં, સર્વત્ર, સમગ્ર અસ્તિત્વમાં બધું જ અને બધું જ મંગલમય છે. તો શું દુઃખ પણ મંગલમય છે ? હા, દુઃખ મંગલમય છે. અરે ! દુઃખ તો વિશેષતઃ મંગલમય છે.

### દુઃખ એટલે શું ?

દુઃખ એટલે પ્રતિકૂળ વ્યક્તિ, ઘટના કે પરિસ્થિતિ પ્રત્યે મનનો અસ્વીકારાત્મક પ્રતિભાવ.

અનિચ્છિત તત્ત્વનું આગમન દુઃખ છે. ઈચ્છિત તત્ત્વનો વિયોગ દુઃખ છે. અણગમતો સંયોગ દુઃખ છે. ગમતાનો વિયોગ દુઃખ છે.

### દુઃખ જીવનમાં શા માટે છે ?

દુઃખ જીવન વિકાસ માટે આવશ્યક, ખૂબ આવશ્યક એવું એક મૂલ્યવાન, ખૂબ મૂલ્યવાન તત્ત્વ છે. હા, દુઃખનું જીવનમાં વિધાયક મૂલ્ય છે. દુઃખનું જીવનને એક મૂલ્યવાન વિધાયક પ્રદાન છે.

### દુઃખ જીવનને શું આપે છે ?

(૧) દુઃખ માનવીને જાગ્રત કરે છે. સુખ માનવીને સુવાડી દે છે અને દુઃખ માનવીને જગાડી દે છે. ભગવાન બુદ્ધને દુઃખનું દર્શન થયું અને તેઓ જાગી ગયા !

(૨) દુઃખ માનવીને ઘડે છે. દુઃખ માનવીને પરિપક્વ બનાવે છે. સુખ અને માત્ર સુખ માનવીને નિર્માલ્ય, કમજોર અને વિલાસી બનાવી શકે છે. દુઃખ માનવીના આંતરસત્ત્વને બહાર લાવે છે. દુઃખ માનવીના સુષુપ્ત પ્રાણને જાગ્રત કરી શકે છે.




(૩) દુઃખ માનવીને જીવન વિકાસના પથ પર અગ્રેસર બનાવે છે. દુઃખ માનવીને સૂચિત કરે છે કે તે જે છે, જ્યાં છે તે બરાબર નથી અને તેનું ત્યાં જ હોવું બરાબર નથી. તેણે બદલાવું જ પડશે, તેણે આગળ ચાલવું જ પડશે. દુઃખ દ્વારા પરમ કૃપાળુ પ્રભુ માનવીને સૂચવે છે : "બંદા ! તું જ્યાં ઊભો છે તે સ્થાન તારી નિયતિ નથી, ગંતવ્ય નથી. ગંતવ્ય આગળ છે."

દુઃખ એટલે જીવનનો પરિવર્તન માટેનો પોકાર ! દુઃખ એટલે જીવનની વિકાસયાત્રાનો પ્રારંભ !

માનવીના જીવનમાં સુખદ કે દુઃખદ, ગમતી કે અણગમતી જે કોઈ ઘટના આવે છે, રહે છે કે જાય છે, તેમ બનવાનું કારણ એ છે કે તેના જીવનવિકાસ માટે તેમ હોવું આવશ્યક છે.

જો આપણા જીવનમાં દુઃખ આવશ્યક જ ન હોય તો તે આવે જ શા માટે ? ભગવાન આપણી પરમકૃપાળુ મા છે. તેમને પોતાનાં માનવસંતાનો માટે અપરંપાર પ્રીતિ છે. આવી પરમકૃપાળુ અને સર્વસમર્થ મા આપણાં જીવનમાં દુઃખ મોકલે છે શા માટે ? શું પોતાનાં સંતાનોને દુઃખી કરવામાં જગતજનનીને આનંદ આવતો હશે ? ના, એવું નથી. કોઈ મા પોતાનાં સંતાનને દુઃખી જોઈ ન શકે અને આ તો પરમકરુણામયી મા છે. તે મા આપણને દુઃખી શા માટે કરે ? અને છતાં જીવનમાં દુઃખ આવે છે એ પણ હકીકત છે. તો લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે આ પરમકરુણામયી જગતજનની મા આપણાં જીવનમાં દુઃખ શા માટે મોકલે છે ?

કોઈ મા પોતાના બાળકને કડવો પદાર્થ ખાવા માટે ન આપે. મા તો પોતાના સંતાનને મીઠાઈ જ આપવાનું પસંદ કરે, પરંતુ બાળકના સ્વાસ્થ્યની જાળવણી માટે

# ધર્મ સૃષ્ટિ

બાળકને ખાવા માટે કડવી ઔષધિ આપવી આવશ્યક જ હોય તો? તો બાળકના કલ્યાણ માટે મા બાળકને કડવી ઔષધિ પણ આપે છે ! આપણાં જીવનમાં આવતાં દુઃખો આપણા આરોગ્યની જાળવણી માટે આપણી જગતજનની માએ પાયેલી કડવી ઔષધિ છે.

કર્મનો નિયમ સજાનો નિયમ નથી. શિક્ષણનો નિયમ છે. જીવનમાં આવતાં દુઃખો આપણને થયેલી સજા નથી, પરંતુ આપણા શિક્ષણ માટેનાં સોપાનો છે.

હવે આપણી સમક્ષ લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે જીવનમાં આવતાં આ દુઃખોમાંથી કઈ રીતે પસાર થવાનું છે? આ દુઃખોને કયા સ્વરૂપે સમજવાનાં છે ? જીવનમાં દુઃખનું એક વિશિષ્ટ અવતારકૃત્ય છે. દુઃખમાંથી કઈ રીતે પસાર થઈએ તો જીવનમાં આ દુઃખો પોતાનું અવતારકૃત્ય સિદ્ધ કરી શકે?

જીવનમાં આવતાં દુઃખો જીવનમાં કોઈ હેતુ સિદ્ધ કરવા માટે આવે છે. જો આપણે દુઃખને ઉચિત અને ઉપર્યુક્ત દૃષ્ટિકોણથી લઈ શકીએ તો દુઃખનું આ અવતારકૃત્ય પરિપૂર્ણ થાય છે, જીવનમાં દુઃખનો હેતુ સિદ્ધ થાય છે. જો આ થાય તો તે જ દુઃખને જીવનમાં ફરી આવવાનું રહેતું નથી. પરંતુ આપણે જો દુઃખને યથાર્થ રીતે ન લઈ શકીએ તો દુઃખ પોતાનું અવતારકૃત્ય પૂર્ણ કરવા માટે પુનઃપુનઃ આવ્યા કરે છે.

તો હવે આપણે કોઈ પણ નિશ્ચિત દુઃખમાંથી કઈ રીતે પસાર થવું જોઈએ જેથી દુઃખે પુનઃ આવવું ન પડે?

(૧) આપણે સમજી લેવું જોઈએ અને સ્વીકારી લેવું જોઈએ કે દુઃખ આપણાં જીવનમાં કાંઈક પ્રદાન કરવા માટે, આપણા જીવન વિકાસમાં કંઈક પ્રદાન કરવા માટે, આપણા જીવન વિકાસમાં કાંઈક સિદ્ધ કરવા માટે આવે છે. દુઃખ સજા નથી, શિક્ષણ છે. જો આપણે જીવનનું આ સત્ય સમજી લઈએ તો દુઃખને જોવાનો આપણો દૃષ્ટિકોણ સર્વથા બદલાઈ જશે અને આ બહુ મોટી વાત છે.

(૨) દુઃખ વિરુદ્ધ કાગારોળ કરવાને બદલે શાંત અને સ્વસ્થ રહો. કાગારોળ કરવાથી દુઃખ મટતું નથી, પરંતુ વધે છે.

(૩) શાંત અને સ્વસ્થ ચિત્તે અવધાનપૂર્વક દુઃખમાંથી પસાર થઈ જવું - આ જ દુઃખનું અવતારકૃત્ય પરિપૂર્ણ કરવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

(૪) આનો અર્થ એમ નહીં કે આપણે દુઃખને પસંદ કરીએ છીએ કે દુઃખને બાથ ભરીએ છીએ. આનો અર્થ એમ પણ નહીં કે આપણે દુઃખમાંથી મુક્ત થવા માટે કશું જ કરવાનું નથી. ના - ના ! આ તો રોગિષ્ઠ મનોદશા છે, સ્વપીડનવૃત્તિ છે. ના, આપણે દુઃખમાંથી મુક્ત થવાનું જ છે અને દુઃખમાંથી મુક્ત રહેવાનું પણ છે જ. આમ છતાં જીવનનું સ્વરૂપ જ એવું છે કે દુઃખ આવશે જ. આવા અનિવાર્ય દુઃખને શાંત અને સ્વસ્થ ચિત્તે અવધાનપૂર્વક ભોગવી લેવું તે જ છે દુઃખને માણવાનો સાચો કીમિયો.

(૫) દુઃખ વિરુદ્ધ ફરિયાદી કરવાથી તે મોટું બની જાય છે અને દુઃખને સ્વીકારી લેવાથી તે સાવ નાનું બની જાય છે. સાપ સાપોલિયું અર્થાત્ અળસિયું બની જાય છે.

(૬) આખરે તો સુખ-દુઃખની ભૂમિકાથી પાર જઈને આનંદની અવસ્થામાં પ્રતિષ્ઠિત થવું તે જ યથાર્થ ગંતવ્ય છે. આ સત્ય દૃષ્ટિ સમક્ષ રાખવું જોઈએ. દુઃખ આપણને પરમ સત્ય તરફ દોરી જાય. ભગવાન બુદ્ધ દુઃખદર્શન દ્વારા જાગી ગયા. પરમ પ્રબુદ્ધ બની ગયા. દુઃખ દ્વારા આપણે જાગી જવાનું છે.

વૃંદાવનના સિદ્ધ સંત સ્વામી શરણાનંદજી જીવનભર કહેતા રહ્યા : “દુઃખ મેરે પ્રભુ કા પ્રસાદ હૈ. પ્યારે, દુઃખ કો ચાહો.”

દેવી કુંતી ભગવાન શ્રીકૃષ્ણ પાસે માગે છે :

विषादः सन्तु नः शश्वतत्र तत्र जगद्गुरो ॥
भवतो दर्शनं यत्स्यात्पुनर्भवदर्शनम् ॥

(શ્રીમદ્ ભાગવત - ૧-૮-૨૫)

“હે જગદ્‌ગુરુ ! અમારા જીવનમાં હંમેશાં ડગલે ને પગલે વિપત્તિઓ આવતી રહે. કારણ કે વિપત્તિઓમાં નિશ્ચિતરૂપે આપનું દર્શન થાય છે અને આપનાં દર્શન પામવાથી મુક્તિ હસ્તામલકવત્ સહજ સાધ્ય બને છે.”

## ધર્મ સૃષ્ટિ



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**उत् क्रामातः पुरुष भाव पत्था, मृत्योः पड्वाशमवमज्जमानः ।**
**मा च्छित्था अस्माल्लोकादग्नेः सूर्यस्य संदेशः ॥**

(અથર્વવેદ ૮/૧/૪)

**ભાવાર્થ :** હે મનુષ્યો ! તમારે વર્તમાન અવસ્થાથી જ સંતુષ્ટ થઈ જવું જોઈએ નહિ. તમારે આગળ વધવાનું છે અને શરીર તથા આત્મબળ વડે પુરુષાર્થ કરવાનો છે.

**સંદેશ :** પ્રગતિની શું કોઈ મર્યાદા હોય છે ? સંસારમાં કેટલું જ્ઞાન - વિજ્ઞાન છે એ કોઈ જાણી શક્યું છે ? વેદનાં ગૂઢ રહસ્યોની ભાળ કોઈ મેળવી શક્યું છે ? માનવી આજે પણ સંસારનાં રહસ્યો શોધવામાં પડ્યો છે.

પ્રગતિનો, ઉન્નતિનો આ આધાર છે - ઊઠો, ચાલો, પડો, ફરી ઊઠો, આગળ વધો, વારંવાર આ કરતા રહો, સતત ઉદ્યમી રહો, હિંમત હારો નહિ, ધીમે ધીમે શિખર ઉપર પહોંચી જવાશે. નિષ્ફળતાથી ગભરાશો નહિ. એનાથી ફક્ત એટલું જ જાણી શકાય છે કે સફળતાનો પ્રયાસ પૂરા મનથી થયો નથી. ફરી બમણા ઉત્સાહથી જોડાઈ જાઓ.

આ બધું શું ફક્ત કહેવાથી થઈ જાય છે ? શરીરબળ અને આત્મબળના અભાવે શું આ શક્ય બનશે ? ના. આ માટે તો તપ, સંયમ તથા બ્રહ્મચર્યથી શરીરને એટલું તંદુરસ્ત બનાવવું પડશે કે તે બધી સાંસારિક મુશ્કેલીઓને સરળતાથી ઝીલી શકે. ગાંધીજીએ પોતાનું શરીર એવું લોખંડ જેવું બનાવ્યું હતું કે ઈંગ્લૅન્ડની ઠંડી તેમના ખુલ્લા શરીરને પ્રભાવિત કરી શકી ન હતી. શરીર પરનું નિયંત્રણ જ સંયમની સાધનાને સરળ કરી નાખે છે. ઈન્દ્રિયોને વશમાં કરવાનું આ પહેલું પગથિયું છે. તેનાથી આત્મબળ વધે છે. મનનો ઘોડો અહીં તહીં ભટકતો નથી. મહાન બનવા માટે આત્મશક્તિ અત્યંત જરૂરી છે. તેનાથી બીજાં બધાં બળ મેળવી શકાય છે.



ધનબળ અને બુદ્ધિબળથી લૌકિક પ્રગતિ શક્ય છે, ભૌતિક સુવિધાઓ મળે છે, પરંતુ આત્મબળથી ઘણું બધું મળી જાય છે. જેનું આત્મબળ મજબૂત હોય તે જીવનના આદર્શો અને સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારે છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે છે.

આપણે સૂર્યદેવતાને આપણો આદર્શ બનાવવો જોઈએ. સૂર્ય દરેક પળ, દરેક ક્ષણે સતત પોતાના લક્ષ્ય તરફ આગળ વધે છે. સંસાર માટે પોતાના સમગ્ર જીવનનો ત્યાગ કરી દેવા માટે તૈયાર રહે છે. બધાને પ્રકાશ, તાપ અને ઊર્જાની સહાયતા કરતો રહીને સંસારની ગંદકીને સૂકવીને નષ્ટ કરવાના કામમાં પૂર્ણ આત્મબળથી સંલગ્ન છે. લગાતાર પુરુષાર્થના રસ્તા ઉપર આગળ વધવા છતાં ઊભા રહેવાનું નામ લેતો નથી. એને પોતાનો કોઈ સ્વાર્થ નથી. જીવનમાં સફળતાનું આ રહસ્ય છે.

"નર યદિ પ્રયાસ કરે તો નરસે નારાયણ બન જાયે" આપણા ઋષિઓ અને વિદ્વાનોએ સમગ્ર સંસારને આ આશ્વાસન અને માર્ગદર્શન આપ્યું છે, પણ આ પ્રયાસ કેવી રીતે કરી શકાય ? તેનું આધારભૂત તત્ત્વ કયું છે ? દેવત્વના ગુણને પોતાના આચરણમાં ઉતારવાના પ્રયત્નોમાં આપણે ક્યારેય ઢીલ કરવી જોઈએ નહિ. તેનાથી નરમાંથી નારાયણ બનવામાં સફળતા મળી શકે છે.

સૂર્યની જેમ સતત પ્રયત્નશીલ રહેવામાં જ જીવન છે. આ જ બ્રાહ્મણનો ધર્મ છે.

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
લેખક જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** અયોધ્યામાં રામજી સહિત ચારે ભાઈઓ લગ્ન પછી બીજા દિવસે સવારે સરયુ નદીમાં સ્નાન કરી પિતાજી પાસે આવ્યા આવ્યા. રાજાએ તેમને હૃદયે લગાડ્યા. મુનિ વસિષ્ઠજી પણ પધાર્યા. મુનિ ધર્મનો ઈતિહાસ કહી રહ્યા છે. આ સાંભળી શ્રીરામજી અને લક્ષ્મણના હૃદયમાં અધિક ઉત્સાહ અને આનંદ થયો.

**હવે આગળ :**

**सुदिन सोधि कल कंकन छोरे**
**मंगल मोद बिनोद न थोरे**

સારો દિવસ અને શુભ મુહૂર્ત જોઈને મીંઢળ છોડવામાં આવ્યા. મંગળ, આનંદ અને વિનોદ કંઈ ઓછા ન થયાં. આ રીતે નિત્ય નવા સુખને જોઈને દેવતા પ્રશંસા કરે છે અને અયોધ્યામાં જન્મ લે તે માટે બ્રહ્માજીને યાચના કરે છે.

**दीन्ही असीस बिप्र बहु भांति**
**चल न प्रीति रीति कहि जाति**

બ્રહ્મશ્રેષ્ઠ વિશ્વામિત્રજીએ ઘણી જાતના આશીર્વાદ આપ્યા. તેઓ રજા લઈ ચાલી નીકળ્યા. બધા ભાઈઓને સાથે લઈને શ્રીરામ આજ્ઞા પામીને પાછા વળ્યા. રાજા દશરથ પણ મહેલમાં પધાર્યા. શ્રીરામચંદ્રજી વિવાહની ગાથાઓ ગાઈ રહ્યા છે.

**आये ब्याहि रामु घर जब तें**
**बसई अनंद अवध सब तब तें**

જ્યારથી શ્રીરામચંદ્રજી વિવાહ કરીને ઘેર આવ્યા, ત્યારથી બધી જાતનો આનંદ અયોધ્યામાં આવીને વસવા લાગ્યો. પોતાની વાણીને પવિત્ર કરવા માટે તુલસીએ રામનો યશ કહ્યો છે. શ્રી રઘુનાથજીનું ચરિત્ર અપાર સમુદ્ર છે. શ્રીરામજી અને સીતાજીના વિવાહ પ્રસંગને જે લોકો પ્રેમપૂર્વક ગાશે તેમના માટે સદાય ઉત્સાહ અને આનંદ જ રહેશે.



**मुदित मातु सब सखी सहेली**
**फलित बिलोकि मनोरथ बेली**

બધી માતાઓ અને સખી - સહેલીઓ પોતાની મનોરથ રૂપી વેલને ફળતી જોઈને આનંદિત છે. શ્રીરામજીના રૂપ - ગુણ - શીલ અને સ્વભાવને જોઈ - સાંભળી રાજા દશરથજી ઘણા આનંદિત થાય છે. બધાના હૃદયમાં એક જ અભિલાષા છે અને સૌ મહાદેવજીને પ્રાર્થના કરે છે કે રાજા પોતાની હયાતીમાં જ શ્રીરામજીને યુવરાજ પદ આપી દે.

**मंगलमूर्ति रामु सुत जासू**
**जो कछु कहिअ थोर सबू तासू**

શ્રીરામચંદ્રજી માટે જે કંઈ કહેવાય તે ઘણું ઓછું છે. રાજાએ સ્વ હાથમાં દર્પણ લીધું અને તેમાં પોતાનું મોં જોઈને મુગટ સીધો કર્યો. વળી તે જોયું કે કાનની પાસેના વાળ ધોળા થઈ ગયા છે. જાણે ઘડપણ એ ઉપદેશ કહી રહ્યું છે કે હે રાજન ! શ્રીરામચંદ્રજીને યુવારાજ પદ આપી જીવન અને જન્મનો લાભ કેમ નથી લેતા ?

**यह बिचार उर आनि नृत सुदिनु सुअवसर पाई**
**प्रेम पुलकि तन मुदित मन गुरहि सुनायह जाई**

હૃદયમાં આ વિચાર આવતાંની સાથે જ યુવરાજ પદ આપવાનું નિશ્ચય કરી રાજા દશરથજીએ ગુરુ વસિષ્ઠજી પાસે જઈ વિચાર કહી સંભળાવ્યો. હે મુનિવર્ય ! કૃપા કરીને સાંભળો. રામચંદ્રજી હવે સર્વ પ્રકારે યોગ્ય થઈ ગયા છે. હે નાથ ! શ્રીરામજીને યુવરાજ કરો. કૃપા કરીને આજ્ઞા આપો તો તૈયારી કરીએ.

**मोहि अछत यहुं होई उछाहु**
**लहहि लोग सब लोचन लाहू**

મારી હયાતીમાં જ આનંદ - ઉલ્લાસ થઈ જાય. સર્વ લોક પોતાના નેત્રોના લાભ પ્રાપ્ત કરે. શરીર રહે કે ન રહે પણ આ કારણે મને પાછળથી પસ્તાવો ન થાય. આ સાંભળી વસિષ્ઠજીએ કહ્યું : હે રાજન ! હવે મોડું ન કરો, શીઘ્ર સઘળો સામાન તૈયાર કરો. શ્રીરામજી માટે બધા દિવસ શુભ અને મંગલમય છે. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

## ધર્મ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# ધર્મ એટલે પ્રસન્નતાનો પારાવાર

કેટલીક ધર્મસભા શોકસભા જેવી હોય છે ! જ્યાં ઉપદેશક ઉદાસીન ચહેરે ધર્મગ્રંથનું દબાયેલા અવાજે વાચન કરતા હોય છે અને શ્રોતાજનો ગંભીર મુખમુદ્રા ધારણ કરીને એનું શ્રવણ કરતા હોય છે ! એમાં ક્યાંય આનંદ આવે નહીં, વિનોદ એ સાવ અસ્પૃશ્ય ગણાય અને રમૂજ તો ઉછાંછળી બાબત લેખાય છે. ધર્મોપદેશક વધારે ને વધારે પરિભાષા પ્રયોજીને પોતાના ગહન ધર્મજ્ઞાનનું પ્રદર્શન કરતા હોય છે. શ્રોતાઓ પણ એમ વિચારે છે કે અઘરી વાત આવી જ રીતે કહી શકાય. વળી ન સમજાય તેવા ઉપદેશને ગહન ઉપદેશ માને છે. વિચારે છે કે પોતે એ ઉચ્ચ ધાર્મિક ભૂમિકાને પામ્યા નથી, જે વક્તા કે ઉપદેશક પામ્યા છે. આ રીતે ધર્મ એ આનંદનો ઉત્સવ બનવાને બદલે ઉદાસીનતાનું ઉઠમણું બની જાય છે.



એક ગામમાં હાસ્ય કલાકાર ગયો અને એણે એક કાર્યક્રમ રાખ્યો. એક પછી એક ટુચકા કહેતો જાય અને ગામ લોકો તરફ જોતો જાય. પણ એને આશ્ચર્ય થાય કે એની એકેય રમૂજ પર કોઈ હસે નહીં. હસવાનું તો ઠીક, પણ કોઈના ચહેરા પર હાસ્યની એકાદ લહરી પણ ફરકતી ન હતી. જાણે બધાના હોઠ સિવાઈ ગયા હોય એમ સહુ બેઠા હતા. હાસ્ય કલાકારે હસાવવાની ઘણી મહેનત કરી, પણ એને નિષ્ફળતા મળી. આથી અકળાઈને સરપંચને પૂછ્યું, "આ ગામ લોકો તે કેવા છે ? આટલી બધી મહેનત કરું છું છતાં કોઈ હસતા નથી ? આવા લોકો તો મેં ક્યાંય જોયા નથી."

સરપંચે કહ્યું 'હસે શેના ? મેં તેમને અહીં બોલાવ્યા, ત્યારે તાકીદ કરી છે કે જો આ કાર્યક્રમમાં સહેજે હસ્યા કે ખી - ખી કર્યું, તો આ બે નાળી (બંદૂક) તમારી શરમ નહીં રાખે.'' આમ કરી ગર્વભેર એમણે પોતાની બંદૂક બતાવી.

હાસ્ય કલાકારને રહસ્ય મળી ગયું એક એવી માન્યતા પ્રવર્તે છે કે ધર્મમાં તો ચહેરા પર ઉદાસીનતા અને વાતાવરણમાં ગમગીનીનો બોજ હોય. પરંતુ જ્યાં આ રીતે ધર્મ પ્રવર્તતો હોય છે, ત્યાં ધર્મ એ માત્ર આત્માને બદલે આવરણ બની જાય છે. આંતર જાગરણને બદલે બાહ્ય આડંબર બની જાય છે. મીરાં જ્યારે કૃષ્ણ દીવાની થઈ નાચતી - ગાતી હશે, ત્યારે ચોમેર એનો આનંદ કેવો ઊછળતો હશે ! આનંદઘન મસ્ત બની ઘનઘોર જંગલમાં પોતાની મોજથી ઉત્કૃષ્ટ આધ્યાત્મિક પદો ગાતા હશે, ત્યારે તેમના ચહેરા પર કેવું ચૈતન્ય ઝળકતું હશે ! દયારામ કેવા રંગથી સહુ સાથે ગરબીમાં ઘૂમ્યા હશે !

ધર્મ એ આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસથી ભરેલો છે. કેટલાક ધર્મને ભયાવહ પ્રાણીઓથી ખીચોખીચ ભરેલા જંગલ જેવો માને છે. એમના ચહેરા પર ગંભીરતા હોય છે. મન પાપના બોજથી લદાયેલું હોય છે. ધર્મ પુરુષની નરકની વાતોથી એ ભયભીત બનીને ધ્રૂજતા હોય છે.

અરે ! ખડખડાટ હસતા સાધુ કે પ્રસન્ન સ્વામી કેટલા ?

હકીકતમાં ધર્મ એ મનનો બોજ હળવું કરવાનું માધ્યમ છે. તનાવભર્યા જીવનમાંથી મુક્ત કરવાનું પ્રથમ ધ્યેય છે, પણ ઘણી વ્યક્તિઓ ધાર્મિક દેખાવા માટે ટેન્શનયુક્ત રહેતી હોય છે. આવી વ્યક્તિઓનું શાસ્ત્રજ્ઞાન વધે છે, પણ જીવનરસ સૂકાઈ જાય છે. એમના વ્યવહારમાં એક પ્રકારની રુક્ષતા અને જીવનમાં એક પ્રકારની શુષ્કતા આવી જાય છે અને સમય જતા જડતામાં પરિણમે છે.

ધર્મ એ આનંદ પર્વ છે. અંતરની મોજભરી રમત છે. આ રમતમાં ક્યાંય ઉદાસીનતા નથી. ધર્મ પાસે કે સાથે રહેનારી વ્યક્તિની પ્રત્યેક ક્ષણ આનંદમાં વ્યતીત થવી જોઈએ. આપણે ઘણી વાર પદ્માસન વાળીને ગંભીર વદને બેઠેલા સાધકનું ચિત્ર જોયું છે. પદ્માસન લગાવનારના ચહેરા પર હાસ્ય કેમ નહીં ? સાધના એ તો આનંદની પ્રક્રિયા છે અને જેટલો આનંદ વધશે એટલી એકાગ્રતા વધશે. તમને ક્રિકેટની કૉમેન્ટ્રીમાં રસ હોય, તમને શાસ્ત્રીય નૃત્યના કાર્યક્રમમાં રસ હોય કે પછી તમને કોઈ શ્રોતાના વ્યાખ્યાનમાં રસ હોય, ત્યારે ખરે વખતે કોઈ બહાર બોલાવે તો કેટલી

બધી અકળામણ થાય છે ! તમને થશે કે મૅચ બરાબર જામી છે, નૃત્યની ક્ષણેક્ષણ માણી રહ્યા છીએ કે વક્તાના રસપ્રદ પ્રવચનનો એક વિચાર પણ ગુમાવવો નથી. તમારી હરોળની પાછળ બે વ્યક્તિઓ વાત કરતી હોય, તોપણ તમે અકળાઈ જાવ છો. સહેજ મુખ કટાણું કરીને તેમની તરફ અણગમા સાથે આંખ માંડો છો. છતાંય અવરોધ કરે તો ટકોર કરો છો, અને જો વધુ અવરોધ કરે તો એના પર તમે ગુસ્સે પણ થાવ છો.

આવું બધું કેમ થાય છે ? આનું મુખ્ય કારણ એ છે કે તમારી આ આનંદ પ્રવૃત્તિમાં અવરોધ થાય તે તેમને પસંદ નથી. તમારી તલ્લીનતાનો કોઈ ભંગ કરે એ અણગમતી વાત છે. બસ, ધર્મનું પણ આવું છે. ધર્મના આનંદમાં ઝૂમતી વ્યક્તિને કોઈ ખલેલ પાડે તે એને નહીં ગમે, કારણ કે એ ધર્મ પ્રવૃત્તિમાં એનું આખું અસ્તિત્વ ડુબાડીને લીન થઈ ગયો હોય છે.

ધર્મસ્થાનોમાં જોશો તો કેટલાક એવા મળશે કે ચહેરા પર ગંભીરતા ધારણ કરીને તમને કહેશે કે, ‘આજે તો મારે નકોરડો ઉપવાસ છે.’ કોઈ દુઃખી અવાજે કહશે કે, ‘આજે તો અગિયારસ છે, માટે મારાથી આ નાસ્તો નહિ ખવાય.’ વળી કોઈ ફિકર કરશે કે, ‘મેં આજે ફરાળી ઉપવાસ કર્યો હતો, પરંતુ મારાથી મીઠાવાળી વેફર્સ ખવાઈ ગઈ.’ એને એનો એટલો બધો અફસોસ થશે કે ન પૂછો વાત. આનું કારણ એ છે કે આવી વ્યક્તિઓ ક્રિયાકાંડમાં અટકી ગઈ હોય છે. એમને મન ક્રિયાપાલન એ જ સર્વસ્વ હોય છે. એમાં સહેજ ભૂલ થઈ જાય તો એમના માથા પર આકાશ તૂટી પડે છે, એમને માટે ક્રિયા સતત ચિંતાનો વિષય હોય છે અને તેથી એમાં ભૂલ થઈ જશે તો શું થશે ? એવા ભયમાં આવી વ્યક્તિ જીવતી હોય છે.

નરસિંહ કે મીરાંને, તુકારામ કે એકનાથને, સ્વામી રામકૃષ્ણ પરમહંસ કે માતા આનંદમયીને તમે ક્યારેય આવા ભયભીત જોયા નહિ હોય, એમના ચહેરા પર તો સદૈવ આનંદ જ પ્રવર્તતો હતો. સાધના એ કષ્ટસાધ્ય નથી, બલ્કે આનંદ પ્રાપ્ય છે. જ્યારે ક્રિયા એ આવશ્યક છે. પરંતુ એ ક્રિયા પર વ્યક્તિએ અટકી જવાનું નથી, પણ ક્રિયામાંથી કશુંક અધ્યાત્મ પામવાનું છે. જ્યારે ક્રિયાની વાત કરનારી વ્યક્તિ પોતાની મુશ્કેલીઓની વાત કરે, તો માનવું કે એને માટે ધર્મ એ પ્રદર્શનનું સાધન છે, આનંદ કે ઉલ્લાસનું નહીં !

એમ માનએ છીએ કે ધર્મ કરવો એ અતિ અઘરું કામ છે, ક્રિયા કરવી એ અતિ કઠણ છે, સાધના કરવી એ ઘણી મુશ્કેલ છે. આવું માનીને ધર્મનો પ્રારંભ કરનાર કોઈ જુદા જ માર્ગ ફંટાઈ જાય છે. એ ધર્મ કરશે, તપ કરશે, વ્રત કરશે, તો સતત એના પ્રયોજન પર લક્ષ્ય રાખશે. એમ વિચાર કરશે કે આ તપ કરીશ એટલે આ સિદ્ધિ પ્રાપ્ત થશે, આવો ધર્મ કરીશ તો મને સત્તા, સંપત્તિ કે સંતતિ મળશે. આ સમયે પરિસ્થિતિ એવી સર્જાશે કે એની નજર પ્રાપ્તિ પર રહેશે, પ્રક્રિયા પર નહીં.

ધર્મ કહે છે કે પ્રક્રિયાનો મહિમા કરો, પ્રાપ્તિની ફિકર છોડો. જો યોગ્ય રીતે પ્રક્રિયા ચાલતી હશે, તો પ્રાપ્તિ સામે ચાલીને મળવા આવશે. પણ જો એમ વિચાર કર્યો કે આજે ધ્યાન શરૂ કરીએ અને આવતી કાલે ચિત્તની શાંતિ પ્રાપ્ત કરીએ તો એવું નહીં બને. જો એમ ધાર્યું કે આજે તપ કરીએ અને આવતી કાલે આપણાં દુઃખો દૂર થઈ જાય તો એવું નહીં બને. આજે આટલા નવકાર ગણીએ અને આવતી કાલે નવકારનું આટલું ફળ પ્રાપ્ત થાય કે પછી આજે આટલી ગાયત્રીની માળા ગણીએ અને આવતી કાલે આટલો લાભ થાય, એવો ગુણાકાર કરવા ગયા તો ધર્મના કેન્દ્રમાંથી બહાર નીકળી જશો. આવો ગુણાકાર કરવા જશો તો તમારી ધર્મ સાધના ખોરવાઈ જશે.

ધર્મમાં આજ પર દૃષ્ટિ રાખવી જોઈએ. જે ક્ષણે નવકારમંત્ર બોલતા હોય, તે ક્ષણે ચિત્તમાં અરિહંત અને સિદ્ધનો મહિમા પ્રગટવો જોઈએ. જે ક્ષણે ગાયત્રી મંત્રનું રટણ કરતા હોઈએ, તે સમયે ઉપાસનાનો આનંદ અનુભવવો જોઈઅ અને તેથી તે સાધનામાં એક ક્ષણનું મહત્ત્વ છે, એની સિદ્ધિનું નહીં. આથી સાધના કરવાનો પ્રારંભ કરીએ ત્યારે સાધનાથી થતા આનંદ પર નજર હોવી જોઈએ. કોઈ ક્રિયા કરીએ ત્યારે એ ક્રિયામાંથી જાગતા ઉન્નત ભાવોનો અનુભવ કરવો જોઈએ. તપ કરતા હો ત્યારે એ દિવસની તમારી દુનિયા જુદી હોવી જોઈએ, તમારી વર્તમાન પ્રક્રિયા જ એટલી આનંદમય હોવી જોઈએ કે જેથી ભવિષ્યના પ્રયોજનની ચિંતા તમને સ્પર્શી શકે નહીં.

જેમ કોઈ રમતવીર આનંદભેર કોઈ રમત રમતો હોય, ત્યારે રમતમાં ડૂબેલો હોય છે, જેમ કોઈ શાસ્ત્રીય સંગીતનો ગાયક એ સંગીત રેલાવતો હોય છે, ત્યારે એ સંગીતમાં રમમાણ હોય છે. એ વર્તમાનનો આનંદ લૂંટતા હોય છે. ભવિષ્યની એમને ઝાઝી ફીકર હોતી નથી. સાધનાના માર્ગે ચાલનારે પણ વર્તમાનના આનંદને પામવો જોઈએ અને તેથી સાધના કરનારે પોતાના ધર્મ જીવનમાં આનંદોત્સવ સર્જવો જોઈએ.

## ધર્મ સૃષ્ટિ



**પ્રા. ડૉ. હર્ષદેવ માધવ**
લેખક મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને
સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા છે.

# દામ્પત્ય જીવનનું વૈદિક મેનેજમેન્ટ

જીવનના આનંદ, ઉત્સાહ અને સફળતા માટે પરિવાર સાથે મનુષ્યનું અનુસંધાન જરૂરી છે. પરિવારનો પાયો પતિ-પત્ની અને તેમના ઉષ્માભર્યા સંબંધોથી વૈદિક ઋષિઓએ જીવનની સફળતાનું કેન્દ્ર પરિવાર છે તેવું માન્યું છે. બુદ્ધિશાળી માણસે કુટુંબ જીવન કેવી રીતે સુખમય બને તેનું વ્યવસ્થાપન શીખવું જોઈએ.

દામ્પત્ય જીવનની શરૂઆત પૂર્વે પતિ-પત્નીના સંબંધોમાં પવિત્રતા, નિખાલસતા અને પરસ્પર વફાદારી અગત્યની વસ્તુ છે. જો એકબીજાના ચિત્ત પરસ્પર સાથે ન જોડાયેલા હોય તો એવા સંબંધો તૂટી જાય છે. આથી જ અથર્વવેદમાં કહેવાયું છે કે - 'ब्रह्मचर्येण कन्या युवानं विन्दते पतिम् ।' (અથર્વવેદ ૧૧.૫.૧૮) કન્યાએ વિવાહ પૂર્વે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. પુરુષો તો પચ્ચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમમાં રહેલો હોય. ગુરુના આશ્રમમાં સ્ત્રીઓ સાથે વાતચીત કે એકાંતમાં મળવું પણ નિષિદ્ધ હતું. આથી સ્ત્રી-પુરુષના સંબંધોમાં સચ્ચાઈ, વફાદારી અને એકનિષ્ઠ પ્રેમ જીવનને ધન્ય બનાવે.

પતિ - પત્નીના સંબંધોમાં પરસ્પરના પ્રેમની ઉષ્મા સૌથી મહત્ત્વની વસ્તુ છે. આથી જ અથર્વવેદમાં પતિ - પત્નીને કહે છે કે -

अक्ष्यौ नौ मधुसंकाशे अनीकं नौ समजनम् ।
अन्तः कृष्णुष्व मां हृदि मन इन्नौ सहासति ।

(અથર્વવેદ ૭-૩૬-૧)

આપણા બંનેની આંખો મધુ સમાન બને, આપણાં વદન સામંજસ્ય દાખવે. તું મને તારા હૃદયમાં ધારણ કર અને આપણા મન એકબીજા સાથે રહે. પછીના એક સૂક્તમાં પતિ - પત્નીને ઉદ્દેશીને કહે છે કે -

अभि त्वा मनुजातेन दधामि मम वाससा ।
यथासौः मम केवलो नान्यासां कीर्तयाश्चन ॥

(અથર્વવેદ ૭-૩૭-૧)

મનુથી ઉત્પન્ન થયેલાં આ વસ્ત્ર સાથે હું તને ધારણ કરું છું. જેથી તું કેવળ મારો બને અને અન્યનું કીર્તન ન કરે. અહીં પત્ની - પતિનો અનન્ય પ્રેમ ઈચ્છે છે. વૈદિક ઋષિ મનુના વસ્ત્ર દ્વારા વિવાહ સંસ્કારનું એક અવિભાજ્ય અંગ પાનેતરનો ઉલ્લેખ કરતાં હશે. પાનેતર સૌભાગ્યની નિશાની છે. સ્ત્રી પાનેતર ધારણ કરવા સાથે પતિ તેને અનન્ય રીતે ચાહે તેવું ઈચ્છે છે. વૈદિક ઋષિ એક અન્ય મંત્રમાં પતિનો પ્રત્યુત્તર પણ રજૂ કરે છે.

अमोऽहमस्मि सा त्वं सोमाहमस्म्यृक त्वं धौरहं पृथिवी ।
त्वम् । ताविह सं भवाव प्रजामा जनयावहै ।

(અથર્વવેદ ૧૪-૨-૭૧)

અર્થાત્ अम् આલાપ હું છું, રાગિણી તું છે, સામ હું છું, ઋચા તું છે, દ્યો હું છું, પૃથ્વી તું છે તો આપણે બંને અહીં ઉત્પન્ન થઈએ. આપણે પ્રજાને ઉત્પન્ન કરીએ. અથર્વવેદના વિવાહકાંડમાં નવવધૂને આશીર્વાદ આપતા ઋષિ કહે છે કે - હે નવવધૂ ! તું સાસરે જઈને સર્વની સામ્રાજ્ઞી બન. તું નણંદો પર પ્રભુત્વ મેળવ. ભગવાન મનુ પણ કહે છે કે गृहिणी गृहमुच्यते ગૃહિણી હોય તો જ ઘર ઘર બને છે. છાંદોગ્ય ઉપનિષદમાં પતિ-પત્નીના પ્રેમાળ સંબંધોનો વિસ્તાર થયો છે. બૃહદારણ્યક ઉપનિષદમાં પતિ - પત્નીના જાતિય સંબંધોની પણ નિખાલસ ચર્ચા છે.

આપણા બ્રહ્મજ્ઞાની ઋષિઓ બ્રહ્મનું ચિંતન કરતાં પણ સમાજનું હિત કૌટુંબિક સંબંધોની ઉષ્મામાં રહેલું છે તેવું ભૂલ્યાં નથી. શતપથ બ્રાહ્મણ ૫-૨.૧.૧૦ કહેવાયું છે કે - પત્ની પુરુષના આત્માનો અડધો હિસ્સો છે. પુરુષ પત્ની વગર અધૂરો છે. મહાભારત આરણ્યકપર્વ ૭૪-૪૦માં કહેવાયું છે કે - મનુષ્યને માટે તેની પત્ની તેનો અડધો ભાગ છે. સૌથી ઉત્તમ મિત્ર છે અને ધર્મ, અર્થ અને કામ ત્રણેય પુરુષાર્થોનું મૂળ છે. સમગ્ર ચર્ચાનો ઉપસંહાર કરીએ તો,

(૧) લગ્નજીવન પૂર્વે પતિ -પત્ની બ્રહ્મચર્ય પાળે તો જ એકબીજાના ચારિત્ર્યમાં વિશ્વાસ રહે.

(૨) નવવધૂને પૂરી સ્વતંત્રતા તેનું સ્વમાન-સન્માન અને ગૌરવ સચવાય તેવું વાતાવરણ પતિના ઘરમાં હોવું જોઈએ.

(૩) પતિ - પત્નીનું ઐક્ય માત્ર બે શરીરોનું મિલન નથી પણ આત્માનું મિલન છે તેમાં પવિત્રતા, વફાદારી અને વિશ્વસનીયતા જરૂરી છે.

(૪) 'साम्मनस्यम्' તરીકે જાણીતા સૂક્તમાં કહેવાયું છે કે - સંતાનો માતા-પિતા સાથે સદ્‌વ્યવહાર કરે, તેમાં આદર્શોનું પાલન કરે અને પત્ની - પતિ સાથે મધુરભાષિણી બનીને વ્યવહાર કરે. કૌટુંબિક સંતાપો, ઝઘડાઓ, વિખવાદો અને લગ્નની કરુણાંતિકાઓમાંથી બચવા માટે વેદે બતાવેલ આ મેનેજમેન્ટ ચોક્કસ માર્ગદર્શક બનશે. ■

મો. ૭૮૭૪૫ ૩૨૨૨૫

## ધર્મ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગ્યકાર
અને નિબંધકાર છે.

# ભગવદ્ ગીતાનો શાશ્વત ઉપદેશ

**(અનુસંધાન નવેમ્બર - ૨૦૨૪)**

ભગવાન કહે છે કે, प्रयाणकालेऽपि च मा ते विदुर्युक्तचेतसः ॥ (૭-૩૦) મારામાં જોડાયેલા ચિત્તવાળા પુરુષો મરણકાળે પણ મને જાણે છે, મારામાં લીન બને છે. આમ ચિત્ત શાંતિની ગતિ મરણ પછી પણ જળવાઈ રહીને પરમગતિ સુધી પહોંચાડી દે છે.

અંતકાળે પરમાત્માનું સ્મરણ કે ૐ એવા એકાક્ષર બ્રહ્મનું ઉચ્ચારણ કરતા કરતા દેહ છોડનાર ઈશ્વરભાવ પામે છે, પરમ ગતિ પામે છે એમાં તો કોઈ સંશય જ નથી.

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कतेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्य संशयः ॥ (૮-૫)

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥ (૮-૧૩)

શરીર છૂટતી વખતે અંતિમ ઘડીએ જે પદાર્થને યાદ કરવામાં આવતો હોય છે તેને તે પામે છે.

तं तमेवैति कौन्तेय सदा सद्भाव भवितः ॥ (૮-૬)

ઈશ્વરનું ચિંતન કે સ્મરણ કરતા કરતા દેહ છૂટે છે તેને શો લાભ થાય છે ? તે ઈશ્વરભાવ પ્રાપ્ત કરે છે. આમ થવાથી તેને પરમગતિ પ્રાપ્ત થાય છે કે જ્યાંથી પુનર્જન્મનું ચક્ર જ સમાપ્ત થાય છે.

नाप्नुवंति महात्मानः संसिद्धि परमां गताः ॥ (૮-૧૫)
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥ (૮-૧૬)
यं प्राप्यं न निवर्तन्ते तद्धाम परमं मम ॥ (૮-૨૧)

અતિશય દુરાચારી માનવી પણ પરમાત્માને ભજે તો ઉત્તમ જ માનવો. કારણ કે તે ઉત્તમ નિશ્ચય વાળો જલ્દી ધર્માત્મા થાય છે અને શાંતિ પામે છે. क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्ति निगच्छति । (૯-૩૧) એટલું જ નહીં, ગમે તેવા પાપ યોનિવાળા હોય અથવા સ્ત્રીઓ, વૈશ્ય કે શૂદ્રો હોય, તેઓ પણ મારો આશ્રય કરી પરમ ગતિ પામે છે. स्त्रियो देश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ (૯-૩૨) આમ તો ગીતામાં પુરુષ, ભક્ત, યોગી, મુનિ, જ્ઞાની, સ્થિતપ્રજ્ઞ એવા પુરુષવાચક શબ્દોનો જ પ્રયોગ થયો છે. અનેક જગ્યાએ મનુષ્ય એમ પણ પ્રયોજાયું છે. આ શ્લોક સુધી આ બાબતે આપણા મનમાં આ બધી સ્થિતિ કે ગતિ માટે સ્ત્રીઓની એ કાળ મુજબ શૂદ્રો અને વૈશ્યોની પણ અયોગ્યતા માટેની શંકા નિર્મૂળ થાય છે. તેઓને પણ ઉચ્ચવર્ણના એકનિષ્ઠ તપસ્વી જેટલો જ અધિકાર અને સંભાવના દર્શાવી આપી છે.

(સમજપૂર્વક) મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, પરસ્પર મારો બોધ કરતા સદા સંતોષ પામે છે તથા આનંદમાં રહે છે. नित्यं तुष्यन्ति च रमन्ति च ॥ (૧૦-૯)

આખરે શાંતિ જ પ્રાપ્તવ્ય છે. શાંતિ માટેનો રાજપથ છે. ત્યાગ, સર્વ કર્મફળોનો ત્યાગ त्यागाच्छन्तिरनन्तरम् ॥ (૧૨-૧૨)

ત્રિગુણાતીત થઈ જનાર મનુષ્ય જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા અને દુઃખોથી મુક્ત થઈ અમૃત અર્થાત્ અમરપણાનો અનુભવ કરે છે, પરમ સ્વરુપને પામે છે. जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ (૧૪-૨૦)

બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો મનુષ્ય તે પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંશા કરતો નથી. ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङक्षंति । (૧૮-૫૪)

આખરે કૃષ્ણ અર્જુનને ગીતાના ઉપદેશના ઉપસંહાર રૂપે છેલ્લી કેટલીક અગત્યની અને ગુહ્ય વાતો કહે છે તેમાંની એક આ છે. હે ભારત ! તું સર્વભાવથી તે પરમેશ્વરને શરણે જા; તેની કૃપાથી તું પરમ શાંતિ અને સનાતન સ્થાન - મોક્ષપદ પામીશ.

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्ति प्राप्स्यसि शाश्वम् ॥ (૧૮-૬૨)

આ અગાઉ જીવન ઉત્કર્ષના, આત્મોન્નતિના, પ્રસન્નતાના, ગહન શાંતિના અને પરમ પદના તમામ ઉપાયો અને સાધન બતાવ્યા પછી કૃષ્ણ અર્જુનને એક સહેલો માર્ગ પણ દર્શાવે છે. તે છે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવી એ માટે સમર્પણનો માર્ગ એ સહેલો અને નિશ્ચિન્ત માર્ગ છે.

ચાલો, આપણે પણ શાંતિ, સંતોષ, પ્રસન્નતા અને પરમ ગતિના આ માર્ગે કદમ માંડવાની કોશિશ શરૂ કરીએ. ■

**મો. ૯૮૭૯૮ ૭૯૯૦૦**

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

**(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)**

**: હેડ ઓફિસ :**

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૪) અન ઓડિટેડ (ઓડિટ વર્ગ 'અ')

(રકમ રૂા. કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ₹ ૩૮૮.૭૮ | કામકાજનું ભંડોળ | ₹ ૧૦૯૯૧.૫૦ |
| રીઝર્વ ફંડ | ₹ ૧૦૦૦.૫૦ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૪) | ₹ ૨૪૭.૯૬ |
| ધિરાણ | ₹ ૬૧૧૭.૯૪ | નફો (૩૧-૦૩-૨૦૨૪) | ₹ ૧૨૨.૯૫ |
| ડિપોઝીટ | ₹ ૯૧૮૬.૭૦ | ડીવીડન્ડ (સાધારણ સભાની મંજૂરીની અપેક્ષાએ)* | ૧૫%* |



58 શાખાઓ

### થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | ૩.૭૫% |

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

1,16,646 સભાસદો

### અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

| | | |
|---|---|---|
| **શ્રી કે.કે.પટેલ**<br>ચેરમેન | **શ્રી જી.કે.પટેલ**<br>વાઈસ ચેરમેન | **શ્રી એમ.એસ.પટેલ**<br>ચીફ એક્ઝીક્યુટીવ |

### બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
શ્રી નરોત્તમભાઈ એસ.પટેલ
શ્રી ઘનશ્યામભાઈ કે.પટેલ
શ્રી ઉપેન્દ્રભાઈ કે.પટેલ
શ્રી લક્ષ્મણભાઈ એસ.વણકર
શ્રી ખોડાભાઈ એન.પટેલ
શ્રી જીતેન્દ્રભાઈ પી.પટેલ
શ્રી અમૃતભાઈ જી.પટેલ
શ્રી અલ્કેશભાઈ બી.પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)
શ્રી સોમાભાઈ બી.પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી ડૉ.અનિલભાઈ ડી.પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ.પટેલ
શ્રી વિનોદભાઈ બી.પટેલ
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર-આર.બી.આઈ.)
શ્રી કાનજીભાઈ એસ.પટેલ
શ્રીમતી કોકીલાબેન એન.પટેલ
શ્રીમતી દીપીકાબેન આર.પટેલ

**તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...**

**ઉત્તમ, ઝડપી, વિનચી, ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**



ગુલાબભાઈ જાની
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# બાળ કેળવણી

પરિવર્તન એ દુનિયાનો નિયમ છે. જ્યારે પરિવર્તન જ વિપરીત હોય ત્યારે તે પ્રક્રિયાને વિકાર કહેવાય, જ્યારે સજાગપણે તે લાવવામાં આવે ત્યારે તેને સંસ્કાર કહેવાય.

બાળ કેળવણીનો ઉદ્દેશ માનવ ઘડતરનો છે. બાળકમાં રહેલી દિવ્યતાના પ્રકટીકરણનો છે.

બાળકોના અંતરવિશ્વ વિશેનું ચિંતન યુરોપમાં ૧૯મી સદીમાં શરૂ થયું. પ્રસિદ્ધ અંગ્રેજ કવિ વિલિયમ બ્લૅકે ઓગણીસમી સદીની શરૂઆતમાં લખેલું -

Is this a holy thing to see
a rich and fruitful land
Children reduce to misery
and fed by usurious hand

બ્લૅકે સામાજિક વિષમતાના સંદર્ભમાં પ્રશ્ન ઉઠાવેલો. એ જ સમયના બીજા વિખ્યાત કવિ વિલિયમ વર્ડ્સવર્થે બાળકોની સહજતા અને નિષ્પાપ વૃત્તિ વિશે લખ્યું -

'My heart leaps with joy when I behold a rainbow in the sky, so it was when I was a child.'

શરૂઆતના સમયમાં બાળકોને રમણીય અને સંપૂર્ણતઃ નિષ્પાપ માનવામાં આવેલાં. વીસમી સદીમાં આ માન્યતા બદલાઈ. બાળકોમાં પણ સ્વભાવની જટિલતા હોય છે. તેમનામાં પણ પરિપક્વ માનસિકતાના વલણો જોવા મળે છે.

મૅડમ મોન્ટેસોરીએ બાળ કેળવણીના ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું. એ પહેલા એમનાં પૂર્વસૂરીઓ - જોન લોક (૧૬૩૨-૧૭૦૦), રૂસો (૧૭૧૨-૧૭૭૮), કોન્દિલે (૧૭૧૫-૧૭૮૦), જોહ્‌ન પેસ્ટોલોજી (૧૭૪૬-૧૮૨૭), ઈટાર્ડ (૧૭૭૫), સેગુઈન (૧૮૧૨-૧૮૯૮) અને ફ્રેડરિક (૧૭૮૨-૧૮૫૨) બાળ કેળવણીના ક્ષેત્રે ચિંતન કરી સિદ્ધાંતો તારવ્યાં હતાં.

મૅડમ મોન્ટેસોરીએ તબીબીશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને માનસ ચિકિતસાશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરી ૧૯૧૨ માં 'મૉન્ટેસોરી મેથડ' નામનું પુસ્તક લખ્યું. બાળ શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવનાર મોન્ટેસોરી-પદ્ધતિ કેવળ શિક્ષણ પદ્ધતિ નથી, કે નથી એ કેળવણીમાં ક્રાંતિકારક વિચાર. એ તો એક દૃષ્ટિ છે જે એવો પ્રકાશ આપે છે જે જીવન સમસ્તને પ્રકાશિત કરી તેના હર એક પાસાંને ઉજ્જવલ કરી નવીનત્તમ સ્વરૂપે પ્રત્યક્ષ કરે છે. શિક્ષણમાં નવી પદ્ધતિ સ્થાપે છે, નવા આદર્શ સ્થાપે છે. માનસશાસ્ત્રમાં નવો જ દૃષ્ટિકોણ પેદા કરે છે. વ્યક્તિ-વ્યક્તિ, સમાજ-સમાજ, રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સંબંધનો નવો સેતુ રચે છે અને માનવશક્તિની તેમજ ચારિત્ર્યની નવી જ કેડી કંડારે છે.

મેડમ મોન્ટેસોરીના મતે -

(૧) પ્રત્યેક બાળક સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવે છે. (૨) સ્વાવલંબી બનવા ઝંખે છે. (૩) સુરક્ષાવૃત્તિ હોય છે. (૪) પુનરાવર્તન-વૃત્તિ હોય છે. (૫) વ્યવસ્થા ગમે છે. (૬) સ્વનિયમન તરફ વળે છે.

બાળ કેળવણીના હેતુઓ ખૂબ વિશાળ અને અમૂર્ત છે. તેમાં માનવજીવનના વિવિધ પાસાંઓનાં વિકાસની શક્યતા જોવાય છે - (૧) શારીરિક વિકાસ (૨) માનસિક વિકાસ (૩) સાંવેગિક વિકાસ (૪) સામાજિક વિકાસ (૫) આધ્યાત્મિક વિકાસ (૬) વ્યક્તિવિકાસ (૭) ચારિત્ર્ય વિકાસ



ભારતમાં બાળકેળવણી ક્ષેત્રે રવિન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, જે. કૃષ્ણમૂર્તિ, ગુજરાતમાં ગિજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, જુગતરામભાઈ દવે, તારાબહેન મોડકનું પ્રદાન અનન્ય છે. ગાંધીજીએ પણ બુનિયાદી શિક્ષણ દ્વારા બાળ કેળવણી કેવી હોવી જોઈએ તે દર્શાવ્યું છે.

અતિ પ્રાચીનકાળમાં બાલકૃષ્ણ અને જશોદા - એ બાલ ઉછેરના આદર્શ રહ્યાં છે.

# શિક્ષણ સૃષ્ટિ

એકવીસમી સદીમાં જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. Knowledge is power - જ્ઞાન એ જ શક્તિ. સાચા અર્થમાં ચરિતાર્થ થઈ રહ્યું છે દરેક ક્ષેત્રે-સામાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક વગેરે ક્ષેત્રે જબ્બરજસ્ત પરિવર્તન ટેક્નોલોજીના કારણે આવી ગયું છે. પરિવર્તનોની અસર તે કઈ રીતે જીલાય છે તેના પર આધારિત છે. સમગ્ર વિશ્વમાં એક બજારુ સંસ્કૃતિનો ઉદય થયો છે. ગળાકાપ હરિફાઈ, ભૌતિક સંપત્તિ મેળવવાની ગાંડી દોટ, મૂલ્યોના હ્રાસ, માનવીય સંબંધો ભૂલાવા, કૌટુંબિક જીવન છિન્નભિન્ન - આ તેની ખરાબ અસરો દેખાઈ રહી છે.

બાળકેળવણીના ક્ષેત્રે પરિવર્તનો દેખાય છે. કેળવણીનું પણ બજારીકરણ થયું છે. ભભકદાર મકાનો, આધુનિક સંસાધનોથી સજ્જ, ઊંચી ફી, અગ્રેજી માધ્યમ-આ નવા બાલમંદિરના લક્ષણો છે.

બાલમંદિરનું કાર્ય ઈન્દ્રિય વિકાસ અને સામાજીકરણનું છે. સુટેવનું ઘડતર અને સંસ્કારનું સિંચન છે. તેને બદલે અક્ષરજ્ઞાન પર નાનપણથી ભાર, પરીક્ષા લઈ પાસ-નાપાસ કરવા, આવું બધું શરું થયું છે. આ બાળકેળવણીના સિદ્ધાંતની વિરુદ્ધ છે. તે અટકાવવું એ બાળકના હિતમાં છે.

આપણા દેશના જાણીતા શિક્ષણવિદ્ પ્રો. યશપાલના અધ્યક્ષસ્થાને નિમાયેલ સમિતિએ 'ભાર વિનાના ભણતર'ની હિમાયત કરી છે.

નાના બાળકોનું પોતાનું અલાયદું વિશ્વ હોય છે. જ્યાં વિસ્મયનું આધિપત્ય હોય છે. સ્વાવલંબનની તીવ્ર ઈચ્છા હોય છે. સ્ફૂર્તિનો સ્રોત હોય છે. તેને જરૂર છે હૂંફાળા સહવાસની. માતાપિતા તથા શિક્ષકોએ મદદકર્તા - માર્ગદર્શક તરીકે ભાગ ભજવવાનો છે. તેના વિસ્મય જગતના આનંદલોકમાં વિહરે તેવી પ્રવૃત્તિઓ / રમતોનું આયોજન કરવાનું છે. કૂદકા મારવા, ચડઉતર કરવી, કશુંક ખેંચવું, પછાડવું, તેની અચરજને પ્રોત્સાહન આપી પોષવી, કુતુહલનું શમન થાય તેવી પ્રવૃત્તિઓ આપવી, સમય આપવો, સહજવૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરવું. ટૂંકમાં ભૌતિક, માનસિક, સાંવેગિક મોકળાશ આપવી તે મુખ્ય છે. એને ભણાવો નહીં, એને રમાડો, રમવા દો.

આજે ગિજુભાઈ, હરભાઈ, જુગતરામભાઈએ બાળકેવળણીના જે સિદ્ધાંતો પ્રબોધ્યા તે પ્રમાણે ચાલતા બાળમંદિરો ઓછાં થયા છે.

પરિવર્તન આવકાર્ય છે, અનિવાર્ય છે, પણ તે બાળકના હિતમાં હોય તેટલા જ સ્વીકારવા જોઈએ.

ટેક્નોલોજીનો ઉપયોગ આવકાર્ય છે. કમ્પ્યૂટર, આઈપેડ દ્વારા વાર્તાઓ, ગીતો, પ્રકૃતિ દર્શન વગેરે ઘણું આસાનીથી શીખવી શકાય છે, પરંતુ ટેક્નોલોજીના ગુલામ ન બને તે ધ્યાનમાં રાખવું પડશે.

આજે કમ્પ્યૂટર, આઈપેડ, મોબાઈલથી વ્યક્તિ સ્વકેન્દ્રી બની જાય છે. સામાજિક સંબંધો, અરે ! કૌટુંબિક સંબંધો ક્ષીણ થતા જાય છે. બાળકનું રમવાનું, કૂદવાનું, અન્ય બાળકો સાથે હળવા મળવાનું ઓછું થતું જાય છે. રમતગમતના અભાવે શારીરિક સૌષ્ઠવ ઓછું થતું જાય છે.

ધનવાનો માટેની સમૃદ્ધ શાળાઓથી નવા વર્ગભેદ ઊભા થઈ રહ્યાં છે.

ભારતના લાખો બાળકો બાલમંદિરથી વંચિત છે. તેને બાલવાડી, આંગણવાડી આપો. તેના ચહેરા પર મુસ્કાન આપો, તેના સુધી ટેક્નોલોજી પહોંચાડો. ભણવાનો અધિકાર તો કાયદાથી આપ્યો, પણ તે ચરિતાર્થ થાય તેવા પ્રયત્નો બધાએ કરવા પડશે.

આપણા એક બાળપ્રેમી કવિ દિનકર પંડ્યાએ બાળક માટે નવા વિશ્વની કલ્પના કરી છે એ ભાવના સાકાર થાય તેવી પ્રાર્થના :

તન મન સબ સુખદાયક રમ્ય હૈ બાલક વિશ્વ-સુહાસા
ગર્ભસ્થ, અર્ભક, શિશુ-અવસ્થા સ્વથ નીરોગ શરીરા
પૂર્ણ પોષાહાર, શુદ્ધ જલ ઔર પરિસર, પ્રસન્ન પ્રફુલ્લા
તવ યુગ આગે - આગે,
તવ યુગ આંગન આવે,
લાયે નવ - યુગ - આશા.
તન-મન સબ સુખદાયક રમ્ય હૈ બાલક વિશ્વ-સુહાસા
રમ્ય હૈ - નવ્ય હૈ - દિવ્ય - હે
રમ્ય - નવ્ય - ભવ્ય - દિવ્ય હે

આપણા જાણીતા શિક્ષણવિદ્ અને કર્મયોગી શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટના શબ્દોમાં -

મંદિર બાંધો, મસ્જિદ બાંધો,
એમાં નથી કંઈ વાંધો,
પણ બાલમંદિર તો બાંધો.

■ ■ ■

- शिक्षा जीवन का आधार है,
  इसके बिना सब बेकार है ।
- शिक्षा जीवन का सार सिखाती,
  सभी परेशानियों से हमें बचाती ।
- बच्चों को तुम पढ़ाओ – लिखाओ,
  शिक्षा देकर संसार को बेहतर बनाओ ।



**જયંતીલાલ વાછાણી**
લેખક જાણીતા કેળવણીકાર અને સમાજચિંતક છે.

# આપણે અને આપણું બાળક

**આ**પણું બાળક આપણા જ વાણી, વિચાર અને વર્તનનું પ્રતિબિંબ છે. જેવું બિંબ તેવું પ્રતિબિંબ અરીસામાં પડે છે. સામાન્ય રીતે બાળકને શીખવવું પડે તેના કરતાં આપણા વાણી-વર્તનમાંથી ઘણું બધું સાહજિક રીતે શીખી લે છે. બાળકમાં અનુકરણવૃત્તિ કુદરતદત્ત હોય છે. બાળકના જન્મદાતા બનવું તે પ્રકૃતિદત્ત છે, પરંતુ બાળકના સર્વાંગી જીવનવિકાસ માટે સાચા અર્થમાં માતા-પિતા બનવું ખૂબ જ પુરુષાર્થ માગી લે છે. બાળકના વાણી, વિચાર અને વર્તનને યોગ્ય રીતે કેળવી, યોગ્ય દિશા આપી સદ્‌માર્ગે ગતિશીલ બનાવવા તે આપણું કર્તવ્ય છે. આવી સજ્જતા કેળવવા માટે માતા-પિતાએ સદ્‌વાંચનની અને સત્સંગની ધીરજપૂર્વક આદત કેળવવી જોઈએ.

આપણા બાળકનો સર્વાંગી જીવન વિકાસ એટલે કે શારીરિક, માનસિક, બૌદ્ધિક અને શૈક્ષણિક વિકાસ માટે માતા-પિતાએ સતત જાગૃત બનવું જરૂરી છે. પહેલાં તો બાળકના સ્વાસ્થ્ય માટે જાગૃત બની તેનો શારીરિક વિકાસ થાય તે માટે નિયમિત તેને અનુરૂપ કસરત, રમતગમત વગેરે માટે યોગ્ય સમય ફાળવો. જેથી તેનું શરીર સ્વાસ્થ્ય સારું રહે. જો શરીર સ્વસ્થ હશે તો તેનું મન પણ સ્વસ્થ બનશે, મન સ્વસ્થ હશે તો તેના વિચારો સ્વસ્થ બનશે, તેના વિચારો સ્વસ્થ હશે તો તેનું કર્મ પણ સ્વસ્થ બનશે. આમ તેનો સર્વાંગી વિકાસ આપોઆપ કુદરતી રીતે જ થતો રહેશે.

આપણું બાળક આપણી જ પ્રતિકૃતિ બને એ આગ્રહ નકામો છે. એમને એમની આકૃતિ ઘડવા માટે યોગ્ય રીતે મદદરૂપ થવું તે આપણું કર્તવ્ય છે. બાળકમાં કુદરતદત્ત કોઈને કોઈ સદ્‌શક્તિ છુપાયેલી છે તેને શોધો અને કાર્યમાં સહભાગી બની પ્રોત્સાહિત કરતા રહો. તેથી તે આપણા કરતાં પણ સારું કાર્ય કરવાની ક્ષમતા મેળવશે.

જીવનમાં સુખશાંતિ અને સમૃદ્ધિ મેળવવી હોય તો સકારાત્મક લાગણીને પોષવી પડે. બાળકના સમસ્યાત્મક વર્તનના કારણ પાછળ ભય, ચિંતા કે માનસિક તાણ જેવી બાબતો રહેલી છે. વારંવારની રોકટોકને કારણે બાળક સુધરવાને બદલે બગડે છે. બાળકનો ગુસ્સાના આવેગમાં ઉછેર થશે, તો તે ગુસ્સો કરતા શીખશે. બાળક મશ્કરી સાથે ઉછરે, તો શરમાળ બનશે. બાળક અપમાન સાથે ઉછરે, તો તે અપરાધભાવ અનુભવવાનું શીખશે. બાળક સહિષ્ણુતા સાથે ઉછરે તો તે સહનશીલતાનો ગુણ મેળવશે. બાળક પ્રોત્સાહન, પ્રશંસા સાથે ઉછરે, તો તે બીજાની કદર કરતા શીખશે. આમ આપણું બાળક ઉચિત વ્યવહાર સાથે ઉછરે, તો તે ન્યાયી વલણ અપનાવતા શીખશે. બાળક સ્વીકૃતિ સાથે ઉછરે, તો તે આદર કરતાં શીખશે. આમ તમારા બાળકનું શારીરિક, માનસિક, બૌદ્ધિક અને શૈક્ષણિક વિકાસ સંતુલન જાળવવાથી તમે સમસ્યાત્મક પ્રશ્નોથી બચી શકશો. બાળકના સર્વાંગી વિકાસ માટે હંમેશા સકારાત્મક વલણના ઉપાયો જ અસરકારક બને છે.

બાળકની પાસે તમારે જે કરાવવું છે તે તમારે પણ કરવું પડે, તો જ તેની અસર થાય.

આમ જીવનના ત્રણ સદ્‌ગુણો : (૧) આત્મબળ (૨) આત્મવિશ્વાસ (૩) આત્મનિર્ભરતા તેનામાં કેળવાશે અને તેનો સર્વાંગી વિકાસ થશે.

સામાન્ય રીતે દરેક મનુષ્ય પોતાના મનને ગમે તેવું સ્વાભાવિક રીતે વર્તન કરતો હોય છે. મનુષ્યનું અસંયમિત મન સામાન્ય રીતે ઈન્દ્રિયોના વિષયભોગ તરફ આકર્ષિત રહે છે. જેમ કે આંખ તેના વિષય રૂપ તરફ, જીભ તેના વિષય સ્વાદ તરફ, કાન તેના વિષય શબ્દ સાંભળવા તરફ, નાક તેના વિષય ગંધ તરફ અને ચામડી તેના વિષય સ્પર્શ તરફ આકર્ષિત રહેશે. જો અસંયમિત મન ઈન્દ્રિયોના અયોગ્ય વિષય તરફ આકર્ષિત બની તેમાં મન સામેલ થશે તો અધઃપતન ચોક્કસ થાય છે અને તેનું જીવન ધૂળધાણી થઈ જાય છે.

આ અસંયમિત મનને જે ગમે છે તે જીવન વિકાસ માટે સારું નથી અને જે સારું છે તે અસંયમિત મનને ગમતું નથી. માટે જ શાસ્ત્રમાં ઈન્દ્રિયોનું દમન કરવાનું કહેલ છે. ઈન્દ્રિય દમન એટલે ઈન્દ્રિયો ઉપરનો સંયમ જેને 'દમ' તરીકે ઓળખાવેલ છે. એ જ રીતે મન ઉપરના સંયમને 'શમ' તરીકે ઓળખાવેલ છે. આમ જીવન વિકાસ માટે દરેક મનુષ્યે ઈન્દ્રિયો અને મનનો સંયમ કેળવવો અનિવાર્ય બની રહે છે.

અંતમાં આપ સૌને ઈન્દ્રિયો અને મનના સંયમ કેળવવાની ઈશ્વર પ્રેરણા સાથે શક્તિ આપે એવી પરમાત્માને પ્રાર્થના સાથે વિરમું છું. અસ્તુ. ■

મો. ૯૮૭૮૫ ૫૬૮૪૮



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ

## જેણે ૭૩ નોબેલ પ્રાઈઝ વિજેતા આપ્યા

ભારતમાં એક જમાનામાં તક્ષશિલા અને નાલંદા જેવી શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ હતી. આજે યુનિવર્સિટી ઓફ ઑક્સફર્ડની વાત કરવી છે. નોંધપાત્ર વાત એ છે કે ઑક્સફર્ડ યુનિવર્સિટીની સ્થાપના ઈ.સ. ૧૦૯૬માં થઈ હતી આજે આ યુનિવર્સિટી એક વટવૃક્ષ છે. તેની સાથે સંકળાયેલી કૉલેજોના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬,૪૫૫ છે જ્યારે એકેડેમિક સ્ટાફની સંખ્યા ૬,૯૪૫ છે.

જાણવા જેવી વાત એ છે કે યુનિવર્સિટી ઑફ ઑક્સફર્ડે યુ.કે. સહિત વિશ્વના દેશોને ૩૦ વડાપ્રધાનો આપ્યા છે, જ્યારે આ યુનિવર્સિટીમાં ભણેલી ૭૩ જેટલી પ્રતિભાઓને નોબેલ પ્રાઈઝ મળ્યાં છે.

આ યુનિવર્સિટીમાં ભણેલા જે વિદ્યાર્થીઓ યુ.કે.ના વડાપ્રધાન બન્યા તેમાં વિલિયમ ગ્લેડસ્ટોન, એચ.એચ. એસક્વીથ, કલેમેન્ટ એલી હેરોલ્ડ મેકમિલન, એડવર્ડ હીથ, હેરલ્ડ વિલ્સન, માર્ગારેટ થેચર, ટોની બ્લેર, ડેવિડ કેમરોન, થેરેસા મે, બૉરિસ જહોનસન, લીઝ ટ્રુસ અને ઋષિ સુનક જેવાઓનો મુખ્યત્વે સમાવેશ થાય છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણેલા ૧૦૦ એલ્યુમ્ની ૨૦૧૦માં બ્રિટનની પાર્લામેન્ટમાં ચૂંટાયા હતા. તે સિવાય ૩૦ જેટલા આંતરરાષ્ટ્રીય નેતાઓ પણ આ જ યુનિવર્સિટીમાં ભણ્યા હતા. આ યુનિવર્સિટીમાં ભણેલા કેટલાક વિદ્યાર્થીઓ બીજા દેશોમાં ટોચના નેતા બન્યા. જેમાં નોર્વેના હેરાલ્ડ પાંચમા, જોર્ડનના અબ્દુલા-૨, નેધરલૅન્ડના વિલિયમ-૨, ઓસ્ટ્રેલિયાના પાંચ વડાપ્રધાનો જોહન ગોર્ટન, માલ્કોમ ફેસર, બૉબ હાવકે, ટોની એબર અને માલ્કોમ ટર્નબુલનો સમાવેશ થાય છે. એ સિવાય પાકિસ્તાનના છ વડાપ્રધાનો પણ આ જ યુનિવર્સિટીમાં ભણ્યા હતા જેમાં લિયાકત અલીખાન, હુસેયન શાહીદા સર, ફિરોઝખાન નુન, ઝુલ્ફિકાર અલી કિટ્ટો, બેનઝીર ભુટ્ટો અને ઈમરાન ખાનનો સમાવેશ થાય છે. કેનેડામાં વડાપ્રધાન બનેલી બે વ્યક્તિઓ પણ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં જ ઘણી હતી, જેમાં લેસ્ટર બી. પિયરસન અને જોહન ટર્નરનો સમાવેશ થાય છે. ભારતના બે પૂર્વ વડાપ્રધાનો ઈંદિરા ગાંધી અને મનમોહનસિંઘ પણ આ જ યુનિવર્સિટીમાં ભણ્યા હતાં. જો કે, ઈંદિરા ગાંધીએ તેમનો ડિગ્રી કોર્સ પૂરો કર્યો નહોતો.



સિલોનના પૂર્વ વડાપ્રધાન એસ. ડબલ્યુ, આર.વી. બંદારનાઈકે અને જમૈકાના પૂર્વ વડાપ્રધાન નોર્મન વોશિંગ્ટન મેનલી પણ અહીં જ ભણ્યા હતા. ઓમાનના સુલતાન પેડ્રો હૈથામ બીન તારિક અલી સૈયદ, ટ્રિનિદાદના પૂર્વ વડાપ્રધાન એરિક વિલિયમ્સ, પેરુના પૂર્વ પ્રેસિડેન્ટ પાલ્લો કુઝીન્સ્કી, થાઈલૅન્ડના પૂર્વ વડાપ્રધાન અભિસિત વેન્જાજાવા પણ આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હતા. આ યાદી લાંબી છે.

જે વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિકો ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણ્યા તેમાં સ્ટીફન હોકીંગ, ટીમ બર્નસ લી અને ડોરોથીનો સમાવેશ થાય છે. આ યુનિવર્સિટીમાં ભણેલા જે ચાર ગણિતજ્ઞોને નોબલે પ્રાઈઝ મળ્યાં તેમાં માઈકલ અતિયાહ, ડેનિયલ ક્વીલેન, સિયામ ડોનાલ્ડસન અને જેમ્સ મેનાર્ડનો સમાવેશ થાય છે. આ યુનિવર્સિટી સાથે સંકળાયેલ ૨૨ જેટલા લોકોને કેમેસ્ટ્રીમાં, ૬ જણને ફીઝીક્સમાં અને ૧૬ ને મેડિસિનમાં નોબલે પ્રાઈઝ મળ્યાં હતાં. આ યુનિવર્સિટીમાં રહી એક્સ-રે પર સંશોધન કરનાર ડોરોથી હોડગલને હાર્વર્ડ ફ્લોરોન પેનિસિલન પર અને જોહન બી. ગુડનધને

# શિક્ષણ સૃષ્ટિ

લિથિયમ બેટરી પર સંશોધન માટેનાં નોબેલ પ્રાઈઝ એનાયત થયાં હતાં.

યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડે ૩૯ જેટલી સેમી ઓટોનોમસ કોન્સ્ટિટ્યુએન્ટ કૉલેજો, પાંચ પ્રાઈવેટ હોલ્સ અને બીજા અનેક ડિપાર્ટમેન્ટ્સ ધરાવે છે. આ યુનિવર્સિટી પાસે વિશ્વનું સહુથી જૂનું મ્યુઝિયમ છે અને વિશ્વનું સહુથી મોટું પ્રેસ પણ છે. યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડમાં ભણેલાં ૧૬૦ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ ઑલિમ્પિકસમાં મેડલ્સ જીતી ચૂક્યાં છે. આ યુનિવર્સિટી યુ.કે.ની સહુથી મોટી લાઈબ્રેરી સિસ્ટમ ધરાવે છે. તેના સંકુલમાં આવેલી અનેક લાઈબ્રેરીઓમાં ૧ કરોડ ૧૦ લાખ પુસ્તકો છે. આ લાઈબ્રેરી સિસ્ટમમાં વિવિધ વિષયોમાં સંશોધન કરવા માટેની સગવડ પણ ઉપલબ્ધ છે.

ઓક્સફર્ડના મ્યુઝિયમમાં એક મ્યુઝિયમ છે, જેનું નામ 'ધી એશ્મોલીન મ્યુઝિયમ' છે. તેની સ્થાપના ઈ.સ. ૧૬૮૩માં થઈ હતી. આ વિશ્વનું સૌથી પુરાણું મ્યુઝિયમ છે. તેમાં કલા અને આર્કિયોલોજીના અલભ્ય નમૂના સચવાયા છે. તેમાં માઈકલ એન્જેલો, લિયાનાર્દો દ વિન્સી, ટર્નર અને પિકાસોનાં અસલી ચિત્રો સચવાયેલાં છે. 'ધી યુનિર્વસિટી મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી' માં કરોડો વર્ષ પૂર્વેનાં ડાયનોસોર રેક્સ જેવાં પ્રાણીઓનાં હાડપિંજર પર સચવાયેલાં છે.

ધી ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ કે જે વિશ્વનું બીજા નંબરનું સહુથી જૂનું પ્રેસ છે. તે આજે પણ દર વર્ષે ૬૦૦૦ નવાં પુસ્તકો છાપે છે. આખા વિશ્વમાં જાણીતી ઓક્સફર્ડ ઈંગ્લિશ ડિકશનેરી પણ અહીં જ છપાય છે. યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડની સ્થાપનાની ચોક્કસ તારીખ ઉપલબ્ધ નથી, પરંતુ ઈ.સ. ૧૦૯૬ પહેલાં તે શરૂ થઈ હોવાનું મનાય છે. ઈતિહાસ એવો છે કે ઈ.સ. ૧૧૬૭માં યુનિવર્સિટી ઓફ પેરિસમાં કેટલાક ઈંગ્લિશ વિદ્યાર્થીઓ પાછા ફર્યા તે પછી આ યુનિવર્સિટીનો ઝડપથી વિકાસ થયો. આ યુનિવર્સિટીનાં પહેલાં વિદેશી સ્કોલર એમ્મા ફ્રીસલેન્ડ હતાં.

કહેવાય છે કે જાણીતા ઈતિહાસકાર જેરાલ્ડ ઓફ વેલ્સે ૧૧૮૮માં અહીં લેકચર્સ આપ્યાં હતાં. ઈ.સ. ૧૨૦૧ ની સાલથી આ યુનિવર્સિટીના વડાને 'ચાન્સેલર' કહેવાયા. ઈ.સ. ૧૨૪૮ની સાલમાં ઈંગ્લેન્ડના કિંગ હેન્રી ત્રીજાએ આ યુનિવર્સિટીને 'રૉયલ ચાર્ટર' મંજૂર કર્યું.

અલબત્ત, ઈ.સ.૧૨૦૯માં વિદ્યાર્થીઓ અને ઑકસફર્ડ ટાઉનના લોકો વચ્ચે વિવાદ થતાં કેટલાક શિક્ષણકારો જતા રહ્યા અને તેમણે યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજની સ્થાપના કરી.

છેવટે ૧૫ મી સદીમાં રેનેસાં પીરિયડ આવ્યો અને તેની અસર ઑક્સફર્ડ યુનિવર્સિટી પર પડી. તે પછી ગ્રીક ભાષાના અભ્યાસો પણ શરૂ થયા. ૧૬૪૨ થી ૧૬૪૯ દરમિયાન ઑક્સફર્ડ યુનિવર્સિટી રોયલીસ્ટ પાર્ટીનું કેન્દ્ર હતી. એ સમયગાળો એટલે કે ૧૬૪૨ થી ૧૬૪૯ વચ્ચેનો સમયગાળો ઈંગ્લિશ સિવિલ વૉરનો હતો, પરંતુ ૧૮ મી સદી બાદ આ યુનિવર્સિટીએ ઈંગ્લેન્ડની રાજનીતિમાં રસ લેવાનું ઓછું કરી નાંખ્યું.

૧૯ મી સદીમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં નવા સુધારા આવ્યા. તે પછી આ યુનિવર્સિટીએ કલાસિકલ લેંગ્વેજીસ અને વિજ્ઞાનના વિષયો પર ફોકસ કર્યું. ૧૯૧૪ ના સમયગાળામાં આ યુનિવર્સિટીમાં ૩૦૦૦ અંડર ગ્રેજ્યુએટ અને ૧૦૦ જેટલા પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ભણતા હતા. પહેલાં વિશ્વ યુદ્ધ દરમિયાન ઘણા અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ અને ફેલો આર્મીમાં જોડાયા. આ યુદ્ધગાળા દરમિયાન યુનિવર્સિટીમાં ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૪ ટકાનો ઘટાડો થયો હતો.

તે પછી ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સતત સુધારા દાખલ કરવામાં આવતા રહ્યા. સંશોધનો કરનારા વિદ્યાર્થીઓને ડૉક્ટરેટ આપવાની શરૂઆત ૨૦ મી સદીમાં થઈ. ૧૯૨૧ માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ પહેલી જ વાર મેથેમેટિક્સમાં 'ડી ફિલ' ની ડીગ્રી એનાયત કરી. આ યુનિવર્સિટીમાં ભણેલા કેટલાયે વિદ્યાર્થીઓએ રાજનીતિ, વિજ્ઞાન, મેડિસિન અને સાહિત્યના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રતિભાઓ બ્રિટનને અને વિશ્વને આપી.

નોંધપાત્ર વાત એ છે કે યુનિવર્સિટી ઑફ ઑક્સફર્ડ પાસે ૭૦ એકરના તો પાર્ક છે. તેનાં પોતાનાં બોટનિકલ ગાર્ડન્સ છે. તેમાં ૮૦૦૦ જેટલી વિવિધ વનસ્પતિ ઉપલબ્ધ છે.

આજે યુનિવર્સિટી ઑફ ઑક્સફર્ડ એક વટવૃક્ષ છે.


## શિક્ષણ સૃષ્ટિ



**જિતેન્દ્રકુમાર બી. જોટાસણા**
લેખક જાણીતા કેળવણીકાર અને સમાજ ચિંતક છે.

# ભણતર ખરું, પણ કેવું ?

વાચક મિત્રો, આપણે એકવીસમી સદીના ત્રીજા દસકમાં છીએ. આજે દુનિયામાં હરકોઈ ધર્મ, જ્ઞાતિ અને સમાજે મહત્ત્વ સ્વીકાર્યું છે, તો એ છે ભણતર. આપણે સામાજીક, ધાર્મિક કે અન્ય કોઈ મેળાવડાઓમાં મળીએ છીએ. ત્યાં બધા જ ડાહ્યા માણસોના મુખે જરૂર સાંભળીએ છીએ કે, 'હવે ભણ્યા વગર છૂટકો નથી.' આપણાં સંતાનોને અને ભાવિ પેઢીને સુખી કરવી હોય તો ભણતર સિવાય કોઈ ઈલાજ નથી. આ લોકલાગણી સાથે કોણ સંમત ન હોય? ભલા માણસ. ભણતરના મહત્ત્વને સ્વીકાર્યા પછી તરત જ, મનમાં સળવળાટ થાય છે. એ અંગત નમ્ર મંતવ્ય છે. કોઈ ઉપર દોષારોપણ કે સારી પ્રવૃત્તિનું અવમૂલ્યન આંકવાનો ભાવ નથી. આ તો ગમતા વિચારનો ગુલાલ સમજજો હો.




આપણાં ડાહ્યાં વડીલો, ઉદાર દિલ દાતાઓ અને પરસેવો પાડી પુરુષાર્થ કરનારા સમાજસેવકોની મહેનતના કારણે જ. આજે આપણી પાસે આટલી બધી સારી સુવિધાયુક્ત શાળાઓ, કૉલેજો અને સંસ્થાઓ છે. જીવનનાં મહત્ત્વનાં વર્ષો અભ્યાસ માટે ફાળવતા સંતાનો છે. પોતાના જ્ઞાન અને કૌશલ્યો પીરસતાં ગુરુજનો છે. શું ઘટે વ્હાલાં? ખરેખર કાંઈ ઘટવું ન જોઈએ ને?

પણ હા, જરા થોડીવાર શાંતિથી બેસીને હૈયા પર હાથ રાખીને વિચારજો. આટઆટલા ભણતર અને તે પામેલા લોકોથી બનેલા સમાજમાં આપણને વ્યક્તિગત રીતે સુખ, શાંતિ અને સલામતીનો અહેસાસ થાય છે? આપણાં પરિવાર જીવનમાં માધુર્ય અને આનંદ જોવા મળે છે? સમૂહજીવન કે સમાજ જીવનમાં સંતોષ અને હાશકારાનો ઓડકાર સંભળાય છે. બધા જ ક્ષેત્રોમાં અજંપો કેમ આંટો વાઢી ગયો છે? ભણ્યા - ગણ્યા પછી પણ આપણે કોરા કટ્ટ કેમ?

લાગે છે કે આપણે ભણતર, શિક્ષણ અને કેળવણી બધું એક સમજી બેઠા. સાક્ષરી વિષયોના પુસ્તકો, વિદ્યાર્થીની સ્મૃતિ તપાસતી પરીક્ષા અને તેમાં આવતા માર્ક્સને, માર્કશીટ અને પ્રમાણપત્રને સઘળું માની બેઠા એટલે ગમી જાય એવું વિધાન મળ્યું. 'પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો દાસ !' બસ ત્યારથી સમાજની દશા અને દિશા અવળા રવાડે ચડી ગયા. વીસમી સદીના છેલ્લા આધુનિક ઋષિપુરુષ પૂ. વિનોબાભાવેએ કેળવણીની સરસ સમજણ આપી. 'દાળબાટીનું સર્જન + હૈયાનું પ્રફુલ્લન !' અર્થાત્ રોજીરોટી મેળવવાનું કૌશલ્ય સાથે ચેતોવિસ્તારનો વ્યાપ. સાચી કેળવણીમાં હારેલા, થાકેલા અને નિરાશ થયેલા માણસને બેઠો કરવાનું સામર્થ્ય હોય. ચેતોવિસ્તારનો વ્યાપ થયેલો, એવી કેળવણી પામેલો માણસ કોઈનું અહિત કેમ કરે ? દગો-ફટકો, વિશ્વાસઘાત કેમ કરે ? એ ભેળસેળ, લાંચરૂશ્વત, બેઈમાની કરે ખરો?

આપણે અને આપણી ભાવિ પેઢીને આ અજંપો, સંતાપમાંથી બચવું હોય તો... આપણે માતાપિતા - વડીલો તરીકે સ્વયંભૂ અમુક પ્રકારની મર્યાદાઓ સાથેનું આદર્શ જીવન જીવીને તેને રોલ - મોડલ પૂરું પાડવું પડે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં પણ ખરા અર્થમાં કેળવાયેલાં. જેના આચાર - વિચારમાં ઐક્ય હોય જેની કરણી - કથનીમાં એકરૂપતા હોય એવાં રોલ મોડલ બની શકે એવાં ગુરુજનો (ભાઈઓ - બહેનો) ગોતી ગોતીને મૂકવા પડે. કામ અઘરું છે પણ અશક્ય નથી. પરિવારમાં શિક્ષણ સંસ્થાઓમાં અને સમાજ જીવનમાં મૂલ્યલક્ષી, નીતિમત્તાવાળું નર્યું નિરાળું અને ભાવજગત રચવા માટે અરે કહોને આખરે આપણાં સહુનાં ભલા માટે, કલ્યાણ માટે આ રસ્તે આજે નહીં તો કાલે જવું પડશે. જાગ્યા ત્યારથી સવાર ગણીએ તો ? ફરીથી સૌ વાચક મિત્રો 'ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ...ને ગમતાંનો કરીએ ગુલાલ.

उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

"Together we can do it
Together we have always done it"



ENERGY IS LIFE
BEE
CONSERVE IT
ISO 9001
BUREAU VERITAS
Certification
IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

# શિક્ષણ સૃષ્ટિ



**નવીન વી. વાછાણી**
લેખક જાણીતા કેળવણીકાર અને
વિવિધ સામયિકોમાં જ્ઞાનપ્રેરક લેખો લખવા માટે જાણીતા

# બાળકને આટલાં ઝેરથી બચાવવા આપણી ફરજ

ખારચિયા (શહીદ) ગામના મૂળ વતની શ્રી નવીન વાછાણીએ ૩૪ વર્ષ સુધી દેરડી (કુંભાજી) ગામમાં શિક્ષણની સાધના કરી છે. ઉમિયા પરિવાર સહિત અનેક સામયિકોમાં તેમના લેખો અવાર-નવાર પ્રસિદ્ધ થતાં રહે છે. તમામ વયકક્ષાના લોકોને સ્પર્શી જાય તેવા જ્ઞાનપ્રેરક લેખો લખતાં આ લેખકને "ઉમાસૃષ્ટિ" માં આવકારતા આપણે હર્ષ અનુભવીએ છીએ.

**બાળકનો સારો ઉછેર કરવો એ કરેલું શ્રેષ્ઠ રોકાણ છે** - ચર્ચિલ
**જગતનો સર્વોત્તમ ઉપહાર એટલે તંદુરસ્ત બાળક.** - અજ્ઞાત
**બાળક એટલે પ્રેમવારિથી ઊછરતી પુષ્પવેલ** - ગિજુભાઈ બધેકા

દરેક માતા-પિતાને પોતાનું બાળક ખૂબ વહાલું હોય છે. **બાળક એ માતાનું મન, પિતાનું તન, કુટુંબનું કલ્પવૃક્ષ અને રાષ્ટ્રનો રખેવાળ છે.** બાળકના સારા ઉછેર, શિક્ષણ, સંસ્કાર અને સારા આરોગ્ય માટે દરેક માતા-પિતા જાગૃત રહેતા હોય છે. પરંતુ આજે આપણો સમાજ પશ્ચિમની સંસ્કૃતિના રંગે રંગાઈ રહયો છે, તેની અસર સ્વરૂપે તેના ખોરાક, પોષાક, શોખ, રહેણીકરણી અને સંસ્કાર વગેરેમાં ભારે બદલાવ લાવી રહ્યો છે. આજે આ બધાની બૂરી અસરો બાળકો પર તુરંત થાય છે અને તેનું આરોગ્ય જોખમાય છે. તૈયાર ઠંડાપીણા, જંકફૂડ, ટીવી, મોબાઈલ, કમ્પ્યૂટરના વધુ પડતા વપરાશથી પણ બાળકોના તન અને મનનું આરોગ્ય જોખમાય છે. આ બધાના અતિરેક એક પ્રકારનું ઝેર છે. પ્રભુના પેગંબર જેવા કુમળા બાળકના તન અને મનના આરોગ્ય જાળવવા તેમને આ બધા ઝેરથી દૂર રાખવા જરૂરી હોય છે. દરેક માતા-પિતાએ જાગૃત થઈને નુકસાન કરતા આવા પદાર્થોથી દૂર રહેવા સમજ આપવી જોઈએ. **બાળક માટે જ્ઞાન અને શિક્ષણની સાથે સાથે સારા આરોગ્ય અને સંસ્કારની પણ વધુ જરૂર હોય છે** તેનો ખ્યાલ દરેક માતા-પિતાએ રાખવો જોઈએ. બાળકો એ પ્રફુલ્લિત બાગ જેવા હોય છે. તેને જેમ વિકસાવશો તેમ તે વિકસશે. એટલે તેના સર્વાંગી વિકાસ અને ઉછેર માટે કાળજી લેવાની જરૂર હોય છે. બાળકોને આટલા ઝેરથી બચાવતા રહેવું એ આપણી ફરજ છે.

**(૧) ઠંડા પીણા :** આજે પશ્ચિમી અસર વધતા તૈયાર ઠંડા પીણા પીવા એ પ્રતિષ્ઠાનું ચિન્હ બની ગયું છે. ઘણા લોકો તો પાણીની જેમ આ પીણા પીવે છે ને તેના નાના બાળકોને પણ હોંશે હોંશે પાય છે અને તેનું ગૌરવ પણ લે છે. આ ઠંડા પીણાઓમાં કોઈ જ પોષક તત્ત્વ હોતું નથી તે સંશોધનોથી સિધ્ધ થઈ ચૂક્યું છે. **બધા જ ઠંડા પીણાઓમાં ઈસીલીન ગ્લાઈકોલ નામનું ધીમું ઝેર હોય છે.** ઉપરાંત તેમાં ફોસ્ફોરિક એસિડ, કાર્બોનિક એસિડ વગેરે આવેલા હોય છે જે આપણા મજબૂત હાડકાં ગાળતા રહે છે. તેના હાનિકારક દ્રવ્યો શરીરને ગંભીર નુકસાન પહોંચાડે છે. આ ઝેર સમાન ઠંડા પીણાથી કેટલું નુકસાન થઈ રહ્યું છે તે વિચારવાનો કોઈ પાસે સમય નથી, સમજ નથી. બધાના આરોગ્યને ગંભીર નુકસાન થાય છે. ઉનાળામાં ઠંડા પીણા પીવાની ઈચ્છા થાય ત્યારે તાજા ફળોનો રસ, લીંબુ, વરિયાળી શરબત, નાળિયેર પાણી, છાશ, લસ્સી, જલજીરૂ, શેરડી રસ વગેરે લઈ શકાય, જે આરોગ્યને લાભકર્તા હોય છે.

**(૨) જંક ફૂડ :** બજારુ તૈયાર ખોરાકમાં શુધ્ધતા, ગુણવત્તા અને સ્વચ્છતાનો અભાવ હોય છે. દરેકમાં ભેળસેળ હોય છે. ખાદ્ય સંરક્ષક રસાયણ તેમાં વપરાયેલ હોય છે, જે શરીરને નુકસાન કરે છે. આ અમુક ખાદ્ય પદાર્થો આપણા આંતરડામાં માત્ર નુકસાન કરવાનું જ કામ કરે છે. તેમાંથી શરીરને કંઈ જ પ્રાપ્ત થતું નથી. **બાળકોના સારા આરોગ્યની જાળવણી માટે તેને બજારના તૈયાર ખોરાક ન આપવા જોઈએ.** ઘરે જ શુધ્ધ આરોગ્યપ્રદ ખોરાક, નાસ્તો, બનાવીને આપવો જોઈએ. જે શરીરની રોગ પ્રતિકારક શક્તિ જાળવવા માટે ઉપયોગી બની રહેશે. બાળકને ભાગ માટે વિવિધ ફળો પણ આપી શકાય છે. શુધ્ધ ખોરાક એ જ ઉત્તમ આરોગ્ય હોય છે.

**(૩) ટી.વી., મોબાઈલ, કમ્પ્યૂટર વપરાશ :** આ બધા સાધનો પુરા મનનો કબજો લઈ લે તેવા અફીણના ગુટકા સમાન છે. આ ઉપકરણોનું વ્યસન વધતું જ રહે છે. તેના વપરાશમાં મર્યાદા સમજ રાખવી જોઈએ.તેના અતિરેકભર્યા વપરાશથી બાળકની આંખો, અભ્યાસ અને આરોગ્ય બગડે છે. બાળકનું મગજ જિદ્દી, ક્રોધિત અને સ્વકેન્દ્રી બને છે. હા, તેનો જરૂરી ઉપયોગ બાળક માટે આશીર્વાદ સમાન છે.

**(૪) વ્યસનમુક્ત :** બાળકને તમાકુ, ગુટકા જેવા નશાપ્રેરક પદાર્થોથી દુર રાખવું જોઈએ. વ્યસનની વિનાશકારી સમજ આપી તેને વ્યસનથી જરૂર દૂર રાખી શકાય છે. દરેક માતા-પિતાએ બાળકને વ્યસનથી દૂર રાખવા એ તેમની જવાબદારી છે. પિતાએ પણ આ ઝેર સમાન વ્યસનો છોડી પોતાના બાળક માટે આદર્શરૂપ બનવું જોઈએ. નશાપ્રેરક વ્યસનથી દરેક વ્યક્તિ જરૂર બચી શકે છે અને છોડી શકે છે.

**(૫) અપમાન અને મારપીટ ન કરવા :** અમુક મા-બાપ તેના બાળકને તેની નાની સરખી ભૂલ માટે વારંવાર અપમાન અને મારપીટ કરતા હોય છે. જે કોઈ જ રીતે યોગ્ય નથી. બાળકને અપાતા અપમાન અને મારપીટ એ પણ ઝેર સમાન છે. આના કારણે બાળક બળવાખોર, ક્રોધી અને જિદ્દી બને છે. તેનામાં હતાશા આવે છે એટલે **બાળકને કાયમ પ્રેમ, પ્રસન્નતા અને ઉત્સાહ જ આપવા જોઈએ.** જેથી બાળકના તન અને મનનો સર્વાંગી વિકાસ થાય છે.

આજે ઘણા શિક્ષણવિદો, ચિંતકો બાળકના શિક્ષણ અને વ્યવસાય અંગે માર્ગદર્શન આપતાં પુસ્તકો અને પ્રવચનો જરૂર આપે છે. પણ બાળકોના પ્રથમ સારા સંસ્કાર અને સારા આરોગ્ય માટેની કોઈ વાત કરતા નથી. બાળકને આ સમજ આપવાથી તેનામાં જ્ઞાન અને શિક્ષણ સહજ રીતે વધતા રહે છે. દરેક માતા-પિતામાં બાળકોને સારા સંસ્કાર, આરોગ્ય અને પ્રસન્નતાની ભેટ કાયમ આપવી જોઈએ. આ દરેક જાગૃત મા-બાપની ફરજ છે.

**"બાળકને તમે મારો એ પહેલા ખાતરી કરી લેજો કે તેના ગુનાનું કારણ તમે પોતે તો નથી ને!"** - શેખ સાદી

મો. ૯૯૭૯૪ ૬૯૯૧૭

# નારી સૃષ્ટિ

**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધાર

# સ્ત્રી નવી સંસ્કૃતિની જનમદાતા હશે

ગંગાપુત્ર ભીષ્મ બાણશૈયા પર છે. યુદ્ધથી સર્જાનાર વિનાશની તેમને ઝાંખી છે. આટલેથી યુદ્ધની સમાપ્તિ થતી હોય તો એના ઉપાયો યોજવા દુર્યોધન પણ ઉત્સુક છે. ગુરુ દ્રોણ જો યુધિષ્ઠિરને બંદીવાન બનાવી શકે તો યુદ્ધનો એ ક્ષણે અંત આવી શકે અને યુધિષ્ઠિરને બંદીવાન બનાવવાના પેંતરા રચાય છે.

પેંતરા રચવામાં આ દુનિયામાં કોઈ ફાવ્યું છે ભલા ? પાંચ હજાર વર્ષ પહેલાંની વાત હોય ! લડાઈ-ઝઘડા કે કજિયા-કંકાસને અટકાવવાનો નરવો ઉપાય આજ સુધી આપણને હાથ લાગ્યો નથી એમ કહેવામાં શરમ નથી.

કોઈપણ રાજનીતિ ક્રાંતિકારી કે પરિવર્તનશીલ કદી ન બની શકે. કોઈ રાજનીતિજ્ઞ સુધારાવાદી હોઈ શકે નહીં. રાજનીતિજ્ઞો સેંકડો વર્ષોથી આ સંસારનું સંચાલન કરે છે, પરંતુ પરિણામ સાફ દેખાય છે. સંસારમાં દરરોજ દુઃખોનો ગુણાકાર જ થતો રહ્યો છે. વર્ષોથી આપણે આ ખેલ જોતા આવ્યા છીએ.

આધ્યાત્મિકતા આનો ઉપાય શોધી શકે, પરંતુ આપણી આધ્યાત્મિકતા પણ મૃત્યુ પછી આપણું શું થાય છે ? તેની વધુ ચિંતા કરે છે. મૃત્યુ પછી જે થવું હશે તે થશે. મૃત્યુ પહેલાં શું થઈ રહ્યું છે તેનો ખ્યાલ કરાશે ખરો ? મૃત્યુ પહેલાં જે થઈ રહ્યું છે તે જ વળી મૃત્યુ બાદ સમજી લેવાનું, પાત્ર બદલાશે ચેતના એની એજ.

ધર્મમાં આ શરીરની નિંદા પણ ઘણી કરવામાં આવે છે. પરંતુ શરીર બિચારું બિલકુલ નિર્દોષ છે. વળી શરીર વગર ચેતનાનો વિકાસ કેવી રીતે થઈ શકે. શરીર જ વિકાસનું માધ્યમ હોય, અને માણસ જે ધારે તે કરી શકે છે એવી આ શરીરની ક્ષમતા જો વર્ણવાતી હોય તો શરીરનું સન્માન કરવાનું, શરીરને પ્રેમ કરવાનું જરૂરી બની જાય છે.

પ્રેમ એ અહિંસાનું સગુણ રૂપ છે. બધા ધર્મશાસ્ત્ર બધી આજ્ઞાઓ એ લોકોને માટે ભલે હોય કે જે લોકો પ્રેમ નથી કરી શકતા. જે પ્રેમ કરી શકે છે તેઓને માટે મોટામાં મોટું એ ધર્મશાસ્ત્ર છે, અધ્યાત્મ છે. કાંઈ ન કરો, ફક્ત પ્રેમ કરો. "પ્રેમ પરમાત્મા છે" એવું ઈશુએ કેમ કહ્યું હશે ?

એકવીસમી સદીમાં આ સંસારમાં કોઈ પરિવર્તન આવવાનું હશે તો ફક્ત પ્રેમથી જ આવશે. ધાર્મિક ચેતનાનું માધ્યમ પણ પ્રેમ હશે અને પરમાત્મા પણ સાક્ષાત હશે તો દરેકના હૃદયમાં બિરાજમાન હશે. વ્યક્તિને કોઈ બન્યા બનાવ્યા નિયમોનુસાર જીવવાનું નહીં હોય, કોઈ આદર્શ કોઈ અનુશાસનની જરૂર નહીં હોય દરેકને પૂર્ણ સ્વતંત્રતા સાથે અસીમ પ્રેમ આપવામાં આવશે કે જેને માટે જે માનવીનું જીવીત રહેવું સાર્થકતા ગણાશે.

પ્રેમ એક જ જ્યાં કાયદો હોય ! ત્યાં વળી લગ્નની પ્રથાઓ, રિવાજો કે નિયમો પણ શેના હોય ? દરેક વ્યક્તિ જ્યાં પ્રકૃત્તિનું એક અગત્યનું અંગ માનવામાં આવશે ત્યાં પર્યાવરણ નિર્મિત કરવા જેવી પ્રકૃત્તિ સાથે ચેડા કરવાની પ્રવૃત્તિ પણ ક્યાંથી હોય ? પ્રકૃત્તિને જીતવાની કે નાથવાની વાત જ ન રહે. જ્યાં પ્રેમ જ સર્વોપરી છે, ત્યાં નિષેધકનો સવાલ ક્યાં છે.

આમેય તે આપણે કહીએ છીએ કે પ્રેમમાં (જેને આપણે આંધળો પ્રેમ કહીએ છીએ તેમાં પણ) દેશ, પ્રાંત, રાષ્ટ્ર, જાતિ, વર્ણ, ભાષા એ બધું ગૌણ બની જાય છે, તો જ્યાં પ્રેમ આધારિત નવી જ સંસ્કૃતિ ઊભી હશે ત્યાં આવા તો કેટલાય પ્રશ્નો આપોઆપ ખરી પડશે એમાં નવાઈ પામવાનું પણ નહીં હોય ! આવી નવી સંસ્કૃતિની જન્મદાતા સ્ત્રી હશે એમ કહેવામાં પણ એ સો ટકાની સાચી વાત સમજવી.

જે સંસ્કૃતિમાં વિજય માટેની કોઈ આતુરતા ન હોય ફક્ત જીવવા માટેની આતુરતા હોય, જ્યાં યુદ્ધ, હિંસા ને સ્થાન ન હોય પરંતુ પ્રેમ, સહાનુભૂતિ, કરુણાનું જ શાસન હોય એવી સંસ્કૃતિને તો સ્ત્રી જ જન્મ આપી શકે.

આખા મહાભારતમાં જે રાજનીતિજ્ઞની બોલબાલા વર્ણવી છે અને હસ્તિનાપુરને બચાવી લેવા ભીષ્મ જેવા ભીષ્મ જીવનભર ચિંતા કરે છે તેનો ઉપાય પણ એ વખતની સ્ત્રીઓ પાસે શું નહોતો ? અત્યારે પણ એવું માનવાને કારણ ક્યાં નથી કે આખા વિશ્વની સ્ત્રીઓ નક્કી કરેલ કે યુદ્ધ શા માટે ? તો યુદ્ધ અત્યારે પણ બંધ થઈ શકે છે. તો પાંચ હજાર વર્ષ પહેલાં પણ સ્ત્રીઓએ ધાર્યું હોય તો યુદ્ધને રોકી શકાયું હોત. કોણ યુદ્ધ કરવા જાય છે ? કોઈનો લાડકવાયો, કોઈ બાપ તો કોઈનો પતિ, પરંતુ આજ સુધી આ બધાંને યુદ્ધમાં સ્ત્રીઓએ જ ધકેલ્યા છે.

સમગ્ર દુનિયાની સ્ત્રીઓને ખ્યાલ આવી જાય કે હવે આપણા પતિ, પુત્ર કે બાપને યુદ્ધ કરવા ધકેલવા નથી તો રાજનીતિજ્ઞોની બધી

# નારી સૃષ્ટિ

બાજી ઊંધી વળી જાય એમ માનવામાં કાંઈ ખોટું નથી. પુરુષોએ જે સીમાડા દોર્યા તે સ્ત્રીઓએ માની લીધા, સ્ત્રી એક અદ્ભૂત શક્તિ છે જેનો આજ સુધી મનુષ્યોએ બહુ ઉપયોગ નથી કર્યો એમ કહેવું અસ્થાને નથી.

હિંસા હંમેશાં સીમાડા બાંધે છે. પ્રેમમાં કોઈ સીમા નથી હોતી અને આજે પણ સ્ત્રી પાસે જે અપેક્ષા વ્યક્ત કરી છે તે અસ્થાને નથી. સ્ત્રીના મનમાં કોઈ સીમા હોય જ નહીં. કારણ કે જ્યાં પણ પ્રેમ છે ત્યાં સીમા નથી હોતી.

બીજી વાત એ છે કે સ્ત્રીના મનમાં જે પ્રેમ છે તે પ્રેમનો પૂરો વિકાસ થઈ શક્યો નથી. પુરુષોએ તેના વિકાસ આડે દીવાલો બાંધી છે. જેનાથી આગળ સ્ત્રી જઈ શકતી નથી. પુરુષની પ્રવૃત્તિ આજ સુધી એવી રહી છે કે ભેગું કરો, માલિક બનો. સ્ત્રીની પ્રવૃત્તિ ઊલટી છે તે બાબત સમજી લેવી જોઈએ. કોઈને આપો, માલિકીયત છોડો એ સ્ત્રીની પ્રવૃત્તિ છે. પુરુષનો આનંદ કબજો કરવામાં છે જ્યારે સ્ત્રીનો આનંદ આપવામાં છે.

આપવામાં આનંદ છે કે નિર્વિવાદ વાત છે અને “આપવામાં આનંદ છે” એ આધાર પર જે સમાજનું નિર્માણ થાય એ સમાજમાં યુદ્ધ લડાઈ, ક્રોધ કે મનમાં કોઈ વેર રાખવાની વૃત્તિ હોય જ શાને?

સત્ય તો, એ છે કે જ્યાં પ્રેમ છે ત્યાં કોઈ આગ્રહ કે જબરદસ્તી હોતી જ નથી. ત્યાં કોર્ટ, કચેરી, પોલીસ, પંડિત વિગેરેની પણ જરૂર રહે નહીં. આવો સમાજ નિર્માણ કોણ કરશે? કિંમત ચૂકવ્યા વગર રત્ન પ્રાપ્ત થાય, એ પદ્ધતિએ સત્યનો વેપાર નથી ચાલતો. મૃત્યુના દરવાજા સુધી આવીને બેભાન થઈ પડેલા પ્રેમને સચેત કરવાની શક્તિ પરમાત્માએ સ્ત્રીને બક્ષી છે. આપણે શું છીએ અને આપણામાં શું છે તેની આપણને ખબર નથી. જે ગૂઢ છે તે આપણે પ્રગટ કરી શકતા નથી. અને જે હાથમાં છે તેને વાપરવાની શક્તિ નથી. પ્રેમ તો મોજશોખ છે, વિલાસ છે, લક્ઝરી છે એવું જ્યાં સુધી માનવામાં આવશે, પ્રેમને અંતિમ ધ્યેય નહીં માનવામાં આવે ત્યાં સુધી આ પ્રેમને સચેત કરવાનું મુશ્કેલ છે. ■





**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# દીકરી તો પારકી થાપણ કહેવાય

ભારત જેવા રૂઢિગત દેશના સમાજમાં કેટલાયે સુધારા થશે તોપણ સ્ત્રીની પરિસ્થિતિ સુધરવામાં હજુ ઘણો લાંબો સમય લાગશે. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ ફન્ડ દ્વારા ૧૯૯૦માં પ્રકાશિત થયેલ "માનવ વિકાસ અહેવાલ" માં જણાવાયું છે કે, "ત્રીજા વિશ્વની સ્ત્રીઓ અને તેમાંયે બાલિકાઓને પુરુષો કે બાળકો કરતાં માત્ર પીડા અને વેદના જ વધુ મળે છે, તે સિવાય જીવનમાં બધું જ ઓછું મળે છે."

સદીઓથી આપણા સમાજમાં દીકરી જન્મે કે તરત દૂધ પીતી કરવાનો રિવાજ હતો. રાજસ્થાન કે તામિલનાડુના પછાત ગ્રામણી વિસ્તારમાં તો હજી આજે પણ દીકરી જન્મે કે તરત મારી નાંખવાનો રિવાજ છે. જોકે રાજા રામમોહનરાય અને બીજા ઘણા લોકોની પ્રગતિશીલ વિચારધારાને લીધે આ રીવાજ પર પ્રતિબંધ મૂકવામાં આવેલો તેમ છતાં વર્ષો પછી આજે પણ શિક્ષિત સમાજમાં આધુનિક શહેરી લોકો સોનોગ્રાફીના ટેસ્ટથી ખબર પડે તે દીકરી છે તો ગર્ભપાત કરાવે છે.

પુત્રના જન્મ સમયે થતો આનંદ પુત્રીના જન્મ સમયે થતો નથી. જન્મથી જ દીકરીને પારકી થાપણ માનવામાં આવે છે અને થાપણને સાચવવાની અને વળાવીએ ત્યાં એ સુખી થાય તેની ચિંતા મા-બાપને તેના જન્મથી જ થવા લાગે છે. એના લીધે આ થાપણની સલામતી માટે જન્મથી જ એના ઉપર જરૂરી કે બિનજરૂરી બંધનો મૂકાઈ જાય છે.

**"દીકરો તો તાંબાનો લોટો, જ્યારે માંજો ત્યારે ઊજળો,**
**પણ દીકરી તો માટીની ગાગર એકવાર ફૂટી એટલે ફૂટી."**

આ છે આપણા લોકોની વિચારશૈલી, અને આવા સામાજિક વાતાવરણમાં અનેક મર્યાદાઓ વચ્ચે ઊછરતી દીકરીનું જીવન રૂંધાઈ જાય છે અને એનું જે માનસ ઘડાય છે તે તેને સ્વતંત્ર અસ્તિત્વ આપી શકતું નથી.

પુત્ર, પુત્રીના ઉછેરમાં અસમાનતા હોય છે. દીકરો જે ઈચ્છે તે કરી શકે છે, દીકરી ઉપર તો નાનપણથી સ્ત્રીત્વનો ભાર આવી જાય છે. છોકરીઓથી આમ ન કરાય, બહાર ના જવાય, બીજા કોઈની સાથે ના બોલાય, આવાં બધાં બંધનો નીચે એનો ઉછેર કરવામાં આવે છે. આમ નાનપણથી જ એનમાં લઘુતાગ્રંથિ પેદા કરવામાં આવે છે અને એ સ્વનિર્ભર નથી બની શકતી. હંમેશા બીજા ઉપર આધાર રાખતી થઈ જાય છે. પહેલાં પિતા, પછી પતિ અને ત્યાર બાદ પુત્ર ઉપર આધાર રાખે છે.

દીકરા-દીકરીને ભણાવવાં પણ તફાવત છે. દીકરાને ભણવાની છૂટ મળે છે અને સમય પણ વધારે મળે છે. જ્યારે છોકરીઓને ભાગે ઘરનું કામ આવે છે. "તારે તો સાસરે જવાનું, ભણીને શું કરવું છે." આવાં વાક્યો સંભળાવીને છોકરીને ઘરમાં ગોંધી રાખવામાં આવે છે. રસોઈ કરવી, ઘરનાં બધાં કામ કરવાં, આવા બિન ઉત્પાદક ઘરકામમાં છોકરીની જિંદગી બરબાદ થતી રહી છે. એનું બાળપણ છિનવાઈ જાય છે અને છોકરીઓ ભણી શકતી નથી, ઘર બહાર નીકળી શકતી નથી. ગામડામાં તો શું પણ શહેરમાંયે હજી એવું માનવામાં આવે છે કે છોકરીઓને ભણાવીને શું કરવું છે? આખરે તો ઘરના કામ જ સંભાળવાના છે ને? આમ ભણવામાં પાછળ રહી જતી હોવાને કારણે શિક્ષણનું સ્તર સ્ત્રીઓમાં નીચું જ રહે છે. નાની ઉંમરમાં લગ્નનો બોજ નાંખવામાં આવે છે. પહેલાં તો બાળલગ્નો પણ કરવામાં આવતાં. હવે જોકે બાળલગ્ન ઉપર પ્રતિબંધનો કાયદો છે. છતાંયે અમુક પછાત વિસ્તારોમાં હજુ પણ બાળલગ્ન જોવાં મળે છે. નાની ઉંમરમાં લગ્ન અને વહેલું માતૃત્વ આમ જિંદગીનું ચક્ર ચાલ્યા જ કરે છે.

"દીકરી ને ગાય દોરે ત્યાં જાય" એમ અશિક્ષિત દીકરીઓની ઈચ્છાનું કોઈ મહત્ત્વ રહેતું નથી. લગ્ન ના થાય ત્યાં સુધી દીકરી પારકી થાપણ છે. "પારકે ઘેર જવાનું છે" એવું સાંભળતી દીકરી જ્યારે સાસરે જાય છે, ત્યારે ત્યાં પણ "પારકે ઘરેથી આવી છે" એવું સાંભળવા મળે છે. આમ પારકે ઘેર જવાની અને પારકે ઘેરથી આવેલી આ બે શબ્દો સાંભળીને એક દીકરીના મનમાં શું વીતતું હશે એ તો ફક્ત એનું મન જ સમજે છે.

સાસરીમાં કુટુંબના દરેક સભ્યોની સેવા તન-મનથી કરવા છતાંયે અમુક કુટુંબોમાં સ્ત્રી આખી જિંદગી પારકી જ રહે છે. ક્યારેય કોઈનો પ્રેમ અને વિશ્વાસ પ્રાપ્ત કરી શકતી નથી. બસ જિંદગી આખી બીજાને માટે જીવે છે. બીજા માટે જ કામ કરે છે. પોતાની જાત ઘસી નાંખે છે. ઘરની એક એક વ્યક્તિ માટે કુરબાન થઈ જાય છે. ક્યારેય પોતાનો વિચાર કરતી નથી અને છતાંયે પારકે ઘેરથી આવેલી જ રહે છે. ક્યારેય પોતાની થઈ શકતી નથી, ના તો પિયરમાં કે ના તો સાસરે! આવું બધું સહન કરવા છતાંયે તમાચો મારી ગાલ લાલ રાખી હસતી રહે છે અને પોતાની ફરજ નિભાવ્યે જાય છે.

આ છે ૨૧ મી સદીમાં સમાજની દીકરીઓની તસવીર અને તકદીર! જે ઉપેક્ષા પહેલાં થતી હતી તે આજે પણ છે. જો કાંઈ ફરક હોય તો તે પણ શહેરોમાં રહેલા સમાજમાં, બાકી તો આઝાદીનાં ૫૦ વર્ષો પછી દીકરીની ઉપેક્ષાની એ જ નિરાશાજનક હાલત છે. કેમ કે ભારત તો ગામડાંનો દેશ છે. મોટા ભાગની પ્રજા ગામડામાં વસે છે. દીકરીઓની હાલત સુધારવી હોય તો તેની શરૂઆત ગ્રામ્ય સમાજથી કરવી જોઈએ.

હૈદરાબાદમાં "ઉષા શર્મા" નામની દીકરીના જીવનમાં જે કાંઈ બની ગયું તે જાણવા યોગ્ય છે. ઉષા શર્માના ભાઈઓ પરદેશમાં રહેતા હતા અને એના પિતાનું અવસાન થયું. આવા સમયે ઉષા પોતે સ્મશાનમાં ગઈ અને પિતાના દેહને અગ્નિદાહ આપ્યો અને બધી વિધિ પતાવી. એક દીકરી બધાં જ કામ કરી શકે છે જે દીકરો કરી શકે છે, તો પછી દીકરીની આટલી ઉપેક્ષા શા માટે? લોકપ્રિય ટી.વી. સીરિયલ "સંજીવની" માં પણ ડૉ. જુહી પોતાની દાદીમાં અવસાન પામે છે ત્યારે કાંધ આપીને સ્મશાન જઈને અગ્નિસંસ્કાર કરતા બતાવવામાં આવેલી છે.

આ છે આપણા સમાજની દીકરી! આવી દીકરીઓની ઉપેક્ષા શા માટે? અને ક્યાં સુધી? ક્યારે અંત આવશે આ ઉપેક્ષાનો? ■

## નવી દિશા... નવા વિચાર...









# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઉંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...

## જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

| દિનેશભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| ઈન્ચાર્જ સેક્રટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડિરેક્ટરગણ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝા**



## સમાજ સૃષ્ટિ



**અમૃતલાલ હિંગરાજીયા**
લેખક જાણીતા સાહિત્યકાર, નિબંધકાર અને વાર્તાકાર, ૧૦ થી વધુ સામયિકોના જ્ઞાનપ્રેરક લેખક

# વ્યસન : વિનાશનો રાજમાર્ગ

શ્રી અમૃતલાલ હિંગરાજિયા નિવૃત્ત બૅન્કર છે. એમ.એસસી. થયેલાં વિજ્ઞાન સાથે નાતો ધરાવતાં લેખકને સાહિત્યનો જબરો શોખ છે. તેમના નિંબધો, લેખો, વાર્તાઓ, પ્રસંગો, અખંડ આનંદ, નવેચતન, ઉમિયા પરિવાર, ધરતી, ઉમા દર્શન, મંગલ મંદિર, અકાલ પુરુષ વગેરે સામયિકોમાં પ્રગટ થતા રહેલાં છે. આશા છે કે ‘ઉમાસૃષ્ટિ’ ના વાચકોને પણ તેમની કલમ ગમશે. લેખકને ઉમાસૃષ્ટિમાં આવકારતાં આપણે ગૌરવ અનુભવીએ છીએ.

મહાભારત કાળમાં યાદવો પાસે શું ન હતું ? આખા દેશને દોરે અને ડારે તેવું કૃષ્ણ અને બલરામનું નેતૃત્વ હતું, શાસન હતું, સામાજિક પ્રભાવ હતો, મોટું સંખ્યાબળ હતું, આર્થિક સંપન્નતા હતી, દેશના શક્તિશાળી, પ્રજાવત્સલ અને પ્રજા સમર્પિત રાજવીઓ પણ તેમનો પડ્યો બોલ ઝીલે તેવો દબદબો હતો છતાં પણ એજ યાદવો દારૂ પીને છાકટા થયા, ભાન ભૂલ્યા, સારા નરસાનો ભેદ ભૂલી પરિણામ જાણવા છતાં તેની પરવા કર્યા વિના અંદરોઅંદર કપાઈ મર્યા. કારણ નશો બુદ્ધિને કુંઠિત કરે છે. (ગીતા વચન છે કે બુદ્ધિ નાશે વિનાશ છે) કૃષ્ણ અને બલરામ કે જેમની આમાન્યા આખો દેશ (દુર્યોધન પણ) જાળવતો હતો તેની નજર સામે જ આ મહા વિનાશ થયો અને તેઓ લાચાર બની કશું જ ન કરી શક્યા ! દુનિયામાં સર્વ પ્રથમ દારૂબંધી કૃષ્ણ ભગવાન દ્વારા દ્વારકામાં લાદવામાં આવી હતી. ભગવાન આપણને દોરે, માર્ગ બતાવે પણ ચાલવું તો આપણે જ પડે.

તેવું જ પાંડવો માટે પણ કહી શકાય. તેમની પાસે પણ શું ન હતું ? યુધિષ્ઠિર ધર્મનો અવતાર હતા, શક્તિના પ્રતિક સમો ભીમ, અજેય અર્જુન, ત્રિકાળ જ્ઞાની સહદેવ, કૃષ્ણની સીધી દોરવણી, ભીષ્મ પિતામહ અને ગુરુ દ્રોણ જેવા પ્રતાપી અને પ્રભાવી પ્રતિભાઓની સહાનુભૂતિ, સત્યનો સાથ, તરફેણનો જનમત; આ બધું જ હોવા છતાં જુગાર અને માત્ર જુગારને કારણે અનેક મુશ્કેલીઓ આવી. તેના પરિણામરૂપ મહાભારતનું યુદ્ધ છેડાયું. જેમાં અન્યાયી કૌરવો તો નાશ પામ્યા પણ તે વખતનું આખા દેશનું નેતૃત્વ પણ નાશ પામ્યું. પાંડવો જીત્યા પણ તે જીત પહેલા એટલો ઉત્પાત થયો કે રાજ મળ્યું તે પણ ન ભોગવી શક્યા. આટલા બલિદાન પછી પણ શાંતિ-માનસિક શાંતિ ન સ્થાપી શક્યા. બધું જ છોડી હિમાલય હાડ ગાળવા જવું પડ્યું.

મહાભારતની કથાનો સાર માત્ર એક જ વાકયમાં કહેવો હોય તો કહી શકાય કે પાંડવોનું પતન જુગારથી થયું અને યાદવોનો નાશ દારૂથી થયો. મહાભારત એ સમાજ દર્શનનો અતિ ઉત્તમ ગ્રંથ છે. સમાજમાં જે પણ ઈષ્ટ અને અનિષ્ટ છે તે બંને તેમાં સમાયા છે. તેના લાભાલાભ પર આંગળી મૂકીને આપણી સામે મૂક્યા છે છતાં પણ આપણે આપણી જાતને વ્યસનોથી મુક્ત ન રાખી શકતા હોઈએ તો જે ભગવાન પોતાના યાદવોને પણ ન બચાવી શક્યા. તે મને કે તમને બચાવવા ક્યાં આવવાનાં હતાં ?

મહાભારત કાળમાં તમાકુનો કદાચ ઉદ્‌ભવ નહિ થયો હોય તેથી તેના વિષે કંઈ નથી કહેવાયું, પણ આધુનિક વિજ્ઞાન પોકારી પોકારીને કહે છે કે, તમાકુનું સેવન કરનારને તેનું સેવન નહિ કરતા માણસ કરતાં કેન્સર થવાની અનેકગણી શક્યતા છે. આજના યુગમાં તેની ભયાનકતા બાબત કોઈને કંઈ જ કહેવાની જરૂરત નથી. છેવાડાના ગામડાના અભણ અને મજૂર પણ તેના નામ માત્રથી ફફડી જાય છે. છતાં તમાકુ છોડવી નથી અને અનેક વાહિયાત દલીલ કરી તે ચાલુ રાખે છે. કેન્સર થયા પછી પેટ ભરીને પસ્તાય છે. કુટુંબની તમામ બચત, સુખ, ચેન બધું જ તે ભરખી જાય છે અને રહે છે માત્ર ભૂખ-દુઃખ અને કંગાલિયત. પાન, બીડી, તમાકુનો વેપાર કરતો વેપારી વ્યસની મરી જાય તો બેસણામાં પણ નહીં આવે.

કહેવાતા પછાત વર્ણના એક ભાઈ મળ્યા. કહે કે, “દોઢ બે દાયકા પહેલાં તમારા વડીલો અમારા વરણના લોકોને કહેતા - તમારા વરણમાં દારૂ, જુગાર, ચોરી, વ્યભિચાર જેવા નાખ્ખોદિયા દૂષણો છે તમારો ઉદ્ધાર કેમ થશે ? - આજે હું તમારા ભાઈઓના દીદાર જોઈને કહું છું કે અમારો સમાજ તો ઘોરતો હતો તેને પાંડુરંગ દાદા જેવાઓએ જગાડ્યો, પણ તમારો ‘જાગૃત’ સમાજ આજે આવાજ દૂષણોમાં ઘેરાઈ રહ્યો છે તેને કોણ જગાડશે ? તમે જ કહો, પછાત કોણ ?

ખેતરનો એકાદ ક્યારો ભેળાય જાય તો પણ ખેડૂત કકળાટ કરી મૂકે, અહીં તો આખું

# સમાજ સૃષ્ટિ

ખેતર ભેળાય જાય તેમ છે. પણ ભેળામણને જોતાં લાગે છે કે એકલદોકલથી સમાજનું વ્યસનો સામે રખોપું નહીં થઈ શકે. તેને માટે તો આંદોલન કરવું પડે. સ્વયંસેવકથી નહીં ચાલે સેવકો (કાર્યકરો) જોઈશે અને આંદોલનનની આગેવાની લોકોના આસ્થા કેન્દ્રો એવા મંદિરોએ અને ધર્મગુરુઓને લેવી પડશે.

એક કડવી વાસ્તવિકતા છે કે ગામડાઓમાં પ્રવેશતાં પાદરમાં પાન, બીડી, તમાકુના હારડા લટકતા ગલ્લાઓ જોવા મળે છે. જો ગામ પટેલોનું હોય તો ગલ્લાઓની માલિકી મોટેભાગે પટેલોની જ હોય. જ્યારે આપણી ધર્મ સંસ્થાઓમાં વ્યસન મુક્તિ અગ્ર ક્રમે હોય છે. આ બંને બાબત વિરોધાભાષી છે.

હમણાં હમણાં એક નવા અપલખણે - દુષણે દેખા દીધી છે. ખેતરમાં રાતના ‘પોગરામે’. એ ‘પોગરામ’ ની ચોખવટ થઈ શકે તેમ નથી, જો વડીલો તેને બ્રેક નહીં મારે તો સમાજને પતનને રસ્તે જતાં કોઈ નહીં રોકી શકે.

સમય અને શક્તિને ખાઈ જતું એક નવું વ્યસન આકાર પામ્યું છે - ‘મોબાઈલ’. વિકાસ અને વિનાશ એક જ માની કૂખે જન્મેલા જોડિયા સંતાનો છે. વિકાસ માટે થયેલી શોધનો જો દુરુપયોગ થાય તો તે મહા અનિષ્ઠ નોતરે છે. મોબાઈલની લત માણસનો વિકાસ રૂંધે છે. મિત્રો, સગાં - વહાલાઓ વચ્ચેની લાગણીઓ ઘટાડે છે. ધંધા, રોજગાર, નોકરીમાં ઉણપ લાવે છે. કાનમાં ભૂંગળાઓ નાંખી મોબાઈલમાં રત યુવાનો વીસ - પચ્ચીસ બોગી ધરાવતી મોટા અવાજ સાથે આવતી ટ્રનોનો અવાજ પણ ન સંભળાતા કચડાઈ મર્યાના દાખલાઓ પણ બન્યા છે. મોબાઈલ અતિ આવશ્યક ઉપકરણ છે પણ તેનું વ્યસન ન થવું જોઈએ. જરૂરત અને લત વચ્ચે પાતળી ભેદરેખા છે તે લોપાવી ના જોઈએ.

મોબાઈલની કૂખે જન્મેલ એક મહા અનિષ્ઠ એટલે “પોર્ન વીડિયો” તેની લતે ચડેલો શતમુખ વિનિપાત સર્જે છે.

હવે તો આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે કે સુખી જીવન માટે શાકાહાર જ શ્રેષ્ઠ આહાર છે. માંસાહાર તેની સાથે અનેક પ્રાણીજન્ય રોગ લાવે છે. ઉપરાંત કોલેસ્ટરલ, ચરબી, ફેટ્સ પણ લાવે છે. કેટલું જીવવું તે કદાચ વિધાતા નક્કી કરતાં હશે પણ કેવું જીવવું તે તો આપણે જ નક્કી કરવું પડે છે. જીવનની ગુણવત્તા સાત્વિક ખોરાકથી જ જળવાય છે.

તમારી જીવનશૈલી તમારા સંતાનો ખૂબ જ નજદીકથી જોતા હોય છે. તેમના માટે તેમના માવતર આદર્શ હોય છે. સંતાનોના જીવન ઘડતરમાં માવતરની જીવનશૈલીનો ખૂબ જ પ્રભાવ હોય છે. કોઈ માવતર કલ્પનામાં પણ એવું ન વિચારે કે તેમનું સંતાન વ્યસન અને ખરાબ આદતોનો શિકાર બને. આવતી પેઢીને જો વ્યસનમુક્ત જોવા ઈચ્છતા હો તો પ્રથમ અત્યારની પેઢીએ અનુકરણીય આદતો કેળવવી પડશે.

નિર્વ્યસની માણસ મોટેભાગે નિરોગી પણ હોય છે. જ્યારે આ બધા વ્યસનો ખર્ચાળ હોય છે. બચાવેલો રૂપિયો કેટલો શક્તિશાળી હોય છે તેનું માત્ર એક જ ઉદાહરણ આપું. બચાવેલી રકમ જો પાંચ વર્ષે વ્યવહારમાં ડબલ થતી હોય તો સો રૂપિયા સો વર્ષે કેટલા થશે તેની કોઈએ કોઈ દિવસ કલ્પના કરી છે? તમે હિસાબ કરી જોજો મેં તો હિસાબ કર્યો છે. તે રકમ દશ કરોડ અડતાલીસ લાખ રૂપિયા થાય છે. આટલા શક્તિશાળી રૂપિયાને બચાવવાને બદલે વ્યસનો અને અપલખણમાં વેડફી મારશું?

માણસે શું કરવું તે તેણે પોતે નક્કી કરવાનું છે. જો તેને વિનાશ જ નોતરવો હશે તો તેને ભગવાન પણ નહીં રોકી શકે અને જો તેને વિકાસ કરવો હશે તો તેને ભગવાન અવશ્ય મદદ કરશે. શુભ વિચાર અને વ્યવહાર ભગવાનનું રૂપ છે. માણસ પોતે જ પોતાનો અને ભાવી પેઢીનો ભાગ્યવિધાતા છે. તમારે કેવું ભાગ્ય નિર્માણ કરવું છે તે તમે જ નક્કી કરી શકો.

ઊંઘતા માણસને જગાડી શકાય પણ ઊંઘવાનો ઢોંગ કરતાં માણસને ન જગાડી શકાય. વ્યસનથી ઘેરાયેલ વ્યક્તિ વ્યસનથી શું નુકસાન થાય છે તેનાથી તે અજાણ નથી હોતી પણ તેનામાં રહેલો દુર્યોધન સત્ય શું છે તે જાણવા છતાં આચરવા નથી દેતો.

સમાજના હિતને નુકસાન કરે તેવો વેપાર અનૈતિક છે. ગાંધીજી નીતિ વિનાના વેપારને પાપ ગણાવે છે. આપણે આવું પાપ તો નથી કરતાંને? વ્યસનોનો વેપાર તો નથી કરતાંને?

સરદાર પટેલ કહતાં કે, ‘વ્યસનો એ ધનિકોના પાખંડ છે. દુર્બળ માણસોના લક્ષણ છે, જેને માટલા નહિ પણ માણસો ઘડવા છે તેને કોઈ વ્યસન ન પોષાય.’ આપણે શું કરવું છે? માટલા ઘડવા છે કે માણસો?

(મો.) ૯૪૨૭૪ ૧૬૧૮૮

## સમાજ સૃષ્ટિ



**પ્રફુલ્લ કાનાબાર**
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત

# તેજી મંદી જીવનમાં પણ હોય છે !

શ્રી પ્રફુલ્લ કાનાબાર ગુજરાતી ભાષાના જાણીતા લેખક છે. તેમની ૨૦૦ કરતાં વધારે નવલિકાઓ, ૫ નવલકથા અને ૧૨ લઘુનવલકથા દેશ - વિદેશના વિવિધ અખબાર તથા સામયિકોમાં પ્રકાશિત થઈ ચૂકી છે. છેલ્લા દસકામાં તેમના ૨૦ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. ગુજરાતી સાહિત્યના વર્તમાન વાર્તાકારોમાં તેમની ગણના ટોપ ટેનમાં થાય છે. 'રમત આટાપાટા'ની શ્રેષ્ઠ વાર્તા સંગ્રહ તરીકે ઘોષિત થયેલ છે. લેખન પ્રવૃત્તિમાંથી થતી તમામ આવકનો સદુપયોગ જરૂરિયાતમંદ લોકો માટે કરે છે. તેઓ અનેક માન - સન્માન અને એવોર્ડથી વિભૂષિત થયેલાં છે.

જીવનમાં કોઈ જ પરિસ્થિતિ કાયમી નથી...શાશ્વત નથી, સમયનું ચક્ર હમેશાં ફરતું જ રહે છે. સુખ અને દુઃખની ઘટમાળ તો ચાલ્યા જ કરતી હોય છે. પેઢીઓ બદલાય છે, ઈતિહાસ બદલાય છે. સમયની સાથે સાથે માણસે પણ વિચારોમાં બદલાવ લાવવો જ પડે છે. માણસ પણ સૈનિકની જેમ ઘવાતો હોય છે. ચાહે એ ઘાવ શારીરિક હોય, માનસિક હોય કે આર્થિક હોય. હકારાત્મક વિચારધારાવાળી વ્યક્તિજના જીવનમાં આવતો દરેક નવો ઉઝરડો જૂના ઉઝરડા પર મલમનું કામ કરતો હોય છે. દરેક ઉઝરડો આપણને યાદ અપાવે છે કે અસહ્ય પીડા વચ્ચે પણ આપણે ટકી ગયા હતા, એનું મુખ્ય કારણ આપણા મનોબળ ઉપરાંત આપણે અગાઉ કરેલા સત્કર્મો જ હતા !

જગતમાં પીડાનો કોઈ પાર નથી. દરેક માણસ પોતાની અંદરના એક ખૂણે છૂપી વેદનાને દબાવીને બેઠો હોય છે. કેટલીક વાર અન્યની પીડા દૂર કરવાનો નાનકડો પ્રયાસ ખુદની પીડા માટે મલમ બની જતો હોય છે. એક પરિચિત વડીલ કાયમ કહેતા કે પૈસાની સાથે દુઆ પણ કમાતા રહો. ઈનફેક્ટ, દુઆ તો સત્કર્મની બાય પ્રોડક્ટ છે ! આપણે નિઃસ્વાર્થ ભાવે અન્યને મદદરૂપ થઈએ...એ જ સાચું સત્કર્મ.

કોઈકે સાચું જ કહ્યું છે કે, સુખનું કોઈ સરનામું હોતું નથી અને દુઃખની કોઈ દિશા હોતી નથી. સુખ અને દુઃખ વ્યક્તિના ખુદના કર્મોનું જ પરિણામ હોય છે. આપણા શાસ્ત્રો મુજબ આ જન્મમાં ભલે આપણે કોઈનું કંઈ જ બગાડ્યું ન હોય પરંતુ પૂર્વજન્મના હિસાબ પેટે પણ કેટલાંક અણધાર્યા દુઃખ સહન કરવાનું આપણા ભાગે આવી પડતું હોય છે. રાજા ધૃતરાષ્ટ્રે જ્યારે શ્રીકૃષ્ણને પૂછ્યું કે, "મેં મારા જીવનમાં એવું કોઈ જ પાપ કર્યું નથી કે મારા સો પુત્રો એકસામટા મરી જાય." જવાબમાં શ્રીકૃષ્ણએ ધૃતરાષ્ટ્રને એમના આગળના જન્મો જોવાની દૃષ્ટિ આપી. ધૃતરાષ્ટ્રે જોયું કે પચાસ જન્મ પહેલાં એ પારધી હતા. એકવાર વૃક્ષ પર બેઠેલા પક્ષીઓને પકડવા માટે એણે એક સળગતી જાળ નાખી હતી જેના ફળ સ્વરૂપે સો જેટલાં પક્ષીઓ મરી ગયા હતા અને કેટલાંક બચવા માટે ઉડી ગયા, પરંતુ આગની જ્વાળાને કારણે આંધળા થઈ ગયા હતા. ધૃતરાષ્ટ્રના પુણ્ય કર્મોને કારણે સો પુત્રો થયા અને પેલું જે કર્મ પાક્યા વગર સંચિત કર્મમાં પડ્યું હતું એ કર્મ ફળ આપવા માટે તત્પર બન્યું. તેથી જ ધૃતરાષ્ટ્રને અંધાપો આવ્યો અને એક સામટા સો પુત્રો ગુમાવવા પડ્યા. તેજી મંદી માત્ર બજારમાં જ નથી હોતી, જીવનમાં પણ હોય છે. સુખમાં સમય આપણી મુઠ્ઠીમાં હોય તેવું લાગે છે, જ્યારે દુઃખમાં આપણા હાથની રેખાઓ પણ પારકી લાગે છે. આ પૃથ્વી પર સમસ્યા વગરનો એક માણસ હયાત નથી. જે લોકો સમસ્યાને સતત લાડ લડાવતા રહે છે તેઓ ક્યારેય માનસિક રીતે દુઃખમાંથી મુક્તિ પામતા નથી.

આંસુને અને પીડાને ગાઢ સબંધ હોય છે. અતિશય દુઃખમાં આંસુને મેનેજ કરવાનું કામ સહેલું નથી. જેમ આંસુના અનેક પ્રકાર છે, તેમ પીડાના પણ અનેક પ્રકાર છે. પીડા વગરનું જીવન શક્ય જ નથી. શારીરિક પીડા હોય, માનસિક પીડા હોય કે આર્થિક પીડા હોય... આંખમાં આંસુ આવે જ. જો કે આંસુ કોઈ નજીકની વ્યક્તિ સમક્ષ જ આવે એ જરૂરી છે. જેની પાસે આપણે રડીને મન હળવું કરી શકીએ એ વ્યક્તિ દિલની સૌથી નજીકની વ્યક્તિ જ હોય. નસીબદાર હોય એની પાસે જ આવી એકાદ વ્યક્તિ હોય.

નજીકના સ્વજનના મૃત્યુની પીડા અપાર હોય છે. આપણી સાથે રહેતી, બોલતી - ચાલતી વ્યક્તિ અચાનક ફોટો ફ્રેમમાં દીવાલ પર જડાઈ જાય એ પીડા તો જેણે ભોગવી હોય એને જ સમજાય. અવસાન પામનાર સ્વજનનું સ્મરણ જ માણસની આંખ ભીંજવી જતું હોય એવા સંજોગોમાં સમય જ એવા પહાડ જેવા દુઃખનું ઓસડ હોય છે. કોઈપણ વ્યક્તિ માટે આંસુને રોકવાનું કામ સહેલું નથી હોતું, એના માટે ઘણી હિંમતની જરૂર પડતી હોય છે !

તાજેતરમાં જ એક સંશોધન થયું છે. જેના રીપોર્ટ મુજબ રડવું એ તંદુરસ્ત પ્રક્રિયા છે. એનાથી મન હળવું થાય છે. હૃદયરોગના હુમલાની શક્યતા ઘટી જાય છે.


(મો.) ૯૯૨૫૬ ૬૫૬૦૫

## સમાજ સૃષ્ટિ




**તુલસીભાઈ પટેલ**
લેખક મોટા ગજાના સાહિત્યકાર છે.
તેમના વિવિધ વિષયો પર ૨૩ પુસ્તકો ગુજરાતી તથા
૬ હિન્દીમાં પ્રકાશિત થયેલ છે.


# આજની ઘડી તે રળિયામણી




પ્રભુ - પ્રાગટ્યના પાવન પ્રસંગે ભાવિક ભક્તો ભાવપૂર્વક ભજન કરતા હોય છે :

"પ્રભુ જન્મની વધામણી રે !
કાલ કોણે દીઠી રે, આજની ઘડી તે રળિયામણી !"

"ઘડી" તો પર્યાયવાચક શબ્દ છે : ક્ષણ, આપણું જીવન એ વાસ્તવમાં ક્ષણોનો સરવાળો છે. જેમ અનાજના અનેક કણ ભેગા થઈને 'મણ' બની જાય છે, એવી જ રીતે અનેક ક્ષણો ભેગી થઈને મનુષ્ય જીવન બને છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણું જીવન એ "ક્ષણોનો સરવાળો' છે, માટે તો તમે જો સફળ અને સાર્થક જીવન જીવવા ઈચ્છતા હો તો 'ક્ષણ' ને વેડફી દેશો નહીં. અંગ્રેજીમાં સાચું કહ્યું છે કે, 'Time is money' મતલબ કે 'સમય' એજ સાચી સંપત્તિ છે. અલબત્ત આપણે પોપટની માફક આ સૂત્રનો શૂકપાઠ તો કરીએ છીએ, પરંતુ વાસ્તવિક જીવનમાં આ સૂત્રનો અમલ કરીએ છીએ ખરા ? જવાબ સ્પષ્ટ છે. ભાગ્યે જ કોઈ આ સૂત્રનો અમલ કરતું જોવા મળે છે ! દાખલા તરીકે, સો રૂપિયા ખોવાઈ જાય ત્યારે જેટલું દુ:ખ થાય છે, પરંતુ ટોળટપ્પામાં એક કલાક વેડફી દઈએ ત્યારે એટલું દુ:ખ થાય છે ખરું ?

સમયને બળવાન કહેવામાં આવે છે. એ વિશે પ્રચલિત પંક્તિઓ છે :

"સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન;
કાબે અર્જુન લૂંટિયો, વહી ધનુષ્ય વહી બાણ !"

સાવ સાચી વાત છે કે, સમય કોઈની રાહ જોતો નથી. અંગ્રેજીમાં કહ્યું છે કે, 'Time and tide wait for no man' અર્થાત્ સમય અને ભરતી - ઓટ કોઈની પણ રાહ જોતાં નથી. એ તો કુદરતી નિયમ અનુસાર આવે છે અને જાય છે. સમય કિંમતી છે, પરંતુ એ વ્યર્થ વેડફાઈ જાય પછી માત્ર અફસોસ કરવાનો બાકી રહે છે ! એક જૂની ફિલ્મનો હીરો ઈધર ઉધર રખડપટ્ટીમાં સમય વેડફી દે છે. એની યુવાની બરબાદ થાય છે. યુવાની વીતી ગયા પછી અફસોસ કરીને એક ગીત ગાય છે :

"कोई लौटा दो मेरे बीते हुई दिन"

મિત્રો, વીતી ગયેલા દિવસો ફરી મળી શકે છે ખરા ? સાચું કહ્યું છે કે, Yesterday is dead and tomorrow is unborn but today is an our hand. કેવી ચોટડૂક વાત કરી છે કે આવતી કાલનો હજી જન્મ થયો નથી, માત્ર વર્તમાન સમય એટલે કે આજ આપણા હાથમાં છે. માટે ભૂતકાળનો અફસોસ અને આવતીકાલની ચિંતા કર્યા સિવાય, પ્રવર્તમાન સમયમાં આયોજનપૂર્વક અને આનંદપૂર્વક જીવવવામાં ડહાપણ છે.

મધ્યકાલીન ક્રાન્તિકારી સંત કબીરદાસ 'આજ' નો મહિમા સચોટ રીતે સમજાવતાં કહે છે :

कल करे सो आज कर, आज करे सो अब ।
पल में परलय होगी, बहुरि करेगा कब ?

માટે અંત:કરણમાં સુવર્ણ અક્ષરે લખી રાખો કે 'આજ'ની ક્ષણ કદાપિ વેડફાશે નહીં. ક્ષણનો મહિમા સમજાવતી આ પંક્તિ ઘણું કહી જાય છે.

यह कहकर छोड़ गई जिंदगी,
कि तुमने क्षण की हिफाजत की नहीं ।

પક્ષીઓ પાક ખાઈ જાય પછી અફસોસ કરવા સિવાય કંઈ શેષ રહેતું નથી. માટે પાક ખાઈ જાય તે પહેલાં જ પક્ષીઓને ખેડૂતો ગોફણ વડે સમયસર ઉડાડી દેતા હોય છે. સાચું કહ્યું છે કે :

अब पछताये क्या होत है,
जब चिड़ियन खेती चुग डारी ।

કોઈએ સમયના મહત્ત્વ વિશે ખૂબ સરસ વાત કરી છે કે :

समय, सम्बन्ध और सेहत जब हम खो देते हैं,
तब उसकी असली कीमत का एहसास होता है ।

ટૂંકમાં, સાર રૂપે કહી શકાય કે :

ક્ષણને સાચવી લો, તો જિંદગી સચવાઈ જશે.

## સમાજ સૃષ્ટિ



**નટવર આહલપરા**
જાણીતા લેખક, કેળવણીકાર, કોલમિસ્ટ, અભિનેતા
અને ઉદ્‌ઘોષક, સારસ્વત એવૉર્ડ વિજેતા
૩૨ પુસ્તકોનું પ્રકાશન અને ૩૫ પારિતોષિક વિજેતા

# માનવ હોવું એટલે ?

માનવી પંખીની જેમ હવામાં ઊડતાં અને માછલીની જેમ પાણીમાં તરતાં શીખ્યો છે, હવે તેણે 'માણસ' ની જેમ પૃથ્વી પર જીવતાં શીખવાનું છે. માનવી માત્ર જન્મ ધરીને કંઈક થવા ઈચ્છે છે.

ક્યાં અને ક્યારે જન્મ લેવો એ ભલે માનવીના હાથની વાત ન હોય, પણ 'શું થવું' અને 'કેવા થવું' એ તો માણસના હાથની વાત છે. આપણે ત્યાં તો બાળકને શું થવું છે એ મા-બાપ વિચારે છે તે નક્કી કરી નાખે છે. મા-બાપે બનાવ્યાં તેમ બનેલા હજારો ડૉક્ટરો, વકીલો, ઈજનેરો, વેપારીઓ વગેરેની એક આખી વણઝાર આજે સમાજમાં હરતી-ફરતી જોવા મળે છે.

આ જમાનામાં, થોડા અપવાદ બાદ કરતાં, મોટાભાગના 'માનવ દેહધારી' હોવા છતાં સાચા અર્થમાં માનવ નથી. મનુષ્ય શ્રેષ્ઠ છે એનો મહિમા ઘણો, મનુષ્યથી વધુ શ્રેષ્ઠ એવું ક્યાંય કશું નથી.

પ્રથમ નજરે આત્મલક્ષી લાગતી કવિની આ પંક્તિ 'હું માનવી માનવ થાઉં તો ઘણું' પરલક્ષી બનીને સૌને લાગું પડે છે. આપણે સૌએ મનોમન સંકલ્પ કરવાનો છે કે, 'હું ભલે બીજું કાંઈ ન થાઉં, પણ માનવ થાઉં તોય ઘણું છે.'

જન્મે માનવ હોવા છતાં કર્મે માનવ ન હોય તે એ માનવદેહ આ ધરતી પર ભારરૂપ બનીને જ ફરી રહ્યો છે. માનવે ન છૂટકે એમ કહેવું પડ્યું છે કે : 'હે માનવી ! તું પ્રથમ માનવ થા !'

માનવ થવું એટલે માનવતાભર્યું આચરણ કરવું. આપણા કોઈપણ પ્રકારના વ્યવસાયનો સંબંધ જીવંત માનવો સાથે છે એ ભૂલવું ન જોઈએ. આજે તો વ્યાપારી વર્ગ ખાદ્યચીજોમાં જીવલેણ ભેળસેળ કરે છે અને નોકરિયાત વર્ગ કામચોર, સ્વાર્થી અને લાંચિયો બની ગયો છે.

ફાયદાવાદી માનસનાં જ સર્વત્ર દર્શન થાય છે. બે સહોદર વચ્ચે પણ માનવતાભર્યા સંબંધો જોવા નથી મળતા. પેટ તો પ્રભુએ માનવને પશુ-સૌને આપ્યું છે; તેથી જો માનવી પશુની જેમ ગમે તેમ પેટ ભરતો થઈ જાય તો પછી માનવી અને પશુમાં કોઈ ફેર રહે ખરો?

માનવ થવા માનવીને મહેનત કરવી પડે, ચિંતન કરવું પડે, સહન કરવું પડે અને સ્વાર્થ-ત્યાગ પણ કરવો પડે. ચારે બાજુ જ્યારે અમાનુષી વર્તન થઈ રહ્યું હોય, માનવતા મરી પરવારી હોય, માનવી માનવીનાં લોહીનો તરસ્યો થયો હોય, માનવીના હાથે માનવીના ગળાં રહેંસાતાં હોય અને વ્યવહારમાં ક્યાંય માનવતાનાં દર્શન ન થતાં હોય ત્યારે માનવીને માનવી થવાનું કહેવું એ સામા પ્રવાહે તરવાં જેવું દુષ્કર કાર્ય છે.

રાતોરાત દેવ દાનવ બની શકે... પણ દાનવ માનવ ન બની શકે. માનવી થવાનો પ્રથમ પાઠ ઘરમાંથી શીખવા મળવો જોઈએ અને બીજો પાઠશાળા મહાશાળાઓએ શિખવાડવો જોઈએ. જેનામાં વિદ્યા નથી, તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, શીલ નથી, ગુણ નથી અને ધર્મ નથી તે શિંગડા વિનાના પશુ જેવો માનવી આ પૃથ્વી પર ભારરૂપ છે.

બે વિશ્વયુદ્ધોનાં ભયંકર પરિણામોથી ત્રસ્ત થઈ ગયેલી માનવજાત ત્રીજું વિશ્વયુદ્ધ ઈચ્છતી નથી; કેમ કે એ જાણે છે કે એમાં સર્વનાશ જ હશે ! વિજ્ઞાનની અજાયબી ભરેલી અનેકવિધ સુવિધાઓ પ્રાપ્ત થવા છતાં માનવીને આજે ચેન નથી, શાંતિ નથી, સંતોષ નથી.

વિશ્વભરનાં માનવો એકબીજાની નજીક આવે એકબીજાને સમજે એ માટે 'યુનેસ્કો' જેવી સંસ્થાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પ્રયત્નો થાય છે. માનવીનો અંતરાત્મા જ્યાં સુધી નહીં જાગે અને માનવતાનું મૂલ્ય એ જાત અનુભવે નહીં સમજે ત્યાં સુધી, માનવ સાચા અર્થમાં 'માનવી' થઈ શકવાનો નથી એ 'દીવા જેવી' સ્પષ્ટ હકીકત છે.

માનવતાના પહેલાં પગથિયાં ચડી ગાંધીજી, સોક્રેટિસ, નેપોલિયન, અબ્રાહમ લિંકન, મધર ટેરેસા વગેરે માનવમાંથી જ મહામાનવ બન્યા હતા, તો માનવ માનવ ન થઈ શકે ? માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે, ત્યારે તે ધર્મના બદલે ધનનું, સત્યના બદલે સંપત્તિનું, ચિરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન તથા સ્વાગત કરે છે.

મોરારિબાપુએ રામકથા 'માનસ-પ્રેમ' શીર્ષકથી પણ કરી છે. સમગ્ર વિશ્વમાં પ્રેમના સંબંધથી તો આપણે સૌ જીવી રહ્યા છીએ. કહેવાયું છે કે, 'સ્નેહની કડી સૌથી વડી' સ્નેહનો પ્રેમતો તાંતણો જ વિશ્વબંધુત્વની ભાવના આપણામાં જન્માવે છે. એકવીસમી સદીનો મંત્ર 'પ્રેમ' છે. આપણે પ્રેમસ્વરૂપ હોવા છતાં પણ, એ પ્રેમ પ્રગટ નથી થઈ શકતો. કારણ છે અનૃત. અનૃત એટલે અસત્ય. અસત્ય આવે છે ત્યારે પ્રેમવિવાહ કુંઠિત થઈ જાય છે. આપણા હોઠ જેટલા બચે એટલી પ્રેમની ધારા વધશે અને 'વસુદેવ કુટુંબકમ્'ની ભાવના પ્રગટશે.

રિચાર્ડ વેગ્નર નામના મહાન જર્મન સંગીતશાસ્ત્રી કહે છે કે, આ જગતમાં જો કંઈ પણ મૂલ્યવાન હોય તો તે પ્રેમ છે. ઘણા લોકો પોતાના જીવનમાં કડક નિયમો, શિસ્ત અને કાનૂનને વધુ પડતું મહત્ત્વ આપે છે. અવનવી ચીજો તમારી પાસે હોય અને તમારી પાસે પ્રેમ ન હોય તો આ બધી ચીજો ફોગટ છે. માણસ સુખ અને દુઃખમાં પણ શાંત રહી શકે છે - જો તેને પ્રેમ મળતો હોય. પ્રેમ અમૃત છે. પ્રેમ પ્રગટ થતાં જ પરમાત્માનું પ્રાગટ્ય થઈ જશે. પ્રેમથી વિશ્વબંધુત્વની ભાવના કેળવીએ. પ્રેમની ગંગા વહાવીએ.

# સમાજ સૃષ્ટિ

શ્રધ્ધાવાન ક્યારેય નકારાત્મક વિચાર કરતા નથી. તેઓ હંમેશા વિચારે છે કે, જે થઈ રહ્યું છે તે સારું થઈ રહ્યું છે, જે થશે તે પણ સારું થશે અને જે થવાનું છે તેય સારું થવાનું જ છે.

અહીં સ્વામી વિવેકાનંદના શક્તિદાયક વિચારો પર્યાપ્ત છે : 'લોકો ગમે તે કહે, તમે તમારા સિદ્ધાંતને વળગી રહો, તો ખાતરી રાખજો કે જગત તમારા પગમાં પડવાનું છે. લોકો કહે છે : 'અમુક વ્યક્તિમાં વિશ્વાસ રાખો' પણ હું કહું છે : પહેલા તમે તમારી જાતમાં વિશ્વાસ રાખો એ સાચો રસ્તો છે. તમારામાં શ્રધ્ધા રાખો. સઘળી શક્તિ તમારામાં જ રહેલી છે. તેના પ્રત્યે સભાન બનો અને તેને બહાર લાવો કહો કે 'હું બધું કરી શકીશ', 'જો તમે દઢતાથી સર્પના ઝેરના અસ્તિત્વને પણ અસ્વીકાર કરો, તો તે ઝેર પણ બિનઅસરકારક બની જાય.'

મદદ પહોંચાડવા, જરૂરિયાતવાળા લોકોને સહાયરૂપ બનવા મનુષ્યોની સુષુપ્ત માનવતા જાગી ઉઠે છે. ભૂકંપના કરૂણ દશ્યો માનવીને તેની પામરતાનો ખ્યાલ આપે છે. માનવીની એકતાથી, સામાજિક સંસ્થાઓના, કલબોના ટેકાથી યાતનાઓ, પીડાઓને અને આવનારી આપત્તિઓને દૂર કરવા માનવતાનું રામરાજ્ય સ્થાપવું હોય તો સૌએ કટિબદ્ધ થવું પડશે.

કવિ શ્રી ગૌતમ શર્મા તેમના એક શેરમાં ભૂકંપની વ્યથા આલેખતા કહે છે :

સ્મશાન, કબ્રસ્તાનમાં થઈ ભીડ કેટલી ?
ઈશ્વર અને અલ્લાહ અહીં લાચાર પણ હશે.

'મનુષ્યનાં કર્મની કાલિમાને સમર્થ ધોવા લઘુ અશ્રુબિંદુ' - પ્રસ્તુત પંક્તિમાં પશ્ચાતાપનો મહિમા વર્ણવતાં કવિ કહે છે કે માનવીની આંખમાંથી ટપકતું પશ્ચાતારૂપી નાનકડું અશ્રુબિંદુ, તેણે કરેલાં ખરાબ કૃત્યોના (કર્મોના) પાપરૂપી કલંકને ધોઈ નાખવા સમર્થ છે.

ભૂલ કે પાપ કરતી વેળાએ (સમયે) જેણે પાછળ વળીને જોયું નથી એવા નરાધમો અને પાપીઓના ખરાબ કાર્યોથી ઈતિહાસનાં પાનાં ખરડાયેલાં છે. પરંતુ આવાં દુષ્ટાત્માઓ પણ જ્યારે કરેલાં કાર્યો બદલ પસ્તાય છે ત્યારે તેની આંખમાંથી અશ્રુ ટપકે છે. આંખમાંથી ઝરતું આ બિંદુ નાનું હોવા છતાં એટલું પાવનકારી હોય છે કે તે મનુષ્યોના દુષ્કાર્યોની કાળાશને ધોઈ નાખે છે.

પાપને ધોવા માટે ગંગાજળની ધારાઓ વહેવડાવવાની જરૂર નથી. તેમ પશ્ચાતાપ કરવાં માટે પણ પોક મૂકીને રોવાની કે સતત અશ્રુધારા વહાવવાની જરૂર નથી. એ માટે તો એકાદ અશ્રબિંદુ પૂરતું છે. શરત માત્ર એટલી જ છે કે એ પશ્ચાતાપ ખરા અંતરનો હોવો જોઈએ. વાલ્મીકિ એક ભયંકર લૂંટારાં હતાં, છતાં હૃદયનાં સાચા પશ્ચાતાપથી જ એ પછીથી મહાત્મા બની શક્યાં ! આમ, સાચા હૃદયથી પસ્તાવો કરનાર હજારો પાપીઓનો પ્રભુએ ઉધ્ધાર કર્યો છે એનાં પ્રમાણ આપણને આપણા ધર્મગ્રંથોમાંથી મળે છે.

'અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો' - સ્થિર અને દઢ થતાં અસ્થિર કદમનાં માનવીનું મનોબળ કેવું હોય તે સમજાવ્યું છે. 'મન હોય તો માળવે જવાય' અને 'રોતો જાય એ મુઆની ખબર લાવે' એ બંને કહેવતોને સાર્થક કરતી આ પંક્તિ એ હકીકત પર ભાર મૂકે છે કે જેનું નિશ્ચયબળ દઢ છે અને જેનો નિર્ણય અફળ છે એને કોઈ મુશ્કેલી (આફત) નડતી નથી. જેનું મન પહેલેથી જ ઢીલું-પોચું હોય, જેના પગ પહેલેથી ડગમગતા હોય, જેની બુદ્ધિ 'કાર્ય કરું કે ન કરું ?...' એવી પરિસ્થિતિમાં અટવાતી હોય એને મંઝીલે (ઉદ્દેશ્યે) પહોંચવાડનો રસ્તો કદી જડતો નથી. એવાં સાહસવીરોને તો હિમાલય જેવી મોટી આફત પણ તણખલાં જેવી તુચ્છ (સામાન્ય) લાગે છે.

અંગ્રેજીમાં કહેવત છે કે - 'Come What May' - 'જે થવાનું હોય તે થાય' એવી ખુમારીથી જે મંઝિલ તરફ આગળ વધે છે એને માટે મુશ્કેલી પણ મહેફિલ બની જાય છે.

'માનવ હોવું એટલે'...દંભ નહી પણ ઉદાત્ત (સુંદર) જીવન દષ્ટિનું આલેખન કર્યું છે. ખોટી મોટપ દેખાડીએ અને કોઈના કશા કામમાં ન આવીએ એના કરતાં તો, ભલે નાના રહીએ પણ સૌન ઉપયોગી થઈએ તોય ઘણું છે.

તાડનું વૃક્ષ ખૂબ ઊચું હોય છે અને સેંકડો વર્ષ ટકી રહે છે, પરંતુ તે છાંયો આપી બીજાની સેવા બજાવી શકતું નથી. તેથી તેનું જીવન વ્યર્થ છે. તાડ જેવાં ખૂબ ઊંચા પણ બિનઉપયોગી જીવનનું કાંઈ મહત્ત્વ નથી. કવિ કહે છે કે તાડના વૃક્ષ થવાં કરતાં તો હું એક નાનું પુષ્પ (ફૂલ) થાઉં તોય ઘણું છે. નાનું પુષ્પ (ફૂલ) થોડા સમય છોડ પર રહી ખરી પડે છે. પરંતુ ટૂંકા આયુષ્યકાળમાં પોતાની સુવાસ (સુગંધ) દ્વારા આસપાસનાં વાતાવરણને કેવું સુગંધિત બનાવી દે છે !

આથી જ એક કવિએ કહ્યું છે કે - "લાંબે ટૂંકે જિંદગી ના મપાય." મનુષ્ય કેટલી લાંબી જિંદગી જીવ્યો એના કરતાં તે કેવી રીતે જીવ્યો એ વધુ અગત્યનું (મહત્ત્વનું) છે.

ખરેખર 'માનવ હોવું' એટલે તો... એક પંક્તિમાં કવિ કહે છે કે તું બીજાનો ખરાબ આચાર, વર્તન જોઈને જીવ ન બાળ. જે જેવાં કર્મો કરશે તેવાં ફળ તેમને ભોગવવાં પડશે. માટે તું તારું સંભાળીને ચાલ. બીજા શું કરે છે તે જોવાને બદલે, તે જોઈ દુઃખી થવાને બદલે, તું જે કામો કરે છે તે સારાં કાર્યો કરે છે કે નહિ તે તપાસીને, ભૂલ થતી હોય તો સુધારવાનો પ્રયત્ન કર. તારું પોતાનું સંભાળ તો પણ ઘણું છે.

આજે જગતમાં જે દુઃખી માણસો છે તેમાંના મોટાભાગનાં બીજાના કાર્ય જોઈને દુઃખી થાય છે, અંતર બાળે છે. જો પોતાના આચાર તરફ જોવા માંડે તો દુઃખ જતું રહેશે. વળી કર્મ કરનારને જ તેનું સારું કે ખરાબ ફળ ભોગવવાનું હોય છે. તો પછી સત્કર્મો કરવામાં જ લીન કેમ ન રહેવું ?

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE





રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS


2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.


Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com
















**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# મહાદેવની વિશ્વ વિખ્યાત પ્રાચીન ગુફાઓની યાત્રા

મહાદેવના પ્રાચીન શિવાલયો અને શિવ પ્રતિમાઓ બાદ આપણે પ્રાચીન શિવગુફાઓ વિશે માહિતી મેળવવીએ....ગુફાને અંગ્રેજીમાં ઝછ્ફઈ (કેવ) કહે છે. આ ઉપરાંત ગુફા, ખોહ, ગાર, કંદર અને ગઢા પણ કહેવાય છે. જમીનની નીચે આવેલા એવા સ્થળને ગુફા કહેવાય, જેમાં કોઈ વ્યક્તિ પ્રવેશી શકે. ગુફા જમીનની અંદર હોય એ રીતે સમુદ્રમાં પણ હોઈ શકે એને સમુદ્રી ગુફા કહેવાય. ગુફાઓ મોટેભાગે પહાડી કે જંગલ વિસ્તારમાં જોવા મળે છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓ અને સાધુ - સંતોએ ગુફામાં આકરી તપશ્ચર્યા કરી અનેક ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરી છે. એટલે જ ગુફા એકાંતમાં સાધના - આરાધના તપશ્ચર્યા કે ભક્તિ કરવા માટે ઉત્તમ અને પવિત્ર સ્થાન છે. તો ચાલો આપણે પવિત્ર શિવગુફાઓની યાત્રા કરીએ....

### (૧) અમરનાથ ગુફા - કાશ્મીર :

વિશ્વ પ્રસિધ્ધ અને પૌરાણિક અમરનાથ ગુફા શ્રીનગરથી ૧૪૫ કિ.મી. દૂર પહેલગામથી ૪૫ કિ.મી. અને બાલતાલથી ૨૦ કિ.મી. દૂર હિમાલયની દુર્ગમ પર્વતમાળામાં આવેલ છે. આ ગુફામાં જ શિવજીએ પાર્વતીને અમરકથા કહી હતી. ગુફા ૧૩,૫૦૦ ફૂટ ઊંચાઈએ આવેલ છે, જે ૧૫૦ ફૂટ ઊંચી અને ૯૦ ફૂટ લાંબી છે. પહેલગામ અને બાલતાલ એમ બે માર્ગથી અમરનાથ જઈ શકાય છે. વર્ષમાં માત્ર બે



મહિના દરમ્યાન જ (જુલાઈ-ઑગસ્ટ) આ યાત્રામાં જઈ શકાય છે. ગુફામાં ટપકતાં જળના બિંદુઓમાંથી દર વર્ષે માત્ર આ સમય દરમ્યાન જ બરફનું પ્રાકૃતિક શિવલિંગ બને છે. એટલે જ 'બર્ફાની બાબા' તરીકે પણ ઓળખાય છે. ગુફામાં પ્રાકૃતિક રીતે બનતા બરફના શિવલિંગના દર્શનાર્થે દેશ - વિદેશમાંથી લાખો શ્રધ્ધાળુઓ આવે છે. ગુફામાં સતત સફેદ કબૂતરની જોડી જોવા મળે છે જે શિવ - પાર્વતીનું સ્વરૂપ મનાય છે. ગુફામાં પાર્વતીજી અને ગણેશજીના અન્ય બે લિંગ પણ જોવા મળે છે, જે શક્તિપીઠ મનાય છે. ગુફાની તળેટીમાં અમરગંગા નદીમાં સ્નાન કરી યાત્રિકો ૧૦૦ પગથિયાં ચડી ગુફામાં પહોંચી બાબાના દર્શનથી ધન્યતા અનુભવે છે. બંને રૂટ પર યાત્રિકો માટે ૨૪ કલાક ભંડારાની અકલ્પનીય વ્યવસ્થા છે. અમરનાથ યાત્રાની વિશેષ માહિતી મારા અન્ય પુસ્તક 'અદ્‌ભૂત - અલૌકિક - અમરનાથ યાત્રા' પુસ્તકમાં આપેલ છે, જેની ૭ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે.

### (૨) એલીફન્ટા ગુફા - મુંબઈ (મહારાષ્ટ્ર) :

મુંબઈમાં 'ગેટ વે ઓફ ઈન્ડિયા' થી લગભગ ૧૨ કિ.મી. દૂર આ ગુફાઓ આવેલ છે. એનું મૂળ નામ ધારાપુરી ગુફા છે. પરંતુ અહીં બનાવેલા પત્થરના હાથીને કારણે પુર્તગાલીઓ દ્વારા એલીફન્ટા નામ અપાયું. 'ગેટ વે ઓફ ઈન્ડિયા' થી સમુદ્રમાં નૌકામાં બેસી એલીફન્ટા પહોંચી શકાય છે. અહીં આવેલી ૭ ગુફાઓ એની કલા માટે વિશ્વ



વિખ્યાત છે. જેમાં મુખ્ય ગુફા મહાદેવની છે, જેના ૨૬ સ્તંભમાં મહાદેવના અનેક શિલ્પ જોવા મળે છે. પહાડોને કાપીને બનાવવામાં આવેલી આ મૂર્તિઓ દ.ભારતીય મૂર્તિ કલાથી પ્રેરિત છે. શિવની ૮ વિશાળકાય મૂર્તિઓમાં 'ત્રિમૂર્તિ પ્રતિમા' સૌથી વધુ આકર્ષક અને પ્રભાવશાળી છે. આ મૂર્તિ ૨૩ ફૂટ લાંબી અને ૧૭ ફૂટ ઊંચી છે. જેમાં શિવજીના ત્રણ રૂપોનું ચિત્રણ છે. આ મૂર્તિમાં શિવજીના મુખ પર અપૂર્વ ગંભીરતા જોવા મળે છે. બીજી મૂર્તિ 'પંચ પરમેશ્વર' ની છે જે શાંતિ અને સૌમ્યતાની સૂચક છે. શિવના 'અર્ધનારેશ્વર' રૂપની પ્રતિમામાં દર્શન અને કલાનો સુંદર સમન્વય છે. મહાદેવની એક અન્ય 'ચૌમુખી મૂર્તિ' પણ છે. શિવના ભૈરવરૂપની મૂર્તિ ઉપરાંત 'તાંડવનૃત્ય' ની મૂર્તિ પણ છે. શિવ અને પાર્વતીના વિવાહના અનેક પ્રસંગો પણ ચિત્રિત કરાયા છે. આ ગુફાઓ ૯ મી સદીથી ૧૩ સદીમાં સિલ્હાર વંશના રાજાઓ દ્વારા બનાવેલ છે. અહીં એક શિવાલય પણ છે.

### (૩) શિવખોડીની ગુફા - જમ્મુ - કાશ્મીર :

જમ્મુ - કાશ્મીર રાજ્યમાં જમ્મુથી ૧૪૦ કિ.મી. અને કટરાથી ૮૦ કિ.મી. દૂર આવેલ શિવખોડીની ગુફાની લંબાઈ ૧૫૦ મીટર છે. જેમાં ૪ ફૂટ ઊંચું શિવલિંગ છે. જેના પર પ્રાકૃતિક રીતે જ અવિરત જળધારા વહે છે. પ્રાચીન કથાનુસાર ભસ્માસુરથી પીછો છોડાવવા શિવજીએ આ ગુફા બનાવેલ. આ ગુફા સુધી જવા માટે ૩ થી ૪ કિ.મી.ની ચઢાઈ પાર કરવી પડે છે. ખચ્ચર પર બેસીને પણ જઈ શકાય છે. અંદર જતાં ગુફા બે ભાગમાં વિભાજીત થઈ જાય છે. જેનો એક છેડો અમરનાથની ગુફામાં ખૂલે છે અને બીજો છેડો ક્યાં જાય છે એ આજ સુધી રહસ્ય છે. મહાદેવ અને ભસ્માસુર વચ્ચે અહીં જ યુધ્ધ થયેલ એટલે જ આ ક્ષેત્રનું નામ 'રણસુ' પડ્યું છે. ગુફામાં અનેક પત્થરોની વચ્ચેથી મહા મુસીબતે શિવલિંગ સુધી પહોંચી શકાય છે.

### (૪) પિથોરાગઢની ગુફા - ઉત્તરાખંડ :

ઉત્તરાખંડમાં અતિ ગાઢ અને રહસ્યમય જંગલમાં પિથોરા ગઢથી ૧૬ કિ.મી. દૂર આ ગુફા આવેલ છે. ગુફાઓ પર રીસર્ચ કરનાર પ્રો.કોટીયાર્ડના મતાનુસાર આ ગુફા અને ગુફામાં આવેલ અસંખ્ય શિવલિંગ ૨૫ થી ૩૦ હજાર વર્ષ પુરાણા છે. એમના મતાનુસાર આજ સુધી એમણે આવી રહસ્યમય ગુફા જોઈ નથી. આ ગુફામાં આવેલ તમામ શિવલિંગ દર વર્ષે વધે છે. શિવલિંગ પર જળનો પ્રાકૃતિક અખંડ અભિષેક થાય છે. ગુફાની અંદર મુખ્ય ગુફામાં આવેલા દરેક શિવલિંગ પર ચંદનનું તિલક સ્પષ્ટ દેખાય છે. અત્યાર સુધી આ ગુફામાં કોઈ પહોંચી શક્યું નથી. વર્ષ ૨૦૦૭ માં પ્રો.કોટીયાર્ડે આ ગુફામાં જાનના જોખમે સૌ પ્રથમવાર પ્રવેશ કરેલ. ત્યારબાદ ન્યૂઝ ૨૪ ની ટીમના બે સભ્યો સાથે પ્રો. બીજી વખત આ ગુફામાં ગયા છે.

### (૫) પાતાલ ભુવનેશ્વરીની ગુફા-પિથોરાગઢ (ઉત્તરાખંડ) :

ઉત્તરાખંડના પિથોરાગઢ જીલ્લામાં અલ્મોડાથી શેરાઘાટ થઈ ૧૬૦ કિ.મી. દૂર પહાડી વિસ્તારમાં આવેલ છે. આ ગુફા પહાડની અંદર ૯૦ ફૂટ નીચે આવેલી છે. સ્કંદપુરાણની કથાનુસાર ત્રેતાયુગમાં સૂર્યવંશી રાજા ઋતુપર્ણ હરણનો પીછો કરતાં કરતાં આ ગુફામાં આવી ગયા. તેને ગુફામાં મહાદેવ સહિત ૩૩ કરોડ દેવી-દેવતાના દર્શન થયેલ. દ્વાપરયુગમાં પાંડવો અહીં આવ્યા હતા. કળીયુગમાં આદિ જગદ્ગુરુ શંકરાચાર્યને ૮૨૨ ઈ.સ. આસપાસ આ ગુફામાં શિવનો સાક્ષાત્કાર થતાં તેમણે અહીં તાંબાનું એક શિવલિંગ સ્થાપિત કરેલ. પુરાણ કથાનુસાર ભગવાન શિવ આ ગુફામાં બિરાજમાન રહે છે અને અન્ય દેવતા એમની સ્તુતિ કરે છે. અનેક રહસ્યો, ચમત્કાર અને આશ્ચર્યોથી ભરપૂર આ ગુફા નૈનિતાલથી ૧૬૦ કિ.મી. દૂર છે.

### (૬) કોટેશ્વરની ગુફા - રૂદ્રાપ્રયોગ (ઉત્તરાખંડ) :

આ ગુફા રૂદ્રાપ્રયાગથી માત્ર ૩ કિ.મી. દૂર અલકનંદા નદીને કિનારે આવેલ છે. વિશાળકાય પહાડી શીલાઓ અને ઔષધીય વૃક્ષો તથા વનસ્પતિથી ઘેરાયેલ ગુફામાં પ્રાકૃતિક શિવલિંગની સાથે પ્રાકૃતિક મૂર્તિઓ પણ છે. આ ગુફા સંદર્ભે એવી માન્યતા છે કે શ્રાવણ મહિનામાં અલકનંદા એક વાર ગુફામાં પ્રવેશી શિવજીને જલાભિષેક કરે છે. મહાશિવરાત્રી પર અહીં મોટો મેળો ભરાય છે.

### (૭) પરશુરામ મહાદેવ ગુફા - કુંભલગઢ (રાજસ્થાન) :

અરવલ્લીની પ્રાચીન પહાડીઓમાં આવેલ આ ગુફાનું નિર્માણ વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામે પોતાની કુહાડીથી પહાડ તોડીને કરેલ. આ ગુફામંદિરમાં સ્વયંભૂ શિવલિંગ છે. પરશુરામે અહીં ઘોર તપ દ્વારા શિવને પ્રસન્ન કરી ધનુષ, અક્ષયબાણ અને દિવ્ય કુહાડી પ્રાપ્ત કરેલ. આ ગુફામાં જવા માટે ૫૦૦ પગથિયાં આવેલા છે. દુર્ગમ પહાડી વિસ્તાર, સર્પાકાર રસ્તાઓ, વહેતા ઝરણાં, પ્રાકૃતિક શિવલિંગ અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર આ ગુફા પાલી અને રાજસમંદ જીલ્લાની સરહદ પર છે. પાલીથી ગુફા ૧૦૦ કિ.મી. અને વિશ્વ પ્રસિધ્ધ કુંભલગઢથી માત્ર ૧૦ કિ.મી. દૂર છે.

### (૮) મહાદેવ ગુફા - (નૈનીતાલ) :

નૈનીતાલના કૃષ્ણાપુર વિસ્તારમાં આવેલ આ ગુફામાં સ્વયંભૂ શિવલિંગ છે. અહીંના નિવાસી કૃષ્ણા સાહનીની પત્ની શિવભક્ત હતી. શિવરાત્રી પર શિવજીએ સપનામાં આવી આ સ્થાનની જાણ થતાં ખોદકામ કરતાં શિવલિંગ મળી આવ્યું અને તીર્થ બની ગયું. શિવલિંગ પર પ્રાકૃતિક જળાભિષેક થાય છે. આજે ત્યાં મહાદેવનું ભવ્ય શિવાલયા બન્યું છે. ઉત્તરાખંડના લોકો આદિકાળથી શિવપૂજક છે.

### (૯) બડા મહાદેવ ગુફા - પંચમઢી (મધ્યપ્રદેશ) :

આ ગુફાઓ પંચમઢીથી ૧૦ કિ.મી. દૂર આવેલ છે, જે ૬૦ મીટર લાંબી છે. આ ગુફાઓમાં એક ગુફામાં મહાદેવનું મંદિર છે. આ ગુફામાં બ્રહ્મા, વિષ્ણુ અને ગણેશના પણ મંદિર આવેલા છે. આ ગુફામાં સતત ટપકતું પાણી એક કુંડમાં ભેગું થાય છે.

### (૧૦) બરાબર ગુફા - ગયા (બિહાર) :

બિહારના ગયાથી ૩૦ કિ.મી. અને જહાનાબાદથી ૨૫ કિ.મી. દૂર મખદૂમપુર ક્ષેત્રમાં 'બરાબરની ગુફાઓ' આવેલી છે. જે પોતાના ભૌગોલિક સ્થાનને કારણે વિશ્વ વિખ્યાત છે. આ ગુફાઓ પ્રાકૃતિક રૂપે પત્થરોને કોતરીને બનાવેલ છે. 'બરાબર પર્વતમાળા' લગભગ ૧૧૦૦ ફૂટ ઊંચી હોવાને કારણે તેને 'મગધનો હિમાલય' પણ કહેવાય છે. આ પર્વતમાળામાં બાબા સિધ્ધનાથ કે બાણેશ્વર મહાદેવથી ઓળખાય છે. મહાભારત કાળના આ મંદિરનું નિર્માણ મહાન શિવભક્ત બાણાસુર દ્વારા કરવામાં આવેલ છે. આ મંદિર સિધ્ધનાથ અને દશનામ પરંપરાના અનુયાયીઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. મંદિરની બાજુમાં આવેલી અનેક ગુફાઓ સાધુ - સંતો અને તપસ્વીઓની તપોભૂમિ છે.

### (૧૧) યાંગતિ ગુફા - કર્નૂલ (આંધ્રપ્રદેશ) :

શિવ પાર્વતીની આ અનોખી ગુફા અને મંદિર આંધ્રપ્રદેશના કર્નૂલ જીલ્લામાં યાંગતીમાં આવેલ છે. જેની સ્થાપના અગત્સ્ય ઋષિએ અને પરિસરનું નિર્માણ વિજયનગર સામ્રાજ્ય સમયે ૧૫ મી સદીમાં કરવામાં આવ્યું. મંદિરની પાસે બે ગુફાઓ આવેલી છે. પુરાતત્ત્વનુસાર અહીં આવેલ નંદીની મૂર્તિ દર વર્ષે મોટી થતી જાય છે. વૈજ્ઞાનિકોએ પણ આ બાબતની પુષ્ટિ કરતાં જણાવ્યું કે મૂર્તિ જે પત્થરમાંથી બનેલ છે એનો ગુણ વિસ્તારનો છે.

### (૧૨) ગોવા - ગજહ ગુફા - બાલી (ઈન્ડોનેશિયા) :

ઈન્ડોનેશિયામાં બાલી દ્વીપમાં હિન્દુઓના અનેક પ્રાચીન મંદિર આવેલા છે. જેમાં એક ગુફા મંદિર પણ છે. આ ગુફા મંદિરને એલીફન્ટા ગુફા પણ કહેવાય છે. જે ભગવાન શિવને સમર્પિત છે. આ ગુફામાં ત્રણ શિવલિંગ આવેલા છે. દેશ - વિદેશના પર્યટકો આ ગુફાના દર્શને આવે છે.

### (૧૩) બાદામી ગુફા - કર્ણાટક :

આ સુંદર અને નક્કાશીદાર ગુફા 'બદામી' માં આવેલ છે. જેમાં ૪ ગુફામાંથી ૧ ભગવાન શિવ, ૨ ભગવાન વિષ્ણુ અને ૧ જૈનધર્મ ગુફા છે. પહાડો કોતરીને લાલ પત્થરમાંથી બનાવેલી આ ગુફાઓ પોતાની સુંદરતા અને શિલ્પ માટે પ્રખ્યાત છે. બાદામી ચાલુક્યોની રાજધાની હતી. આ ગુફાઓ ૬ થી ૮ મી સદીમાં બનાવાયેલ હોવાનું મનાય છે.

### (૧૪) ટપકેશ્વર મહાદેવની ગુફા - ગીર સોમનાથ :

આ ગુફા રાજકોટથી ધારી, જામવાડા થઈ ૨૦૦ કિ.મી. દૂર છે. ઊના અને જૂનાગઢથી પણ જઈ શકાય છે. ગીરગઢડાથી આ ગુફા નજીક છે. વાહનો ૧ કિ.મી. દૂર પાર્ક કરી પગપાળા ગુફા સુધી જઈ શકાય છે. એક માન્યતાનુસાર ૨૫૦ ફૂટ ઊંડી આ ગુફા પાંડવ કાળમાં ભીમે કોતરીને બનાવી છે. ગુફામાં ગાઢ અંધકારમાં ચારપગે થઈને અડધાથી વધુ કિ.મી. ચાલવું પડે છે. ગુફામાં ખૂબ જ ગરમી અનુભવાય છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. ગુફામાં આવેલ શિવલિંગ પર પત્થરમાંથી ટપકતાં પાણીનો સતત અભિષેક થતો રહે છે. અહીં સાંજના સમયે સિંહની ડણક અચૂક સંભળાય છે. આ ગુફા પાસે ક્યાંય રહેવા - જમવાની વ્યવસ્થા નથી. આ સ્થાનથી ઉના ૩૨ કિ.મી. અને દિવ ૪૫ કિ.મી. દૂર છે. ગીરના જંગલનું નૈસર્ગિક સૌંદર્ય અને શિવલિંગ દર્શનની અનુભૂતિ યાત્રિકોને અભિભૂત કરી દે છે.

### (૧૫) જટાશંકર ગુફા - જૂનાગઢ :

વિશ્વ વિખ્યાત ગીરના ગાઢ જંગલમાં જૂનાગઢથી ભવનાથની તળેટીથી ૩ કિ.મી. દૂર આ ગુફા આવેલ છે. ૩ કિ.મી.ના આ ટ્રેકમાં ૫૦૦ પગથિયાં છે જે ખૂબ જ આસાન છે. ગાઢ જંગલમાંથી પસાર થતો રસ્તો અને ગિરનાર પર્વતની ઊંચાઈ, ગુરૂદત્તાત્રેય અને અંબાજીના શિખરના સતત દર્શન યાત્રિકોમાં અનેરો ઉત્સાહ લાવી દે છે. રસ્તાની બંને બાજુ અસંખ્ય વાંદરાઓની મસ્તી, નદી, ઝરણાં, આકાશ, વિવિધ પક્ષીઓનો કલશોર યાત્રિકોને મંત્રમુગ્ધ કરી દે છે. જટાશંકરની ગુફામાં સ્થાપિત શિવલિંગ પર મંદિરની છત સાથે જોડાયેલ એક મોટા પત્થર પર બિલ્વપત્રનું ઝાડ છે. એટલે બિલ્વપત્ર અને જળ દ્વારા મહાદેવનો અખંડ અભિષેક થાય છે. અનેક સાધુ-સંતો અને મહાત્માઓએ પોતાની તપસ્યાથી આ ભૂમિને પાવન કરી છે. મંદિરથી થોડે દૂર આવેલ પ્રાકૃતિક વોટરફોલ્સ આકર્ષણનું કેન્દ્ર છે. આ સ્થળ પાંચ યાજ્ઞિક વૃક્ષોની વચ્ચે આવેલું છે. આ સ્થળ ત્રેતાયુગમાં જટાયુની તપોભૂમિ હતું. અહીંથી રોપ-વે દ્વારા અંબાજી જઈ શકાય છે. વર્ષમાં બે વખત લાખો શ્રધ્ધાળુઓ ગિરનારની પરિક્રમા પણ કરે છે. પરિક્રમાનો માર્ગ પણ અહીંથી જ પસાર થાય છે.

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫ Email : ykgoswami@gmail.com



**યુવાનોના પ્રેરણાસ્રોત**
**સ્વામી વિવેકાનંદ**

# ભારત વર્ષ

દુનિયા આપણી માતૃભૂમિની મોટી દેણદાર છે. દેશદેશનો વિચાર કરીએ તો એવી બીજી એકે પ્રજા નથી, કે જેના તરફથી સહનશીલ, વિનમ્ર હિંદુ કરતાં દુનિયાને વધારે મળ્યુ હોય.

એવા ઘણા છે, કે જેમને શરૂઆતમાં હિંદુ વિચાર, હિંદુ રીત-રિવાજ, હિંદુ તત્ત્વજ્ઞાન, હિંદુ સાહિત્ય તિરસ્કારને પાત્ર લાગે છે, પણ જો તેઓ એ બધાંને વળગી રહે, તેમના સંબંધી વાંચે, એ વિચારોની પાછળ રહેલા સિદ્ધાંતોનો વિશેષ પરિચય સાધે, તો એમાંના મોટાભાગને તો એની મોહિની લાગશે અન પરિણામે મંત્રમુગ્ધ બનશે.

પરંતુ જેમ જેમ મારી ઉંમર વધતી જાય છે, તેમ તેમ ભારતવર્ષની આ જુગજૂની સંસ્થાઓ માટે મને માનની લાગણી ઉત્પન્ન થતી જાય છે. એવો પણ વખત હતો કે જ્યારે હું એમ માનતો કે એ બધાનો મોટો ભાગ તદ્દન નકામો અને કોડીની કિંમતનો છે. પણ ઉંમર વધતી જાય છે, તેમ તેમ એ સંસ્થાઓમાંથી એકની પણ નિંદા કરવાની હવે હિંમત કરતો નથી. કારણ કે દરેક સૈકાઓના અનુભવી મૂર્તિરૂપ છે.

હું તમને ખાતરીપૂર્વક કહું છું કે બીજા દેશોમાં ધર્મ સંબંધી ઘણી વાચાળતા હોય છે, પણ ધર્મને આચરણમાં મૂકનાર, તેને પોતાના જીવનમાં વણી લેનાર તો કેવળ અહીં ભારતવર્ષમાં જ દેખાય છે.

મેં અગાઉ કહ્યું છે કે આપણી પાસે હજી કંઈક દુનિયાને શીખવા જેવું છે; આ કારણને લઈને જ સૈકાઓની સતામણી છતાં, હજારો વર્ષો સુધીના વિદેશી પ્રજાઓના રાજ્ય અમલ અને ત્રાસ છતાં, આ પ્રજા ટકી રહી છે, આ પ્રજા જીવતી રહી છે, કારણ કે હજી પણ તે ઈશ્વરને વળગી રહી છે. આધ્યાત્મિકતા અને ધર્મના ભંડાર સાચવી રહી છે.

આ દેશમાં હજી ધર્મ તથા આધ્યાત્મિકતા છે. પશ્ચિમની અને બીજી પ્રજાઓ જે અત્યારે રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ અને કાવાદાવાઓને લીધે દબાઈ અધમૂઈ થઈ ગઈ છે અને અધોગતિએ પહોંચી ગઈ છે, તેમનામાં નવું જીવન આણવા માટે તથા નવા પ્રાણ પૂરવા માટે ધર્મ તથા આધ્યાત્મિકતાના પ્રવાહોએ દુનિયા પર પૂરજોશમાં વહેવું પડશે અને દુનિયાને તરબતર કરી દેવી પડશે.

પણ લક્ષ્યમાં રાખજો કે પશ્ચિમના જડવાદી સુધારાને અનુસરીને તમે આધ્યાત્મિકતાને છોડી દેશો, તો તેને પરિણામે ત્રણ પેઢીમાં તમારી જાતિનું નામાનિશાન રહેશે નહિ; કારણ કે પ્રજાનો મુખ્ય આધાર તૂટી પડશે; જેના ઉપર રાષ્ટ્રનું ચણતર ઊભું કરવામાં આવ્યું છે તે પાયાને નુકસાન પહોંચશે અને તેના ફળરૂપે ચારે તરફ વિનાશ દેખાશે.

જો યુરોપ પોતાની સ્થિતિ પલટાવવાની સંભાળ નહીં રાખે, પોતાનું કાર્યક્ષેત્ર નહિ બદલે તેને આધ્યાત્મિકતાને પોતાના જીવનનો આધાર નહિ બનાવે, તો એ જડ શક્તિના આવિર્ભાવનું મધ્યબિંદુ યુરોપ પચાસ વર્ષની અંદર ભાંગીને ભૂકો થઈ જશે અને યુરોપને ઉગારી લે એવો માત્ર ઉપનિષદોનો ધર્મ જ છે.

કુલીનતાની શેખી કરનાર આપણા પૂર્વજો દેશના સાધારણ જનસમાજને એડી નીચે કચડતા જ ગયા, અને તે એટલી હદ સુધી કે છેવટે એ બિચારા તદ્દન અસહાય બની ગયા અને તેની અસહ્ય વેદનાને લઈ પોતે મનુષ્ય છે, એ ભાન પણ આપણા ગરીબ વર્ગમાંથી ચાલ્યું ગયું. સૈકાઓથી તેઓને માત્ર લાકડાં કાપવાનું અને પાણી ભરવાનું કામ કરવાની ફરજ પાડવામાં આવી છે, તે એટલી હદ સુધી કે પોતે ગુલામ જન્મ્યા છે અને લાકડાં કાપનાર તથા પાણી ભરનાર તરીકે પેદા થયા છે, એમ તેઓની પાસે મનાવવામાં આવ્યું છે.

ઉપનિષદોનાં સત્યો તમારી સમક્ષ છે. તેમનો અંગીકાર કરો, તે પ્રમાણે જીવન ઘડો તો ભારતવર્ષનો ઉદ્ધાર હાથવેંતમાં જ છે.

તમને લાગણી થાય છે ? તમને લાગી આવે છે કે દેવોનાં અને ઋષિમુનિઓનાં લાખો સંતાનો હેવાન જેવાં થઈ ગયા છે ? લાખો માનવીઓ આજે ભૂખમરાથી મરી રહ્યાં છે અને લાખોએ કેટલાય જમાનાથી કાયમ ભૂખમરો વેઠ્યો છે, એ માટે તમને કંઈ છે ? કાળાં વાદળાંની જેમ અજ્ઞાનાંધકાર દેશ પર છવાઈ ગયો છે, તેનું તમને કાંઈ થાય છે ? તેને લઈને તમે વ્યગ્ર બનો છો ? તેને લઈને તમારી ઊંઘ ઊડી જાય છે ? આ વાત તમારા લોહીમાં ઊતરી ગઈ છે ? તમારી નસોમાં ફરી રહી છે ? તમારા હૃદયના ધબકારા સાથે ધબકી રહી છે ? આને લઈને તમારી દશા ઉન્મત્ત જેવી થઈ ગઈ છે ? વિનાશના દુ:ખના એકમાત્ર વિચારે તમારા પર સત્તા જમાવી છે ? અને તમારી પોતાની કીર્તિ, નામ, સ્ત્રી-છોકરાં, તમારી માલમત્તા, અરે ! તમારા દેહ સુદ્ધાં તમે વીસરી ગયા છો ? આમ થઈ ગયું છે ? સ્વદેશપ્રેમી થવાનું આ પહેલું પગથિયું છે, માત્ર પહેલું જ પગથિયું.

ચાલો, મર્દ બનો. તમારી અંધકાર કોટડીમાંથી બહાર આવી નિહાળો. જુઓ બીજી પ્રજાઓ કેવી આગળ વધી રહી છે. તમે મનુસંતાનને ચાહો છો ? તમારા દેશને ચાહો છો ? તો ચાલો, આપણે વધારે ઊંચી અને સારી વસ્તુઓ માટે પ્રયત્ન કરીએ. પાછળ જોશો નહીં, તમારા વહાલામાં વહાલાં અને નજીકમાં નજીકનાં સગાં રડે તો પણ નહીં, પણ જોવું આગળ ને આગળ.

ભારતવર્ષ માટે મને ખૂબ પ્રેમ હોવા છતાં અને પ્રાચીન ભારતવાસીઓ માટે માનની લાગણી હોવા છતાં મને લાગે છે કે આપણે

# યુવા સૃષ્ટિ

બીજી પ્રજાઓ પાસેથી ઘણું શીખવાનું છે. ભારતવર્ષની બહારની દુનિયાના સંબંધ વિના આપણે ચાલવાનું નથી. આપણે તેમના વિના ચલાવી લઈશું એમ આપણે ધાર્યું એ આપણી મૂર્ખાઈ હતી. અને એક હજાર વર્ષની ગુલામી ભોગવી આપણે તેમની શિક્ષા સહન કરી છે. બીજી પ્રજાઓની સાથે આપણી સરખામણી કરવા આપણે બહાર ગયા નહીં. આપણી આસપાસ શું ચાલી રહ્યું છે, તેનો ખ્યાલ કર્યો નહીં, આ વસ્તુ હિંદુ માનસના અધઃપતનનું એક મોટું કારણ નીવડ્યું છે. આપણે શિક્ષા ભોગવી છે. હવે વધારે ભોગવીએ નહિ એટલે બસ.

દક્ષિણ ભારતનાં કેટલાંક મંદિરો તથા ગુજરાતના સોમનાથ જેવાં બીજાં પણ કેટલાક તમને ખૂબ ડહાપણ શીખવશે, અને મોટાં મોટાં પુસ્તકો કરતાં જાતિના ઈતિહાસ સંબંધી તમને ઊંડી સમજ આપશે. આ મંદિરો ઉપર અનેક હુમલાઓનાં અને પુનરુદ્ધારનાં ચિહ્નો છે તે ઉપર ધ્યાન આપો; ખંડેરોમાંથી ફરી ફરીને તેઓ અગાઉ જેવાં જ મજબૂત અને પ્રાણવાન થઈને ખડાં થયાં છે ? પ્રજાના મનનું આ વલણ છે, પ્રજા જીવનનો પ્રવાહ છે.

હવે પછીના પચાસ વર્ષ સુધી માત્ર આ જ આપણું કાર્યક્ષેત્ર બનશે - આ આપણી મહાન માતા ભારતભૂમિ. બીજા બધા નકામા દેવ-દેવીઓએ સમય દરમિયાન ભલે આપણા મનમાંથી ભૂંસાઈ જતાં, આપણા દેશબંધુઓમાં જ આપણા દેવ છે; માત્ર આ દેવ જ અત્યારે જાગે છે, ચારે તરફ તેના હાથપગ છે, ચારે તરફ તેના કાન છે, બધાને તે આવરી રહેલ છે. બીજા બધા દેવો અત્યારે ઊંઘમાં પડ્યા છે. આપણે કેવા કેવા મિથ્યા દેવોની પાછળ જઈએ છીએ ! અને તેમ છતાં આપણી આસપાસ ચોતરફ જેનાં દર્શન થાય છે તે વિરાટની આપણે પૂજા નથી કરી શકતા ! આની પૂજા કર્યા પછી આપણે બીજા બધા દેવોની પૂજા કરવા શક્તિમાન થઈશું.

પ્રજાની આધ્યાત્મિક અને વ્યાવહારિક કેળવણી પર આપણો કાબૂ હોવો જોઈએ. તમારી સમજમાં આ વાત ઊતરે છે ? જે કેળવણી અત્યારે મળી રહી છે તેમાં કેટલીક સારી વાતો છે, પણ એમાં ગેરફાયદા એવા ભારે છે કે સારી વાતો તેનાથી દબાઈ જાય છે. પહેલી વાત તો એ કે આ કેળવણી મર્દ બનાવે એવી નથી; આ તો માત્ર પૂરેપૂરી અભાવાત્મક કેળવણી છે; નકારાત્મક કેળવણી અથવા તો નકાર પર રચાયેલી કોઈપણ તાલીમ કરતાં પણ આ વધારે ખરાબ છે.

ભારતવર્ષ છોડ્યું ત્યાર પહેલાં હું તેને ચાહતો હતો; હવે ત્યાંની ધૂળ પણ મારે મન પવિત્ર છે. ત્યાંની હવા પણ હવે મારી નજરે પાવનકારી છે. હવે તો એ પુણ્યભૂમિ છે, યાત્રાનું સ્થાન, તીર્થ છે.

અંગ્રેજ અથવા અમેરિકાવાસી સાથે સમાન દરજ્જો ભોગવવા ચાહતા હો તો જાતે શીખવાની સાથે તમારે શીખવવું પણ પડશે અને હજી તમારી પાસે દુનિયાને સૈકાઓ સુધી શીખવી શકાય એટલું બધું પડ્યું છે. એ કામ કરવાનું છે.

હિંદુસ્તાનનું અધઃપતન થયું તેનું કારણ એ નથી કે તેના પુરાતન રીતરિવાજો અને નિયમો ખરાબ હતા. ખરું કારણ તો એ છે કે બધામાંથી યોગ્ય સિદ્ધાંતો તારવી કાઢવાની હદ સુધી તેમનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

દેશને માટે પોતાનું સર્વસ્વ હોમી દે એવા માણસો, પૂરેપૂરા નિખાલસ માણસો તમારામાં હશે, જ્યારે આવા માણસો પાકશે, ત્યારે ભારતવર્ષ દરેક રીતે મહાન બનશે; મનુષ્ય દ્વારા રાષ્ટ્ર બને છે.

સાધારણ જનસમાજની ઉપેક્ષા એ મારી નજરે આપણી પ્રજાનું મહાન પાપ છે, અને આપણી અવનતિનું એ મુખ્ય કારણ છે. જ્યાં સુધી આ જનવર્ગને સારી કેળવણી, સારો ખોરાક મળે નહીં અને તેની સારી સંભાળ લેવામાં આવે નહીં ત્યાં સુધી ગમે તેટલી રાજનીતિનો ઉપયોગ કરીએ તે નિરર્થક જશે.

આ મુદ્રાલેખ તમારી સમક્ષ રાખો : ‘ધર્મને હાનિ પહોંચાડ્યા સિવાય સાધારણ જનવર્ગની ઉન્નતિ થવી જોઈએ.’

કેળવણી, માત્ર કેળવણી : યુરોપના ઘણાં શહેરોમાં ફરીને મુસાફરી કરતી વખતે અને ત્યાંના ગરીબ વર્ગની પણ કેળવણી અને સુખ-સગવડની વ્યવસ્થા જોઈને મને આપણા દેશનાં ગરીબોની દશા યાદ આવતી અને મારી આંખમાંથી આંસુ સરી પડતાં; આ તફાવત શાને લીધે ? કેળવણીને લીધે - એમ મને સમજાતું. કેળવણી દ્વારા આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસ દ્વારા અંતર્ગત બ્રહ્મ તેમનામાં જાગ્રત થાય છે, જ્યારે આપણા લોકોને બ્રહ્મભાવ ધીમે ધીમે સુષુપ્ત દશાને પામતો જાય છે.

જે રીતે ઉમદા વિચારો દરેકને ઘેર પહોંચે એવી વ્યવસ્થા કરવી એ મારા જીવનની એકમાત્ર મહત્ત્વાકાંક્ષા છે, પછી માણસો ભલે ઈચ્છા પ્રમાણે પોતાનું ભાગ્ય નિર્માણ કરે. જીવનના અતિ મહત્ત્વના પ્રશ્નો સંબંધી આપણા પૂર્વજોએ અને બીજી પ્રજાઓએ કેવા કેવા વિચાર બાંધ્યા છે, તે તેમને જાણવા દો. અત્યારે બીજાઓ શું કરી રહ્યા છે તે ખાસ કરીને તેમને જોવા દો, અને ત્યાર પછી તેઓ નિર્ણય કરે; આપણે તો રાસાયણિક પદાર્થ એકઠા કરવાના છે. નિયમ પ્રમાણે પાસા તો પછી કુદરત પાડશે.

હું ભવિષ્યમાં જોતો નથી; તેમ કરવાની દરકાર પણ રાખતો નથી; પરંતુ એક દર્શન તો જીવન જેટલું જ સ્પષ્ટ મારી નજરે પડે છે; આપણી પુરાતન માતા ફરી જાગ્રત થઈ છે અને પૂર્ણ પ્રાણવાન તથા પ્રતાપવાન બની પોતાના રાજસિંહાસન પર બિરાજે છે. શાંતિ અને આશીર્વાદને સૂરે જગત સમક્ષ તેનો મહિમા ગાઓ. ■




**ડો. બોની શાહ**
લેખક અમદાવાદની ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલના
સિનિયર યુરોલોજીસ્ટ

# પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓની સમજ અને સારવાર


હસમુખભાઈએ તેમની પાંસઠમી વર્ષગાંઠે ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. હસમુખભાઈ સૌને ઉમળકાભેર આવકારી રહ્યાં હતાં. આજની સાંજ હસમુખભાઈ માટે ખરેખર ખાસ હતી. સનદી અધિકારી તરીકે હસમુખભાઈ સાડા ત્રણ દાયકાની અત્યંત ઝળહળતી કારકિર્દી પૂર્ણ કરી વયમર્યાદાને કારણે આજે નિવૃત્ત થઈ રહ્યાં હતાં.

હસમુખભાઈ સ્વયં - શિસ્તના અત્યંત આગ્રહી. કોઈપણ પ્રકારનું કોઈ જ વ્યસન નહીં. દરરોજ સવારે નિયમિત ચાલવા જવાનો તેમનો વણલખ્યો નિયમ. ઠંડી હોય, ગરમી હોય કે પછી વરસાદ દરરોજ હસમુખભાઈ ચાલવા જાય.

પાર્ટીમાં દાખલ થતાં જ હસમુખભાઈ અને સુલોચનાબહેને મને મીઠો આવકાર આપ્યો. પરંતુ પાર્ટીમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં હસમુખભાઈ મારી પાસે આવ્યા અને મને એક બાજુ લઈ જઈને તેમની વ્યથા ઠાલવી. વાત એમ હતી કે, હસમુખભાઈને છેલ્લાં કેટલાક સમયથી પેશાબ કરવા માટે અત્યંત પરેશાનીનો સામનો કરવો પડતો હતો. ઉપરાંત, વારંવાર પેશાબ કરવા જવું પડતું. પેશાબ બિલકુલ રોકી શકાતો નહીં તથા તેના કારણે તેઓ લાંબો પ્રવાસ કરી શકતા નહીં. ઉપરોક્ત સમસ્યાના નિવારણ માટે હસમુખભાઈએ તેમના ફેમિલી ડૉક્ટરે લખેલ દવા ઘણાં મહિનાઓ સુધી લીધી પરંતુ, સમસ્યામાં કોઈ જ ફેર પડ્યો નહીં.




મેં હસમુખભાઈને તપાસ માટે હોસ્પિટલ આવવા સૂચવ્યું અને બીજે દિવસે સવારે ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલના ઓ.પી.ડી. વિભાગમાં મેં હસમુખભાઈને બેઠેલાં જોયા. તમામ પરીક્ષણો હાથ ધર્યા બાદ હસમુખ-ભાઈનું પ્રોસ્ટેટ અત્યંત એન્લાર્જ થયેલ હોવાનું માલુમ પડ્યું. જેના કારણે તેમની બંને કિડનીઓ અને મૂત્રાશયને ખૂબ નુકસાન થઈ રહ્યું હતું. જેના કારણે કિડનીની કાર્યક્ષમતાની પ્રક્રિયામાં ગંભીર વિક્ષેપ જણાયો. તેમના ક્રિએટિનિનનું લેવલ પણ ખૂબ ઊંચું હતું. મૂત્રમાં ઈન્ફેકશન હતું.




મેં હસમુખભાઈને તેમને થયેલ રોગના તમામ પાસાઓથી વાકેફ કરી તાત્કાલિક શસ્ત્રક્રિયા દ્વારા સારવાર કરાવવા જણાવ્યું. કારણ કે પ્રોસ્ટેટની સમસ્યાએ કિડનીને ઘણું નુકસાન પહોંચાડી દીધું હતું. એન્ડોસ્કોપિક લેસર દ્વારા હસમુખભાઈનું પ્રોસ્ટેટ દૂર કરવાની શસ્ત્રક્રિયા હાથ ધરાઈ અને ધીમે ધીમે તેમના ક્રિયેટિનનું લેવલ સામાન્ય થવા લાગ્યું.

ઉપરોક્ત સમસ્યા ફક્ત હસમુખભાઈની નથી. દુનિયાભરમાં હસમુખભાઈ જેવા અનેક વડીલો પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓથી પીડિત છે. જો કે પ્રારંભિક તબક્કામાં થયેલ પ્રોસ્ટેટની સમસ્યાનું નિદાન અને યોગ્ય સારવાર ઘણી ગંભીર આરોગ્ય સમસ્યાઓને અટકાવી શકે છે.

પ્રોસ્ટેટનું ઍન્લાર્જમેન્ટ ૪૫ કે તેથી ઉપરની વય ધરાવતા પુરુષોને થઈ શકે છે. પ્રોસ્ટેટ એન્લાર્જ થવાથી મૂત્ર માર્ગ સંકોચાય છે તથા આ સંકોચન વિવિધ મૂત્ર સંબંધિત સમસ્યાઓનું કારણ બને છે. સમયસરના નિદાન અને સારવાર દ્વારા તેને અટકાવી શકાય છે.

**Health Secret** : ફળો વિટામીન્સ અને એન્ટી ઑક્સિડન્ટ્સના શ્રેષ્ઠ સ્રોત છે. તેમાં પણ દ્રાક્ષ, સફરજન, દાડમ, રાસબરી અને તરબૂચ જેવા ફળો પ્રોસ્ટેટના સ્વાસ્થ્ય માટે આરોગ્યપ્રદ ફળો છે.

# કૃષિ સૃષ્ટિ



**એચ. એસ. પટેલ - I.A.S. Rtd.**
નિ. કલેકટર, કમિશ્નર
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.

# લોકોપયોગી માર્ગદર્શન

## બિનખેતીની પરવાનગીમાં સરળીકરણ કરતી જોગવાઈઓ અંગે સ્પષ્ટતા

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં મહેસૂલ વિભાગના તા. ૧૩/૯/૨૦૨૪ ના ઠરાવથી બે નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમાં ગત લેખમાં ખેડૂત ખરાઈના પ્રમાણપત્ર બાબતમાં સરકાર દ્વારા તા. ૬/૪/૧૯૯૫ નું આધારવર્ષ ગણીને તે આધારે અગાઉના વ્યવહારો ધ્યનામાં લીધા સિવાય ખાતેદારની મહેસૂલી રેકર્ડમાં પાડવામાં આવેલ નોંધો ખેડૂત ખાતેદાર તરીકે ખરાઈ કરવાની બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવેલ અને તે અંગે ગણોતધરાની કલમ-૬૩ અને સૌરાષ્ટ્ર ઘરખેડની કલમ-૫૪ અંગે કાયદાકીય જોગવાઈઓનું વર્ણન કરવામાં આવેલ અને તેના સમાન પ્રકારે તા. ૧૩/૯/૨૦૨૪ પરિપત્ર ક્રમાંક બખપ-૧૦૨૦૧૮-૪૨૫-ક અન્વયે જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૫ અંતર્ગત બિનખેતી પરવાનગી મેળવવાની કાર્ય પધ્ધતિમાં સરળીકરણ કરવા અંગે મુખ્યત્વે 'જુની શરતની તથા ખેતીથી ખેતી જૂની શરત થયેલ તેવી બિનખેતી પ્રિમયમ પાત્ર જમીનની જ્યારે બિનખેતી કરવાની અરજી આવે ત્યારે માત્ર મોટા ખેડૂત ખરાઈ માટે મહેસૂલી રેકર્ડની ચકાસણીના કિસ્સામાં તા. ૬/૪/૯૫ થી અગાઉનું રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે નહિ. આ સાથે ખેડૂત ખરાઈ અંગે ખેડૂત ખાતેદાર તરીકેનું સોગંધનામું રજૂ કરતી જોગવાઈ કરવામાં આવી છે. બિનખેતીની પરવાનગી અંગે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫ માં જોગવાઈ છે. જ્યારે જમીનના નવી શરતના નિયંત્રણો જમીન મહેસૂલ કાયદા ઉપરાંત ગણોતધરો અને જમીન ટોચ મર્યાદાની જોગવાઈઓ લાગુ પડે છે. બિનખેતીની પરવાનગી અને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં શું સરળીકરણ કરવામાં આવ્યું છે અને સામાન્ય જનતાને આ કાર્યપધ્ધતિમાં શું હાડમારી પડે છે તે અંગે જરૂરી વિવરણ કરીશું.



જમીન મહેસૂલ કાયદો-૧૮૭૯ માં મુખ્યત્વે જમીન મહેસૂલ ઉઘરાવવાના વ્યવસ્થા તંત્ર સાથે જમીનનું નિયમન અને જમીન ઉપરના લોકોના હક્ક માટેનું હક્કપત્રક મુખ્યત્વે બાબત છે. જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫ ખેતવિષયક જમીનમાં બિનખેતી વિષયક ઉપયોગ કરવામાં આવે ત્યારે ખેતવિષયક મહેસૂલમાંથી બિનખેતી વિષયક ધારો નક્કી કરતી જોગવાઈ છે. એટલે મુખ્યત્વે જમીન મહેસૂલની બાબત છે. બદલાતા જતા સંજોગોમાં શહેરીકરણ / ઔદ્યોગિકરણ અને વિકાસની પ્રક્રિયામાં ખેત વિષયક હેતુ માટે મુખ્યત્વે વપરાતી જમીનોમાં બિનખેતી વિષયક ઉપયોગનો વ્યાપ વધ્યો છે. એટલે સાદી કાયદાકીય પરિભાષામાં પણ સમજવામાં આવે તો બિનખેતીની પરવાનગી એ માત્ર ઔપચારિકતા છે અને એક તબક્કે જુની શરતની જમીન હોય અને સબંધિત ખાતેદાર કે પક્ષકાર દ્વારા બાંધકામના નિયમોને અનુરૂપ બિખતેની વિષયક ઉપયોગ કરવામાં આવે તો જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૬/૬૭ હેઠળ જમીનના આકાર પટ્ટની રકમ લઈને પણ બિનખેતી ઉપયોગને નિયમબધ્ધ કરવાની કલેકટરને સત્તાઓ આપેલ છે. એટલે બિનખેતી વિષયક પરવાનગીને એક પ્રકારનો Hype હાઉ ઊભો કરવામાં આવેલ છે અને આ પ્રક્રિયાને કારણે "Ease of Dong Business" કામ ધંધાની સરળતાના પરિમાણ "Indicators" માં બાધારૂપે છે. બીજું કે સરકારે કલમ-૬૫'ખ' હેઠળ જમીનનું Title Clear હોય તો કોઈ પણ બિનખેડૂત પ્રામાણિક ઔદ્યોગિક હેતુ Bonafide Industrial Purpose માટે ખેતીની જમીન ખરીદી શકે છે. ફક્ત આ અંગે કલેકટરશ્રીને જાણ કરવાની છે અને કલેકટરે દિન-૩૦ માં પ્રમાણપત્ર આપવાનું છે. આજ રીતે ગણોતધારાની કલમ-૬૩ અને ૬૩એએ હેઠળ ખેતી વિષયક જમીન કલેકટરની પરવાનગી લઈને તેમજ સૌરાષ્ટ્ર ઘરખેડની કલમ-૫૫ હેઠળ સૌરાષ્ટ્ર વિસ્તારમાં બિનખેતી વિષયક હેતુ માટે જમીન ખરીદી શકાય છે.

ઉક્ત બિનખેતી વિષયક હેતુ માટે ૨૦૧૮ પહેલાં કલેકટરશ્રીને નિયત નમૂનામાં

# કૃષિ સૃષ્ટિ

અરજી કરવાથી ૯૦ દિવસની સમય મર્યાદામાં મામલતદાર / નાયબ કલેક્ટરનો સાધનિક કાગળો સાથે દરખાસ્ત રજૂ થયેથી પરવાનગીનો નિર્ણય લેવામાં આવતો રાજય સરકાર દ્વારા ર૦૦૪ થી મહેસૂલી રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાથી ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. જેથી ઈ-ધરાના માધ્યમથી હક્કપત્રકની નોંધો પણ ઈ-ધરા કેન્દ્રમાં પાડવામાં આવે છે. સમગ્ર મહેસૂલી રેકર્ડ ઓનલાઈન ઉપલબ્ધ હોવાથી બિનખેતીની પરવાનગી અને નવી શરતની નિયંત્રણોવાળી જમીન પણ IORA પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી બિનખેતીની પરવાનગી ખેડૂત ખરાઈ બોજાની નોંધણી અને નવી શરતની જમીનનું જુની જોગવાઈ કરવામાં આવેલ. પરંતુ આ પ્રક્રિયામાં ખેડૂત ખાતેદારની ખરાઈ બાબતે ૧૯૫૧-૫ર થી એટલે કે ગુજરાતમાં સૌ પ્રથમ સર્વે સેટલમેન્ટ થયું અને રેકર્ડ પ્રમોલગેટ થયું ત્યારથી ખેડૂત ખાતેદારના દરજ્જા તરીકે ખાત્રી કરવાની હતી અને આ કિસ્સાઓમાં ઘણીવાર તો મૂળ કુટુંબના વડાના નામે જમીન હોય ત્યારબાદ ભાઈઓ / ભાગ / વારસાઈ કૌટુંબિક વહેંચણી વિગેરેના કારણ ક્રમાનુસાર નોંધો ન મળી શકે બીજું કે જીલ્લાઓના વિભાજન / તાલુકાની પુનઃરચના ઘણી જગ્યાએ મૂળ રેકર્ડ નાશ પામવાના કારણે પણ ૧૯૫૧ થી રેકર્ડ ન મળવાના કિસ્સા છે. પરંતુ આ અંગે દાવા સાથે હું જણાવું છું કે અગાઉ ર૦૦૫ સુધી દર દસ વર્ષે મહેસૂલી અધિકારીઓ દ્વારા પ્રમાણિત કરવામાં આવતું એટલે કે નવીન ૭ x ૧ર દસ વર્ષીય ધોરણે પ્રમોલગેટ કરવામાં આવતા અને આ જવાબદારી મહેસૂલી અધિકારીઓની હતી એટલે સાચા ખેડૂત ખાતેદારો માટે ૧૯૫૧-૫ર થી ખેડૂત ખાતેદારની ખરાઈ કરવી અપ્રસ્તુત હતી. ખરેખર તો નોંધ પ્રમાણિત કરવામાં ન આવે મહેસૂલ વિભાગ દ્વારા ૧૩/૯/ર૦ર૪ ના પરિપત્રમાં તા. ૬/૪/૧૯૯૫ પહેલાનું ખેડૂત ખરાબઈ બાબતે મહેસૂલી રેકર્ડ ધ્યાનમાં લેવાનું રહેશે નહિ તેમ જણાવેલ છે. તો તેનો મતલબ એ થાય કે ૧૯૯૫ પહેલાં કોઈ ખેડૂત દ્વારા જમીન ખરીદેલી હોય અને ઉત્તરોત્તર જમીન ખરીદવામાં આવી હોય તો તેવા કિસ્સામાં અગાઉની નોંધો માન્ય ગણવાની છે. આ અંગે મહેસૂલ વિભાગે સ્પષ્ટતા કરવાની જરૂરિયાત હતી.

સરકાર દ્વારા ફક્ત ખેડૂત ખરાઈ બાબતના મુદ્દાને ૧૯૯૫ નું આધાર વર્ષ ગણીને ત્યારબાદના મહેસૂલી રેકર્ડના આધારે બિનખેતીની પરવાનગી આપવા બાબતનું સરળીકરણ કર્યું તેમ જણાવવામાં આવે છે. પરંતુ નોંધ રીવીઝનમાં લેવા બાબતે મહેસૂલી રેકર્ડની ખરાઈ ક્ષેત્રફળમાં વિસંગતતા સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત વિગેરેના ક્ષુલ્લક કારણો ધરી બિનખેતીની પરવાનગી નામંજૂર કરવામાં આવે છે તે ઉપરાંત ઘણી જગ્યાએ જમીન નવી શરતની સત્તાપ્રકારના મુદ્દા ઉપર નામંજૂર કરવાનું વ્યાપક પ્રમાણ છે. આમ તો જમીન મહેસૂલ અધિનિયમમાં કલમ-૬૫ માં બિનખેતીની પરવાનગી ફક્ત જમીન મહેસૂલ બિનેખતી વિષયક ધારો નક્કી કરવા પૂરતું નિમિત્ત છે. જેથી જ્યાં શહેરોમાં / વિકસિત વિસ્તારોમાં માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન છે ત્યાં નવી શરતની જમીનો સિવાય સીધે સીધા બિન ખેતી વધારો Land use plan નક્કી કરી કલમ-૬૫ ની જોગવાઈમાંથી મુક્ત કરી દેવાની જરૂરી છે. સરકાર આ દિશામાં સરળીકરણ કરે તે જરૂરી છે. ■

**"ટાઉન પ્લાનીંગમાં માસ્ટર ડેવલપમેન્ટ વિસ્તારોમાં બિનખેતીની પરવાનગી ઔપચારિક કરવી જરૂરી**

---

## યોગાહાર : આહારનો યોગ તેલના ઉપયોગમાં થતી ભૂલો

**લેખક : રાજેશ પટેલ**
**યોગાહાર એક્સપર્ટ**

### ગરમ પાણી પીવાથી પિત્ત એસીડીટી વધે, ફ્રીજનું ઠંડુ પીવાથી કફ વધે, તો બીજા ખોરાકમાં શું થાય

- ચરબી શરીર માટે જરૂરી, પરંતુ ચરબીનો પ્રકાર, સારું ખોટું સમજવું જરૂરી છે.
- શેકેલી મગફળી સિંગ, વધુ પડતી પિત્ત, એસીડીટી, બીપી, કોલેસ્ટ્રોલ, બ્લોકેજ વધારે. જો શેકેલી સિંગ સાઈડ ઈફેક્ટ કરતે તો, ૩૦૦ ડિગ્રી ઉકાળેલા ડબલ રિફાઈન્ડ તેલમાં તળેલા ખોરાક શું કરે ? નાના બાળકોને હાર્ટ એટેકની સમસ્યાઓ થવાનું આ કારણ છે.
- આખી રાત પાણીમાં રાખેલા કાચા સિંગ દાણાની ચરબી ઉપરનું કશું કરે નહિ. ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે, સારું વધારે, એસીડીટી કરે નહિ, બ્લોકેજ કરે નહિ / ઓછાં કરે.
- શરીર માટે ઉપયોગી ચરબી : સિંગ દાણા દબાવીએ તો તેલ નીકળે, પાણીમાં ઉપર તરે, કાચા સિંગદાણા આખી રાત પાણીમાં દબાવીએ તો સિંગનું દૂધ નીકળે, તેલ ક્યાં ગયું ? દૂધમાં તેલ પાણીમાં ભળે તેવું બન્યું. તમામ માનવી માટે આવું પાણીમાં ભળે તેવી ચરબી શરીર માટે સૌથી વધારે ગુણકારી.
- બાળકોને આવું વેજ, દૂધ, દહીં સસ્તું પણ પડે, શરીર માટે વધુ ફાયદાકારક બને. લોકો ઉપયોગ વધારે તો ખેડૂતોની આવક વધે.

# બાલ સૃષ્ટિ




**સંપાદક :**

**ડો. ભગીરથ કે. પટેલ**

ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી

સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.


# આવુંય થાય.....કાચબાભાઈ




**: લેખિકા :**

**ગિરા પિનાકીન ભટ્ટ**

**બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**

**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**


કાચબો જીત્યો... કાચબો જીત્યો, મંદગતિનો કાચબો જીત્યો,
કાચબાએ સસલાને પછાડ્યો... જો જીતા... વો હી સિંકદર...

હવેથી કાચબો આપણો આગેવાન. એની દોરવણી હેઠળ ચાલવાનું, એવાં માન પાન કાચબાને મળવા લાગ્યાં. ઠેર ઠેર મીટિંગો ભરાય. ઠેર ઠેર મેળાવડા થાય. ઠેર ઠેર સમારંભો યોજાય અને કાચબાભાઈનું માન પાન સચવાય. કાચબાનાં ગુણગાન ગવાય. કાચબાના હાથે જે તે ઉદ્‌ઘાટનો કરાવે પ્રવચનો ગોઠવે, ઈનામો અપાવે, અને એવાં કંઈક કારણોસર કાચબો અભિમાની થઈ ગયો.

કોઈને ગમે કે ન ગમે, કોઈ સાંભળે કે ન સાંભળે, કોઈની વાત પોતે ન સાંભળે, પણ... બીજાને સંભળાવે. આવા કાચબાભાઈ હવે લપલપિયા બની ગયા હતા. તમે જે લપલપિયા કાચબાભાઈ કહો છો ને તે એ જ કાચબો.

જેને ને તેને એ ઉતારી પાડે. કોઈની વાત ન સાંભળે, ને પોતાનું હાંકે રાખે. આવા કાચબાભાઈ રોફ કરતા ચાલે. એક સાંજે એક સૂરણની ગાંઠ જોઈ, એની પાસે કાચબાભાઈએ માંડી વાત.

'જો... આમ એક જ જગ્યાએ બેસી ન રહેવાય. આપણે પણ ચાલી શકીએ છીએ, દોડી શકીએ છીએ, હરિફાઈમાં ભાગ લઈ શકીએ છીએ. આમ બેસી રહેવાથી તારું કંઈ નહીં વળે. બેઠેલાનું નસીબ બેઠેલું જ રહે છે, સમજે છે મારી વાત ?' પણ... સૂરણ કંઈ બોલ્યું નહીં કે ન તો એ ચાલ્યું. એટલે કાચબાએ વાત આગળ વધારી, 'કાન ખુલ્લા છે કે બંધ? કાન ખુલ્લા રાખવા હંમેશા... વાતો સાંભળવી સઘળી. નાના નાના પગ છે તો શું થયું ? એ પગે ખૂંદી વળીએ જગ, ગભરાવાનું સહેજે નહીં. ડહાપણનો ભંડાર છીએ. જો... મારી સામે જો.' પણ પેલું સૂરણ ચૂપ જ હતું.

'અલ્યા... તને કહું છું ડોકું તો કાઢ. 'હા' કે 'ના' જેવું કશુંય ભસતાં તને નથી આવડતું ? કોઈ મોટું શિખામણ આપે ત્યારે હોંકારો ભરતાં તો આવડવો જોઈએ ને ! લાગે છે કે એ પણ તું શીખ્યો નથી.' અકળાઈને કાચબો બોલ્યો.

કાચબો હવે ગુસ્સે ભરાયો. આને હું અક્કલ આપું છું તે પણ નથી લેતો ઉછીની. બાકી છે તો મારા જેવો જ ગોળ મટોળ ને ભારે. મોં કઈ બાજુ છે એ સમજાતું નથી, પણ પગ દબાવીને બેઠો છે. કદાચ મૂંગો હશે ? બહેરો હશે ? દેખાતો નહીં હોય ? બોલતાં સંકોચ થતો હશે ? એમ વિચારી કાચબો સૂરણની ગાંઠ પાસેથી પસાર થયો. પેલી ગાંઠ થોડી ખસી એટલે કાચબાને લાગ્યું કે પોતે જેટલો હોશિયાર છે એટલો આ નથી. મારે એને તૈયાર કરવો પડશે. પોતાના પગ પેલાને અડકાડી એ બોલ્યો, 'બતાવ તારા પગ ક્યાં છે ? તું મારી વાત સાંભળે છે ? બોલ કંઈક કે મોંમાં મગ ભર્યા છે ?'

ઝાડ ઉપર બેઠેલાં પંખીઓ અને વાંદરાઓ આ તમાશો જોઈ રહ્યા હતા. બધા મનોમન હસતા હતા. કાચબાભાઈ ખિજાણા ને પેલા સૂરણને લાતો મારતા રહ્યા. ઘડીકમાં ધક્કા મારે તો કોઈવાર પાટું... ક્યારેક મોંથી ધક્કો મારે. આમ ચાલતું હતું ત્યાં જ પેલું સસલું કાચબા પાસે આવી પહોંચ્યું.

'કાચબાભાઈ... કાચબાભાઈ, આમ શું કરો છો ?' 'અરે, સસલાજી ક્યાં નીકળ્યા ?' 'ખોરાકની શોધમાં' 'મારે તો લીલા લહેર છે. જે તે સમારંભોમાં જલસા જ જલસા છે. હવે મારે તમારી જેમ ખોરાકની શોધમાં ભટકવું પડતું નથી, એટલે શાંતિ છે. વળી ખોરાકની શોધમાં ટાઈમ બગાડે કોણ ? તમારા જેવો, હું નહીં.' કાચબો ઘમંડમાં બોલતો હતો.

'અરે ! ખોરાકની શોધમાં તો સહુએ જવું પડે. સમારંભો કેટલા ચાલશે ? આજે, કાલે, પરમ દહાડે...પછી...પછી શું ?' સસલો પૂછતો હતો. કાચબો વાત કરતાં કરતાં હજુ પેલા સૂરણને હડસેલા મારતો હતો.

'પછી... પછી.. એવો પ્રશ્ન મને નહીં નડે સમજ્યો ? ખોરાકને હું નહીં શોધું. ખુદ ખોરાક મને શોધતો આવશે. સમજણ પડી ?' તોરમાં કાચબો બોલતો જ રહ્યો.

સસલો તો હતો શાણો, એણે તો પેલા સૂરણને બીજા છેડેથી ખાવા માંડ્યું. કાચબો તો જોઈ જ રહ્યો. 'અરે ! અરે ! સસલાજી, આ શું ? તમે તો સંપૂર્ણ શાકાહારી છો. મારા જાતિભાઈને આમ...?' કાચબો આમ બોલતો હતો, ત્યાં તો બંધા પંખીઓ ને વાંદરાઓ હસવા લાગ્યા

કાચબો આવ્યો સસલાની બાજુએ. પછી જોયું તો ત્યાં કેટલાંક છોડિયાં પડ્યાં હતાં, ને અંદર હતું સૂરણનું દળ... કાચબો તો શરમાઈ ગયો, છોભીલો પડ્યો. એ જોઈ સસલાએ કહ્યું, 'થાય... થાય... કાચબાભાઈ, આવુંય થાય. આંખો બંધ કરી ભાષણ આપવા માંડીએ ને તો ઓડિયન્સ ખાલીય થઈ જાય ને નિર્જીવ ખુરશીઓ પણ ઊંઘી જાય, એવુંય થાય.' કાચબો બોલે તો શું બોલે ?

ભેંસ આગળ ભાગવત સંભળાવ્યું... ભેંસ તો જીવંત હોય, અને આ તો સાવ છેતરામણું.' કહેતો કાચબો ત્યાંથી નાઠો.

જતાં જતાં બોલ્યો,

'કરવા ગયો કંસાર, ને થઈ ગઈ થૂલી.
આ છેતરામણો ભૂલ્યો સંસાર, ને બોલવા લાગી લૂલી.'

પણ હવેથી આવી ભૂલ ક્યારેય નહીં થાય, એની ખાતરી. બસ, ત્યાર પછી કાચબો સમાધિમાં ઊતરી ગયો. કશુંય બોલતો નથી.

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## વિશ્વ ઉમિયાધામ ખાતે દિવ્યાંગ ખેલ પ્રતિષ્ઠાન અંતર્ગત પ્રોત્સાહન કાર્યક્રમ




તા. ૦૩-૧૨-૨૦૨૪ ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ઉમિયાધામ ખાતે પ્રોત્સાહન દિવ્યાંગ ખેલ પ્રતિષ્ઠાન મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

## શ્રી રાજપૂત વિદ્યાસભા દ્વારા તૃતીય સમૂહ લગ્નોત્સવ






તા. ૦૮-૧૨-૨૦૨૪ ના રોજ ગોતા ખાતે શ્રી રાજપૂત વિદ્યાસભા ગુજરાત દ્વારા આયોજીત તૃતીય સમૂહ લગ્નોત્સવમાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલને આમંત્રણ પાઠવેલ. જેમાં ખાસ ઉપસ્થિતિ રહી પ્રભુતામાં પગલાં પાડનાર નવ દંપતિઓને આશીર્વાદ આપ્યા હતાં.

## વિશ્વ ઉમિયાધામ ખાતે આરતી - ધર્મસભાનું આયોજન

વિશ્વ ઉમિયાધામ ખાતે દર રવિવારના રોજ આરતી - ધર્મસભાનું આયોજન કરવામાં આવતું હોય છે, જેમાં ધર્મસભાના વક્તા તરીકે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભગુભાઈ પટેલ - યુ.એસ.એ. ઉપસ્થિત રહ્યા હતાં. આ દરમિયાન સંસ્થાના પ્રમુખશ્રીએ મા ઉમિયાની આરતી કરી ધન્યતા અનુભવી હતી.



## પ્રવૃત્તિ અહેવાલ

# વિશ્વની સૌથી મોટી સોશિયલ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ VPL 3 નો શુભારંભ એક સાથે ૫ ઝોનમાં





તા.૧૪-૧૨-૨૦૨૪ ના રોજ રાજકોટ ખાતે વિશ્વની સૌથી મોટી સોશિયલ ક્રિકેટ ટુર્નામેન્ટ - VPL-3 નો શુભારંભ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, શ્રી મૌલેશભાઈ ડી. ઉકાણી - બાનગ્રુપ, શ્રી રામભાઈ મોકરીયા - સાંસદ સભ્યશ્રી, શ્રી દર્શિતાબેન શાહ - મેયરશ્રી, શ્રી હરિભાઈ પટેલ-પૂર્વ સાંસદશ્રી રાજકોટ, શ્રી ભરતભાઈ બોઘરા - ઉપાધ્યક્ષશ્રી, ભા.જ.પા., શ્રી જીવણભાઈ ગોવાણી - ટ્રસ્ટીશ્રી VUF, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા - ડે. મેયરશ્રી, શ્રી ગિરીશભાઈ ચારોલા, શ્રી અશોકભાઈ દલસાણિયા, શ્રી જીજ્ઞેશભાઈ કાલાવડિયા, કોર્પોરેટરશ્રી શ્રી ચેતનભાઈ સુરેજા, શ્રી બિપીનભાઈ બેરા, શ્રી ગૌતમભાઈ ધમસાણીયા - કન્વીનર, સૌરાષ્ટ્ર ઝોન તેમજ મહાનુભાવો, ટ્રસ્ટીશ્રીઓ, સમાજશ્રેષ્ઠીશ્રીઓ, આગેવાનશ્રીઓ તથા ક્રિકેટ પ્રેમીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.





VPL-3 ના અમદાવાદ ઝોનના શુભારંભ દરમિયાન શ્રી ૠષિકેશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા માન. મંત્રીશ્રી, શ્રી ગોરધનભાઈ ઝડફિયા - માન. પૂર્વ ગૃહમંત્રીશ્રી, શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલ, શ્રી વાડીભાઈ પટેલ - ઉપપ્રમુખશ્રી, ડો. પ્રભુદાસભાઈ પટેલ, શ્રી પ્રવિણભાઈ પટેલ - કો-ચેરમેનશ્રી, શ્રી વિક્રમભાઈ પટેલ (મુખી), શ્રી જયેશભાઈ પી. પટેલ, શ્રી જયંતિભાઈ પટેલ, યુવા સંગઠન ચેરમેનશ્રી જીતુભાઈ પટેલ તેમજ મહાનુભાવો, ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.





VPL-3 ના સુરત ઝોનના શુભારંભ દરમિયાન શ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી મનુભાઈ પટેલ - ધારાસભ્યશ્રી, શ્રી રૂપેશભાઈ પટેલ - મહામંત્રીશ્રી, શ્રી દિપકભાઈ પટેલ - ઉપપ્રમુખશ્રી - VUF, ટ્રસ્ટી શ્રી દામોદરભાઈ ભાવાણી, શ્રી સુરેશભાઈ પટેલ - સુરત સમાજશ્રેષ્ઠીશ્રીઓ, આગેવાનશ્રીઓ તથા ક્રિકેટ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.





VPL-3 ના વડોદરા ઝોનના શુભારંભ દરમિયાન શ્રી કિરીટભાઈ ડી. પટેલ - ઈપોક્ષી હાઉસ ગ્રુપ, શ્રી વ્રજરાજકુમારજી શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવઆચાર્ય પૂ.પા.ગો. ૧૦૮, શ્રીમતી પિન્કીબેન સોની - મેયર, શ્રી મનસુખભાઈ પટેલ - RSS વડોદરા વિભાગ કાર્યવાહ, શ્રીમતી તેજલબેન પટેલ - નાયબ પોલિસ કમિશ્નર, વડોદરા, શ્રી વી. પી. પટેલ - ઉપપ્રમુખશ્રી - VUF, શ્રી અરવિંદભાઈ પટેલ - ચેરમેનશ્રી એન.આર.આઈ. કમિટી, ટ્રસ્ટીશ્રીઓ તેમજ સંગઠનના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.





VPL-3 ના હિંમતનગર ઝોનના શુભારંભ દરમિયાન શ્રી બી. ડી. ઝાલા -માન. ધારાસભ્યશ્રી, હિંમતનગર, શ્રી રસિકભાઈ પટેલ, શ્રી સંજયભાઈ ટી. પટેલ, શ્રી જયંતિભાઈ પોકાર, ડૉ. રૂપલબેન પટેલ, શ્રી અશોકભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી, સંગઠનના સહમંત્રીશ્રી સુરેશભાઈ પટેલ તથા તમામ સંગઠનના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## VUF સોશિયલ મીડિયા સાથે જોડાઓ

સંસ્થાની વિવિધ પ્રવુતિઓથી માહિતગાર થવા, સંસ્થાનો વ્યાપ વધારવામાં તેમજ સહભાગી થવા સંસ્થાના **સોશિયલ મીડિયાના પેજને** ફોલો કરો.

આવો સૌ સાથે મળી વધુમાં વધુ સભ્યોને સંસ્થા સાથે કનેક્ટ કરવામાં પહેલ કરીએ.

**સોશિયલ મીડિયાના પેજ માટે QR કોડ સ્કેન કરો**

**સંસ્થાની મોબાઈલ એપ ડાઉનલોડ કરવા QR કોડ સ્કેન કરો**



ડો. રૂપલબેન પટેલ
સમાચાર સંપાદિકા

## વિશ્વ ઉમિયાધામ ખાતે સમસ્ત કોળી સમાજની બેઠક



વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે ગુજરાત સમસ્ત કોળી સમાજની મીટિંગ માન. મંત્રીશ્રી કુંવરજી બાવળીયા તેમજ સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ કોળી સમાજના સમાજશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ ઉપસ્થિત રહ્યા હતાં.

## ઉમાછત્ર યોજના અંતર્ગત રૂા. ૧૦ લાખની સહાય

VUF ઉમાછત્ર યોજના સહાય અંતર્ગત સ્વ. મુકેશભાઈ નાથાલાલ પટેલ ઉમાછત્ર સભ્ય બનેલ, તેમનું રોડ અકસ્માતમાં આકસ્મિક નિધન થવાથી ઉછમાત્રના નિયમ મુજબ મળવાપત્ર થતી રૂા. ૧૦ લાખની સહાયનો ચેક તેમના ધર્મપત્ની ગં.સ્વ. દિપીકાબેન પટેલને સંસ્થાની ઉમાછત્ર કમિટીના હોદ્દેદારશ્રીઓ દ્વારા અર્પણ કરવામાં આવેલ.



## કચ્છ કડવા પાટીદાર - રાયપુર દ્વારા આયોજીત સ્વર્ણિમ મહોત્સવ






શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - રાયપુર દ્વારા સ્વર્મણિ મહોત્સવનું આયોજના કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, શ્રી જયંતિભાઈ પોકાર, શ્રી જયંતિભાઈ લાકડાવાળા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. મહોત્સવ દરમિયાન સમાજના આર્થિક અને પારિવારિક સત્રમાં ઉર્જાવંત યુવાનો અને વૃદ્ધો સાથે મળીને અનેક નવીન પ્રકલ્પો વિશે જાણવા મળ્યું. ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રીએ સંસ્થાના વીઝન - મીશનથી સૌને માહિતગાર કર્યા હતા.

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭0 દેશોના લોકોને સારવાર આપનારા**

HEALTH CARE SURVEY BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under “R.N.I. No. GUJGUJ/2023/84401” Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025

Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721


# COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

# NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK

KIDS FRIENDLY HOMES

COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ
(વિસલપુર)

+91 98254 42197